દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
203 વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 290 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ સુદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 December 2024, Friday ■ REGD.No. MCS/058/2018-20
.N.I. No. GUJ GUJ /2013/58486 ★
શુક્રવાર, ૬ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મહારાષ્ટ્રમાં ફરી એકવાર, ફડણવીસ સરકાર

## ત્રીજી વાર મુખ્ય પ્રધાન બનેલા દેવેન્દ્ર, પહેલીવાર નાયબ મુખ્ય પ્રધાન બનેલા એકનાથ શિંદે અને છઠ્ઠી વખત નાયબ મુખ્ય પ્રધાન બનેલા અજિત પવારે માતાનું નામ લઈને શપથ લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાજપના વિધિમંડળ પક્ષના નેતા દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રના નવા મુખ્ય પ્રધાન તરીકેના શપથ લીધા હતા. મહારાષ્ટ્રના ઇતિહાસમાં પહેલી વખત મુખ્ય પ્રધાન અને બંને નાયબ મુખ્ય પ્રધાને પોતાના નામની સાથે માતાનું નામ જોડીને શપથ ગ્રહણ કર્યા હોવાનો અનોખો અનુભવ જોવા મળ્યો હતો.

દેવેન્દ્ર ફડણવીસે માતા સરિતાનું નામ પિતા ગંગાધરના નામ પહેલાં બોલીને બધાને ચોંકાવી દીધા હતા. આ સાથે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન તરીકે દેવેન્દ્ર ફડણવીસે ત્રીજી વખત શપથ ગ્રહણ કર્યા હતા.

એનસીપીના નેતા અજિત પવારે છઠ્ઠી વખત નાયબ મુખ્ય પ્રધાનપદના શપથ ગ્રહણ કર્યા હતા, જ્યારે એકનાથ શિંદેએ પહેલી વખત રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. આ પહેલાં શિંદે રાજ્યના મુખ્ય પ્રધાન હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી, ભાજપના અધ્યક્ષ જે. પી. નડ્ડા, કેન્દ્રીય પ્રધાનો નિર્મલા સીતારમણ, શિવરાજ સિંહ ચૌહાણ, જ્યોતિરાદિત્ય સિંધિયા અને રામદાસ આઠવલે, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, આસામના મુખ્ય પ્રધાન હેમંતા બિસ્વા સરમા, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, બિહારના મુખ્ય પ્રધાન નિતેશ કુમાર, અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખંડુ, ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર ધામી, હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈની અને ગોવાના મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંત સહિત ભાજપ શાસિત રાજ્યોના મુખ્ય પ્રધાનો અને નાયબ મુખ્ય પ્રધાનો આ કાર્યક્રમ માટે મુંબઈ આવ્યા હતા. રાજ્યની બિઝનેસ અને એન્ટરટેનમેન્ટ ઈન્ડસ્ટ્રીના લોકો તેમ જ હજારો સમર્થકોની હાજરીમાં આ શપથ ગ્રહણ સમારંભ દક્ષિણ મુંબઈના આઝાદ મેદાન ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણને ત્રણેયને શપથ લેવડાવ્યા હતા.

રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન અને ભાજપના સિનિયર નેતા સુધીર મુનગંટીવારે એવી માહિતી આપી હતી કે કૅબિનેટના બાકીના સભ્યોના શપથવિધિ વિધાનસભાના શિયાળુ સત્રના પહેલા દિવસે કરવામાં આવશે.

એકનાથ શિંદેએ શપથ ગ્રહણ પહેલાં હિંદુહૃદયસમ્રાટ બાળ ઠાકરે અને ધર્મવીર આનંદ દિઘેને યાદ કર્યા હતા. ■

## બિહારમાં પથ્થરમારામાં ત્રણ પોલીસને ઈજા

સુપૌલ (બિહાર) : બિહારના સુપૌલ જિલ્લામાં ટોળાએ પથ્થરમારો કરતાં ત્રણ પોલીસને ઈજા થઈ હતી, એમ અધિકારીએ કહ્યું હતું.

ત્રણેય પોલીસને સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમની સ્થિતિ ભયમુક્ત છે. ત્રિવેણીગંજ સબ-ડિવિઝનલ પોલીસ ઑફિસર વિપિન કુમારે માહિતી આપી હતી કે જિલ્લા પરિષદના સભ્ય સાથે લોકોનું ટોળું ત્રિવેણીગંજ પોલીસ સ્ટેશને અધિકારીઓને મળવા ગુરુવારે સવારે ૧૧ વાગ્યે આવ્યું હતું ત્યારે આ બનાવ બન્યો હતો. પોલીસ સ્ટેશનમાં અધિકારીઓને મળ્યા બાદ તેઓ સ્ટેશનની બહાર જઈને પથ્થર ફેંકવા માંડ્યા હતા. બીજા સ્થાનિક લોકો તેમની સાથે જોડાયા હતા. આ બનાવમાં ત્રણ પોલીસને ઈજા થઈ હતી.

જોકે સ્થાનિક લોકો શા માટે પોલીસને મળવા આવ્યા હતા એનું કારણ અધિકારીએ જણાવ્યું નહોતું.

અધિકારીએ કહ્યું હતું કે ઘટનાસ્થળે વધારે પોલીસ કુમક મોકલવામાં આવી હતી. કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસે બે મહિલા સહિત ત્રણ ઈસમની ધરપકડ કરી છે. (એજન્સી)■

## બરોડાની ટીમે ફટકાર્યા ૩૪૯ રન, ટી-૨૦ ક્રિકેટમાં નવો વિશ્વવિક્રમ

### ૨૬૩ રનનું વિજયી-માર્જિન અને ૩૭ સિક્સર પણ નવા વર્લ્ડ રેકૉર્ડ

ઇન્દોર: સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ટી-૨૦ ટૂર્નામેન્ટમાં ગુરુવારે ટી-૨૦ ક્રિકેટના નવા ટીમ-સ્કોરનો વિશ્વવિક્રમ રચાયો હતો અને એ સિદ્ધિ બરોડાની ટીમે મેળવી હતી. સિક્કિમ સામેની મૅચમાં બરોડાએ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૩૪૯ રન બનાવ્યા હતા અને ટી-૨૦ ફૉર્મેટમાં એક જ મૅચમાં કોઈ ટીમે બનાવેલા રનમાં આ નવો કીર્તિમાન છે.

બરોડાએ ઝિમ્બાબ્વેનો ગામ્બિયા સામેનો બે મહિના જૂનો વિશ્વવિક્રમ (૩૪૪/૪) તોડી નાખ્યો હતો. એક ટી-૨૦ મૅચમાં સૌથી વધુ ૩૭ સિક્સરનો વિશ્વવિક્રમ પણ બરોડાએ નોંધાવ્યો છે.

બરોડાને ૩૪૯/૫નો રેકૉર્ડ-બ્રેક સ્કોર અપાવવામાં અણનમ સેન્ચુરી ફટકારનાર ભાનુ પનિયા (૧૩૪ અણનમ, ૫૧ બૉલ, પંદર સિક્સર, પાંચ ફોર)નું તેમ જ હાફ સેન્ચુરી ફટકારનાર ત્રણ બૅટરનું સૌથી મોટું યોગદાન હતું.

ઓપનર અભિમન્યુસિંહ રાજપૂત (૫૩ રન, ૧૭ બૉલ, પાંચ સિક્સર, ચાર ફોર), શિવાલિક શર્મા (પંચાવન રન, ૧૭ બૉલ, છ સિક્સર, ત્રણ ફોર) અને વિકેટકીપર વિષ્ણુ સોલંકી (૫૦ રન, ૧૬ બૉલ, છ સિક્સર, બે ફોર)એ મૅચ-વિનિંગ હાફ સેન્ચુરી ફટકારી હતી, જ્યારે ઓપનર શાશ્વત રાવત (૪૩ રન, ૧૬ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર)નું પણ વિક્રમજનક સ્કોરમાં યોગદાન હતું. બરોડાની ટીમે કુલ ૩૭ છગ્ગા ફટકાર્યા હતા. તેમણે ઝિમ્બાબ્વેનો ૨૭ સિક્સરનો વિશ્વવિક્રમ પણ તોડી નાખ્યો હતો.

કૃણાલ પંડ્યા બરોડાની ટીમનો કૅપ્ટન છે અને તેનો નાનો ભાઈ હાર્દિક પંડ્યા આ મૅચમાં નહોતો.

સિક્કિમ વતી સાત બોલરે બોલિંગ કરી હતી જેમાં રોશન કુમાર નામના પેસ બોલરે બે વિકેટ લીધી હતી, પરંતુ તેની બોલિંગમાં ૮૧ રન બન્યા હતા. તેનાથી પોતાના જ રાજ્યની ટીમના સુમિત સિંહ (ચાર ઓવરમાં ૬૨ રન)નો વિક્રમ તૂટ્યો છે. બાકીના તમામ છ બોલરની બોલિંગમાં ૩૫થી વધુ રન બન્યા હતા.

સિક્કિમની ટીમ ૨૦ ઓવર સુધી રમી હતી, પરંતુ એણે સાત વિકેટે માત્ર ૮૬ રન બનાવ્યા હતા અને બરોડાનો ૨૬૩ રનના વિક્રમી માર્જિનથી વિજય થયો હતો. મોટા દેશોની ટી-૨૦ મૅચોમાં ૨૬૩ રનના માર્જિનનો આ નવો વિશ્વવિક્રમ છે. બરોડાએ શ્રીલંકાની કેન્યા સામેની ૨૭૧ રનના માર્જિનવાળી જીતનો વર્લ્ડ રેકૉર્ડ તોડ્યો છે.

બરોડા વતી નિનાદ રાઠવા અને મહેશ પિઠિયાએ બે-બે વિકેટ લીધી હતી. એક વિકેટ કૅપ્ટન કૃણાલ પંડ્યાએ લીધી હતી.

ભાનુ પનિયાના અણનમ ૧૩૪ રન ટી-૨૦માં બરોડાનો હાઇએસ્ટ વ્યક્તિગત સ્કોર છે. તેણે દીપક હૂડાનો ૧૦૮ રનનો વિક્રમ તોડ્યો છે. એક જ ટી-૨૦ ઇનિંગ્સમાં સૌથી વધુ સિક્સરનો બરોડાનો વિક્રમ પણ પનિયાએ તોડ્યો છે. હૂડાની નવ સિક્સર હતી, જ્યારે પનિયાએ ગુરુવારે ૧૨ સિક્સર ફટકારી હતી. ■

## બિટકોઈનની કિંમત પ્રથમ વાર પહોંચી એક લાખ ડૉલરને પાર

ન્યૂ યોર્ક: વિશ્વની સૌથી લોકપ્રિય ક્રિપ્ટોકરન્સી બિટકોઈનમાં સતત તેજી યથાવત્ છે. બિટકોઈનની કિંમત એક લાખ અમેરિકન ડૉલરને પાર પહોંચી ગઈ છે. અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ સતત બિટકોઈનમાં તેજી જોવા મળી રહી છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશનના આગામી ચૅરમૅન તરીકે પોલ એટકિન્સને પસંદ કરીને ડોનાલ્ડ ટ્રમ્પે ક્રિપ્ટો કરન્સીના બિઝનેસ માટે હળવા નિયમનકારી અભિગમના સંકેત આપ્યાના થોડા કલાકો પછી બિટકોઈનની કિંમત એક લાખ ડૉલરને પાર પહોંચી ગઈ હતી.

ટ્રમ્પે બુધવારે કહ્યું હતું કે તેઓ પૂર્વ રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યૂ એશના કાર્યકાળ દરમિયાન એસઈસી કમિશનર રહેલા એટકિન્સને નોમિનેટ કરવા માગે છે. એજન્સી છોડ્યા પછી એટકિન્સે બજારના વધુપડતા નિયમન સામે કેસ દાખલ કર્યો છે.

નોંધનીય છે કે પાંચ નવેમ્બરે ટ્રમ્પે રાષ્ટ્રપતિ ચૂંટણી જીતી ત્યારથી બિટકોઈનની કિંમત અભૂતપૂર્વ ઊંચાઈએ પહોંચી ગઈ છે.

ચૂંટણી પરિણામના દિવસે ક્રિપ્ટોકરન્સીની કિંમત ૬૯,૩૭૪ અમેરિકન ડોલરથી વધીને બુધવારે ૧૦૧,૫૧૨ અમેરિકન ડોલર સુધી પહોંચી ગઈ હતી. ક્રિપ્ટો એક્સચેન્જ એફટીએક્સના પતન પછી ૧૭,૦૦૦ ડૉલરની નીચે આવી ગયા હતા. ■

## પોરબંદરના દરિયામાં વહાણ ડૂબ્યું: ભારતીય કોસ્ટગાર્ડે ૧૨નું રેસ્ક્યૂ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદરના દરિયામાં ભારતીય કોસ્ટગાર્ડે દિલધડક રેસ્ક્યૂ કર્યું હતું. સલાયાના જહાજની ખરાબ હવામાનને લીધે મધદરિયે જળસમાધિ થઈ હતી. મુંબઈના મેરીટાઈમ રેસ્કયુ કોઓર્ડિનેશન સેન્ટરની ટીમ દ્વારા સલાયાના જહાજ પર સવાર ૧૨ ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા હતાં. પોરબંદરના સલાયાના અલ પિરાને પીર' નામનું જહાજ ૨ દિવસ પહેલા પોરબંદરથી જનરલ કાર્ગો ભરી ઈરાનના અબ્બાસ પોર્ટ પર જવા નિકળ્યું હતું. વહેલી સવારે ૮ વાગ્યા આસપાસ મધદરિયે ખરાબ હવામાનને લીધે જહાજ ડૂબવા લાગ્યું હતું. મુંબઈના મેરીટાઈમ રેસ્કયુ કોઓર્ડિનેશન સેન્ટરને જાણ કરાતા રેસ્કયુ ટીમ દ્વારા રેસ્કયુ કરવામાં આવ્યું હતું. જેમાં મધદરિયે ડૂબી રહેલ જહાજના તમામ ૧૨ ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા હતાં. બચાવેલ ખલાસીઓને આજે પોરબંદર લાવવામાં આવશે. પાકિસ્તાની એજન્સીઓ દ્વારા અન્ય એજન્સીઓ સાથે મળીને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. સલાયાના રહેવાસી સુલતાન ઇસ્માઇલ સુંભણીયાની માલિકીનું 'અલ પિરાને પીર' નામનું જહાજ બે દિવસ પહેલા પોરબંદરથી જનરલ કાર્ગો ભરી અને ઇરાનનાં બંદર અબાસ પોર્ટે જવા નીકળ્યું હતું. જે જહાજ પર ૧૨ લોકો સવાર હતા. જહાજ નીકળ્યા બાદ ગુરુવારે સવારે ૮ વાગ્યા આસપાસ ખરાબ હવામાનને લીધે જહાજ મધદરિયે ફસાયું હતું. ત્યારે ખલાસીઓ દ્વારા ઈન્ડિયન સેલિંગ વેસલ્સ એસોશિયેશને આ ઘટના અંગે જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ આ ખલાસીઓની મદદ માટે નૌકાદળ આવી પહોંચ્યું હતું. આ તમામ ખલાસીઓને આજે પોરબંદર લાવવામાં આવશે. આ જહાજ ડૂબવાના લીધે જહાજ માલિકને ખૂબ મોટું આર્થિક નુકસાન જવા પામ્યું છે. ■

## ઝારખંડમાં ૧૧ ધારાસભ્યોએ મંત્રીપદના લીધા શપથ

### હેમંત સોરેન સરકારમાં સામેલ છ નવા ચહેરા




**શપથવિધિ:** જેએમએમનાં નેતા કલ્પના સોરેન અને ઝારખંડ વિધાનસભાના નવા પ્રધાનોએ પદના શપથ લીધાં પછી ઝારખંડના રાજ્યપાલ સંતોષ ગંગવાર અને મુખ્ય પ્રધાન હેમંત સોરેન સાથે સમૂહ તસવીર પડાવી હતી. (એજન્સી)

રાંચી : ઝારખંડમાં હેમંત સોરનના નેતૃત્વ હેઠળની સરકારમાં ગુરુવારે ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)ના છ ધારાસભ્યો સહિત ૧૧ ધારાસભ્યોએ મંત્રી પદના શપથ લીધા હતા. રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવારે અહીં રાજભવનના અશોક ઉદ્યાનમાં મંત્રીઓને શપથ લેવડાવ્યા હતા.

જેએમએમના છ ધારાસભ્યોએ મંત્રી તરીકે શપથ લીધા છે તેમાં સુદિવ્ય કુમાર, દીપક બિરુઆ, રામદાસ સોરેન, ચમરા લિન્ડા, યોગેન્દ્ર પ્રસાદ અને હાફિઝુલ હસન છે. કોંગ્રેસ ધારાસભ્ય દીપિકા પાંડે સિંહ, શિલ્પી નેહા તિર્કી, ઈરફાન અંસારી અને રાધાકૃષ્ણ કિશોરે મંત્રી તરીકે શપથ લીધા હતા જ્યારે રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના સંજય પ્રસાદ યાદવે પણ મંત્રી પદના શપથ લીધા હતા.

શપથ ગ્રહણ સમારોહની શરૂઆત સ્ટીફન મરાંડી દ્વારા વિધાનસભાના 'પ્રોટેમ સ્પીકર' તરીકે શપથ લીધા હતા. જેએમએમના નેતા હેમંત સોરેને ૨૮ નવેમ્બરે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

નવા બનેલા મંત્રીમંડળમાં છ નવા અને પાંચ જૂના ચહેરા છે. નવા મંત્રીઓમાં રાધાકૃષ્ણ કિશોર, સુદિવ્ય સોનુ, ચમરા લિન્ડા, યોગેન્દ્ર પ્રસાદ, શિલ્પી નેહા તિર્કી અને સંજય યાદવનો સમાવેશ થાય છે.

ગયા મહિને જેએમએમના નેતૃત્વ હેઠળના ગઠબંધને સતત બીજી વખત ઝારખંડમાં સત્તા મેળવી હતી અને ૮૧ સભ્યોની વિધાનસભામાં ૫૬ બેઠક મેળવી હતી, જ્યારે ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના એનડીએને ૨૪ બેઠક મળી હતી. ■

## દિલ્હી હાઈ કોર્ટના ચીફ જસ્ટિસ મનમોહન બન્યા સુપ્રીમ કોર્ટના જજ, ચીફ જસ્ટિસે લેવડાવ્યા શપથ



**સર્વોચ્ચ અદાલતમાં સામેલ:** ન્યાયમૂર્તિ મનમોહનનો સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ તરીકે સમાવેશ કરવામાં આવ્યો ત્યારે નવી દિલ્હીમાં સીજેઆઈ સંજીવ ખન્નાએ તેમને શપથ લેવડાવ્યા હતા. (એજન્સી)

નવી દિલ્હી: ભારતના ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાએ ગુરુવારે દિલ્હી હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ મનમોહનને સુપ્રીમ કોર્ટના જજ તરીકે શપથ લેવડાવ્યા હતા. સુપ્રીમ કોર્ટમાં આયોજિત શપથ ગ્રહણ સમારોહ દરમિયાન જસ્ટિસ મનમોહનને પદના શપથ લેવડાવ્યા હતા. જસ્ટિસ મનમોહનના શપથ ગ્રહણ સાથે જ સુપ્રીમ કોર્ટમાં જજોની સંખ્યા વધીને ૩૩ થઈ ગઈ છે, જેમાં ચીફ જસ્ટિસનો પણ સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની મંજૂર સંખ્યા ૩૪ છે. સુપ્રીમ કોર્ટના 'કોલેજિયમ' એ ૨૮ નવેમ્બરે જસ્ટિસ મનમોહનને સુપ્રીમ કોર્ટમાં બઢતી આપવાની ભલામણ કરી હતી. તેમના નામની ભલામણ કરતી વખતે સુપ્રીમ કોર્ટના કોલેજિયમે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, ''તેમના નામની ભલામણ કરતી વખતે કોલેજિયમે એ હકીકતને ધ્યાનમાં લીધી છે કે હાલમાં સુપ્રીમ કોર્ટની બેન્ચમાં દિલ્હી હાઈ કોર્ટના માત્ર એક જજનું પ્રતિનિધિત્વ છે.''

જસ્ટિસ મનમોહનને ૧૩ માર્ચ, ૨૦૦૮ના રોજ દિલ્હી હાઈ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૪થી તેઓ મુખ્ય ન્યાયાધીશ તરીકે સેવા આપી રહ્યા હતા.

તેમને ૯ નવેમ્બર, ૨૦૨૩ના રોજ દિલ્હી હાઈ કોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે કેમ્પસ લો સેન્ટર, દિલ્હી યુનિવર્સિટીમાંથી કાયદાની ડિગ્રી મેળવ્યા બાદ ૧૯૮૭માં વકીલ બન્યા હતા. જસ્ટિસ મનમોહન બ્યુરોક્રેટમાંથી રાજકારણી બનેલા સ્વર્ગસ્થ જગમોહનના પુત્ર છે. જગમોહને તત્કાલિન જમ્મુ અને કાશ્મીર રાજ્યના રાજ્યપાલ અને દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે પણ સેવા આપી હતી. સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની નિવૃત્તિ વય ૬૫ વર્ષ છે, જ્યારે હાઈકોર્ટના ન્યાયાધીશો ૬૨ વર્ષની વયે નિવૃત્ત થાય છે. ■

## ઈસરોના પીએસએલવીએ યુરોપિયન સ્પેસ એજન્સીના બે ઉપગ્રહને ભ્રમણકક્ષામાં મૂકયા

શ્રીહરિકોટા: ઈસરોએ ગુરુવારે પ્રિસિઝન-ફ્લાઈંગ સાથે સંકળાયેલી પ્રથમ પ્રકારની પહેલમાં, પીએસએલવી-સીપ૫૯ રોકેટ પર પ્રોબા-૩ મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું, જે યુરોપિયન સ્પેસ એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલ સૌર પ્રયોગ છે. ઈસરોએ બે ઉપગ્રહને લિફ્ટ-ઓફ કર્યા પછી લગભગ ૧૮ મિનિટની આસપાસ 'જમણી ભ્રમણકક્ષા'માં મૂક્યા હતા, એમ ચેરમેન એસ સોમનાથે જણાવ્યું હતું.

પ્રોબા-૩ (ઓનબોર્ડ ઓટોનોમી માટેનો પ્રોજેક્ટ) મિશનમાં એક જોડિયા ઉપગ્રહનો સમાવેશ થાય છે જેમાં બે અવકાશયાન (ઉપગ્રહોની અંદર મૂકવામાં આવેલા) એક સાથે ઉડાન ભરશે, એ સૂર્યના બાહ્ય વાતાવરણનો અભ્યાસ કરવા માટે એક મિલીમીટર સુધી ચોક્કસ રચના જાળવી રાખશે.

ઈસરોની વ્યાપારી શાખા ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડે લોન્ચ માટે ઇએસએ પાસેથી આ ઓર્ડર મેળવ્યો હતો, જે એક ટેક્નોલોજી પ્રદર્શન મિશન હતું. મિશનનો ઉદ્દેશ્ય ચોક્કસ રચનાનું ઉડ્ડયન દર્શાવવાનો છે અને ઉપગ્રહોની અંદરના બે અવકાશયાન - કોરોનાગ્રાફ (૩૧૦ કિગ્રા) અને ઓક્યુલ્ટર (૨૪૦ કિગ્રા) ઇચ્છિત ભ્રમણકક્ષાના સ્તરે પહોંચ્યા પછી સ્ટેક્ડ કન્ફિગરેશનમાં એકસાથે લોન્ચ કરવામાં આવશે.

સંશોધિત કાઉન્ટડાઉનના અંતે, ૪૪.૫ મીટર ઊંચું પીએસએલવી-સીપ૫૯ રોકેટ તેની ૬૧મી ફ્લાઇટ પર અને ૨૬મીએ પીએસએલવી-એક્સએલ વેરિઅન્ટ સાથે અહીંના આ સ્પેસપોર્ટ પરથી ઉપસર્ગ ૪.૦૪ વાગ્યે ઊડ્યું હતું.

૧૮-મિનિટની મુસાફરીમાં આકાશમાં ઉડાન ભર્યા પછી, રોકેટે સફળતાપૂર્વક બે ઉપગ્રહોને ઇચ્છિત ભ્રમણકક્ષામાં અલગ કર્યા જે પાછળથી બેલ્જિયમના વૈજ્ઞાનિકો દ્વારા ઇચ્છિત ભ્રમણકક્ષામાં સ્થિત કરવામાં આવશે. ■

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગાયોની કતલ પર પ્રતિબંધ મુકાય તો ગૌમાંસ બંધ થઈ જાય

**આસામની** હિમંતય બિસ્વા સરમાની ભાજપ સરકારે બીફ એટલે કે ગૌમાંસ પર પ્રતિબંધ મૂકીને એક નવી ચર્ચા જગાવી છે. હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આપેલી માહિતી પ્રમાણે, કેબિનેટની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે હવે પછી આસામની રાજ્યની હોટલ, રેસ્ટોરન્ટ અને જાહેર સ્થળોએ ગૌમાંસ પિરસવામાં આવશે નહીં. ચોક્કસ સમુદાયના ધાર્મિક કાર્યક્રમોમાં ગૌમાંસ પિરસવાની પ્રથા છે. તેના પર પણ પ્રતિબંધ મૂકી દેવાયો છે.

આસામમાં ગૌમાંસનું સેવન ગેરકાયદેસર નથી પણ આસામ કેટલ પ્રિઝર્વેશન એક્ટ ૨૦૨૧ હેઠળ હિંદુઓ, જૈનો અને શીખોની બહુમતી છે અને કોઈપણ મંદિર અથવા વૈષ્ણવ મઠ છે તેની પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં ગૌહત્યા અને ગૌમાંસના વેચાણ પર પ્રતિબંધ છે. આસામ કેટલ પ્રિઝર્વેશન એક્ટનો કાયદો શરૂઆતમાં બીફની વ્યાખ્યામાં આવતાં તમામ પશુઓ એટલે કે ગાય, બળદ, ભેંસને લાગુ પાડવાનો હતો પણ એવું કરવા જાય તો કતલખાનાં બંધ થઈ જાય એટલે કાયદો બનતા પહેલા ભેંસોને બીફની વ્યાખ્યામાંથી હટાવી દેવામાં આવી હતી. એ પછી કરાયેલા સુધારા પ્રમાણે આ કાયદો કોઈપણ સંજોગોમાં ગાયની કતલ પર પ્રતિબંધ મૂકે છે, ત્યારે અન્ય પશુઓની કતલ માટે યોગ્ય પ્રમાણપત્રને આધીન કતલ થઈ શકે છે.

સરમા સરકારે આ જ કાયદાનો વ્યાપ વધારીને હવે રાજ્યમાં રેસ્ટોરન્ટ્સ અને કોઈ પણ સમુદાયના મેળાવડા સહિતના જાહેર કાર્યક્રમોમાં પણ ગૌમાંસના જાહેર વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધની જાહેરાત કરી છે. આ અંગેની જોગવાઈઓ હાલના આસામ કેટલ પ્રિઝર્વેશન એક્ટ, ૨૦૨૧માં ઉમેરવામાં આવશે.

સરમાનો દાવો છે કે, કૉંગ્રેસના કેટલાક નેતાઓએ આક્ષેપ મૂકેલો કે, ભાજપે પેટાચૂંટણીમાં મુસ્લિમ બહુમતીવાળી સમગુડી બેઠક ગૌમાંસ વહેંચીને જીતી હતી. સમગુડી બેઠકનું ૨૩ નવેમ્બરે પરિણામ જાહેર થયું પછી કૉંગ્રેસના સાંસદ રકીબુલ હુસૈને કહેલું કે, કૉંગ્રેસની હાર માટે ભાજપે ગૌમાંસ વહેંચવાની નીતિ અપનાવી એ મુખ્ય કારણ છે.

આ વર્ષે હુસૈન ધુબરી લોકસભા બેઠક પરથી ૧૦.૧૨ લાખથી વધુ મતોના રેકોર્ડ માર્જિનથી જીતીને સાંસદ બન્યા છે. આ પહેલાં હુસૈન સતત પાંચ વખત સમગુડી બેઠક પર જીતીને ધારાસભ્ય રહ્યા હતા પણ સમગુડીમાં ભાજપના દિપ્લુ રંજન સરમાહે કૉંગ્રેસના ઉમેદવાર અને રકીબુલના દીકરા તંઝીલ હુસૈનને ૨૪,૫૦૧ મતે હરાવી દીધો. રકીબુલ હુસૈને વરસોથી જેને પોતાનો ગઢ બનાવ્યો છે એ કિલ્લો ખરી પડ્યો તેથી સમગુડી બેઠકની હાર તેમના માટે અંગત રીતે કારમી પછડાટ જેવી હતી. એ પછી કૉંગ્રેસના કેટલાક નેતાઓએ રાજ્યમાં ગૌમાંસ પર પ્રતિબંધની માગ પણ કરી હતી. તેના પગલે સરમા સરકારે આ પ્રતિબંધ મૂક્યો છે.

સરમા સરકારનો નિર્ણય સારો છે. ગાય હિંદુઓ માટે શ્રધ્ધાનો વિષય છે તેથી ગૌહત્યાના કારણે હિંદુઓ દુઃખી થાય છે. હિંદુઓને દુઃખી કરવા માટે જ કેટલાક સમુદાયના લોકો ગૌવંશની હત્યા કરે છે અને ગૌમાંસ ખાય પણ છે. તેના કારણે કોમી તણાવ પણ પેદા થાય છે. સરમા સરકારે હિંદુઓની લાગણીને સમજીને ગૌમાંસના ઉપયોગ પર પ્રતિબંધ મૂકીને સારું કર્યું પણ મહત્ત્વની બાબત તેનો અમલ છે.

દેશનાં ઘણાં રાજ્યોમાં ગૌવંશની હત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ હોવા છતાં ગાયોની કત્લેઆમ થાય જ છે. સરમા સરકાર હોય કે બીજી કોઈ પણ સરકાર હોય, તેમણે આ કત્લેઆમ બંધ કરાવવાને પ્રાધાન્ય આપવું જોઈએ. ગાયોની હત્યા બંધ થશે તો આપોઆપ ગૌમાંસ વેચાવાનું ને ખાવાનું પણ બંધ થઈ જશે. ગાય જ કપાશે નહીં તો ગૌમાંસ મળશે ક્યાંથી કે ખાઈ શકાય ? આસામ કેટલ પ્રિઝર્વેશન એક્ટ, ૨૦૨૧માં ગૌવંશની હત્યા પર પ્રતિબંધ છે પણ સંપૂર્ણ આસામમાં પ્રતિબંધ નથી. સરમા સરકારે કરવું જ હોય તો ગૌવંશની હત્યા પર સંપૂર્ણ પ્રતિબંધનો કાયદો બનાવવો જોઈએ. એ રસ્તો વધારે અસરકારક સાબિત થશે.

જો કે તેનાથી વધારે જરૂર તો ગાયનું ગૌરવ સ્થાપિત કરવાની છે. હિંદુઓ ગાયને પવિત્ર માને છે, ગાયને માતા માનીને પૂજે છે એવી વાતો આપણ સાંભળીએ છીએ પણ આચરણમાં એવું ક્યાંય જોવા મળતું નથી. આપણે ગાયને માતા માનવાના અને હિન્દુઓ માટે પવિત્ર ગણાતી હોવાના દાવા કરીએ છીએ પણ તેની કાળજી લેતા નથી. ગાય જેટલી અવદશા બીજા કોઈ પ્રાણીની નથી થતી. રસ્તે રઝળતાં કૂતરાં પણ કદાચ ગાય કરતાં વધારે સારી સ્થિતિમાં હોય છે. ભારતમાં રસ્તા પર ગાય જેટલું બીજું કોઈ પ્રાણી રઝળતું નહીં દેખાય. આ ગાયો પ્લાસ્ટિક ને બીજો ગંદો કચરો ખાઈને પેટ ભરે છે ને પછી તેના કારણે આફરો ચડી જાય કે શ્વાસ લેવામાં તકલીફ પડે ત્યારે તરફડીને મરતી હોય છે.

ગાયને માતા માનનારા કે બીજા કોઈ આ ગાયોની કદી કાળજી લેતા નથી. ભારતમાં હજારો ધાર્મિક સંસ્થાઓ છે અને મંદિરો છે. તેમની કમાણી કરોડોમાં છે પણ આ ગાયો પાછળ થોડોક ખર્ચ કરીને તેમને સાચવવાની તેમની તૈયારી નથી હોતી. કેટલીક સેવાભાવી સંસ્થાઓ કે વ્યક્તિઓ પોતાની રીતે ગાયોની સેવા કરે છે પણ મંદિરો કે ધાર્મિક સંસ્થાઓ ચૂપ રહે છે. ગાયની આ અવદશા સામે કોઈ કશું બોલતું નથી કે કશું કરતું નથી. ભાષણબાજી કરવાની હોય ત્યારે તેમને ગાય માતા છે એ વાત યાદ આવે છે પણ એ સિવાય એ વાત બધાં ભૂલી જાય છે.

હિંદુઓમાં જે વર્ગ ગાયને આર્થિક ફાયદા માટે પાળે છે એ લોકો તો વળી સાવ નગુણા છે. મોટા ભાગના ગાય પાળનારાં માટે ગાય કમાણીનું સાધન છે. ગાયો દૂધ આપે ત્યાં લગી તેમને સાચવે ને ગાયના દૂધની કમાણી પર તાગડધિન્ના કરે પણ જેવી ગાય દૂધ આપતી બંધ થઈ કે તેમના માટે નકામી થઈ ગઈ. ગાય વસૂકી જાય એટલે પછી તેને રસ્તે રઝળતી છોડી દે. દેશનાં મોટા ભાગનાં શહેરોમાં આ રીતે તરછોડી દેવાયેલી ગાયો રસ્તા પર બેઠી હોય છે ને તેમની કોઈ કાળજી સુધ્ધાં નથી લેતું. આ પૈકીની મોટા ભાગની ગાયો કતલખાને જાય છે ને પછી તેમનું ગૌમાંસ લોકોને અપાય છે. આ ગાયોની કાળજી લેવાય તો ગૌમાંસનો મોટો સ્રોત બંધ થાય.

ગાયોની સેવા કરવી અઘરી નથી પણ હિંદુઓમાં ધર્મ ધંધો બની ગયો છે તેથી એ થતું નથી. મંદિરોના કારભારીઓ પ્રજા શ્રદ્ધાથી જે દાન-પુણ્ય કરે તેના પર તાગડધિન્ના કરે છે પણ હિંદુત્વ માટે કંઈ કરતા નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર હેમંતઋતુ, શુક્રવાર, તા. ૬-૧૨-૨૦૨૪, નાગપંચમી, ડૉ. આંબેડકર પુણ્યતિથિ,

- ભારતીય દિનાંક ૧૫, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ સુદ - ૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૫મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર શ્રવણ સાંજે ક. ૧૭-૧૭ સુધી, પછી ઘનિષ્ઠા.
- ચંદ્ર મકરમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૬ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ.૦૦ અમદાવાદ ક. ૦૭ મિ. ૦૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૪-૫૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૪ (તા. ૭)
- ઓટઃ સવારે ક. ૦૯-૧૦,રાત્રે ક. ૨૦-૪૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - પંચમી. નાગપંચમી, ડૉ. આંબેડકર પુણ્યતિથિ, પંચક ક. ૨૯-૦૬ સુધી.શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ લગ્ન,નાગ દેવતાનું પૂજન,હરી પૂજન,વિષ્ણુ-લક્ષ્મી પૂજન,ચંદ્ર દેવતાનું પૂજન,સર્વશાંતિ પુજા,શાંતિ પૌષ્ટિક પૂજા,પરદેશગમનનું પસ્તાનું,વાહન, સવારી,દુકાન,વેપાર,માલ લવો,હજામત, વિદ્યારંભ,પ્રયાણ શુભ, રાજ્યાભિષેક,શિવ મંદિરમાં અભિષેક પૂજા, શિવલીંગ પર ધારણ કરેલ નાગદેવતાનું પૂજન, શિવજીએ આભૂષણરુપે ધારણ કરેલ નાગદેવતાનું પૂજન કરવું. આધ્યાત્મિક શક્તિ,ધન,સંપત્તિનું વરદાન પ્રાપ્ત થાય છે. શ્રી વિષ્ણુ - લક્ષ્મી, વિઠ્ઠલ -રુકિમણી મંદિર, લક્ષ્મીનારાયણ મંદિરમાં વિશેષ રૂપે પાટ અભિષેક પૂજા,ધજા કળશ પતાકા ચઢાવવી,નવાં વસ્ત્રો,આભૂષણ, નામકરણ દેવદર્શન,અન્નપ્રાશન,વૃક્ષ વાવવાં,બગીચો બનાવવો,ધાન્ય ભરવું,તીર્થમાં સ્નાન, તર્પણ.
- આચમનઃ સૂર્ય-બુધ યુતિ મહેનતુ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ સહાનુભૂતિવાળા, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ ઓચિંતા ફેરફારો લાવે.ખગોળ જ્યોતિષઃ સૂર્ય-બુધ યુતિ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ (તા. ૭)
- ગોચરગ્રહોઃ સૂર્ય-વૃશ્ચિક, વક્રી મંગળ-કર્ક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# કોન્ગોમાં ફ્લૂ જેવા ભેદી રોગથી ડઝનેકના મૃત્યુ થતાં એલર્ટ

કિન્શાસા : ફ્લુ જેવા ભેદી રોગથી ડઝનેક લોકો મરણ પામતા સરકાર એલર્ટ મોડ પર છે, એવી માહિતી કોન્ગોના આરોગ્યપ્રધાને આપી હતી. મરણ પામનારાઓમાં અડધા બાળકો છે.

આરોગ્યપ્રધાન રોજર કામ્બાએ કહ્યું હતું કે સત્તાવાળાઓએ અત્યાર સુધી આ રોગને લીધે ૭૧ જણનાં મોતને સમર્થન આપ્યું છે. આમાં ૨૭ જણ હૉસ્પિટલમાં મરણ પામ્યા છે અને દક્ષિણના ક્વાન્ગો પ્રાંતની કમ્યુનિટીમાં ૪૪ જણ મરણ પામ્યા હતા.

વધુ વિગતો આપ્યા વિના કામ્બાએ કહ્યું હતું કે કોન્ગોની સરકાર આ રોગ અંગે સાબદી છે.

કામ્બાએ માહિતી આપી હતી કે દસ જણના મરણ લોહીના ટ્રાન્સફ્યુઝનના અભાવને લીધે થયા હતા, જ્યારે ૧૭ જણનું શ્વાસની તકલીફને લીધે મરણ થયું હતું.

સત્તાવાળાઓએ કહ્યું હતું કે આ રહસ્યમય રોગના લક્ષણો તાવ, માથાનો દુખાવો, કફ અને એનેમિયા છે. આરોગ્ય પ્રધાને કહ્યું હતું કે રોગચાળાના શાસ્ત્ર એપિડીમિઓલોજી)ના નિષ્ણાતો લોહીના નમૂના લઈને રોગની તપાસ કરી રહ્યા છે.

કોન્ગોમાં આ અગાઉ જ એમપોક્સ મહામારીનું તાંડવ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને માહિતી આપી હતી કે મધ્ય આફ્રિકાના દેશમાં એમપોક્સના ૪૭,૦૦૦થી વધારે શકમંદ કેસ નોંધાયા છે અને ૧,૦૦૦થી વધારે મરણ થયા છે. ■

# એમ્બ્યુલન્સ મેન જિતેન્દર સિંહ શંટી આપમાં જોડાયા

નવી દિલ્હી : આગામી વર્ષની દિલ્હીની વિધાનસભાની ચૂંટણી પહેલાં આમ આદમી પાર્ટી (આપ)ની તાકાત વધી છે. પદ્મશ્રી એવૉર્ડ વિજેતા જિતેન્દર સિંહ શંટી રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલની હાજરીમાં આપમાં જોડાયા છે.

શંટી શહીદ ભગત સિંહ ફાઉન્ડેશનના પ્રમુખ છે અને કોવિડ-૧૯ની મહામારી વખતે સેવા બજાવવા બદલ તેમને ૨૦૨૧માં પદ્મશ્રી એવૉર્ડ મળ્યો હતો.

તેમણે શહીદ ભગત સિંહ સેવા દળ નામના એનજીઓની રચના કરી હતી જે નધણિયાતા મૃતદેહોનો અંતિમ સંસ્કાર કરે છે અને ત્યાર બાદની ઉત્તરક્રિયા હિન્દુ કે શીખ પરંપરા પ્રમાણે પણ કરે છે.

આપમાં જોડાનારા ભાજપના ભૂતપૂર્વ વિધાનસભ્ય શંટીએ કહ્યું હતું કે હું નધણિયાતા મૃતદેહોની અંતિમક્રિયા કરી રહ્યો હતો ત્યારે કેજરીવાલનો મને ફોન આવ્યો અને તેમણે મને કહ્યું કે હું પણ તમારા ઉમદા કાર્યમાં યોગદાન આપવા માગું છું. મેં વિચાર કરવા થોડો સમય માગ્યો હતો. જોકે મારો અંતરાત્મા, મારું કુટુંબ અને મારા મિત્રોએ મને યાદ અપાવી હતી કે મારા અને કેજરીવાલના કામનો હેતુ એક જ છે.

શંટીને પક્ષમાં આવકારતાં કેજરીવાલે કહ્યું હતું કે શંટીના આપમાં જોડાવાથી આપણા પક્ષનું માન વધ્યું છે. (એજન્સી) ■

# હૈદરાબાદમાં પુષ્પા-ટુના સ્ક્રીનિંગમાં ધક્કામુક્કીઃ મહિલાનું મોત-પુત્ર ઘાયલ

હૈદરાબાદઃ અભિનેતા અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા-૨: ધ રૂલ'ના પ્રીમિયર શો દરમિયાન અહીં એક ફિલ્મ થિયેટરમાં ધક્કામુક્કી થતાં એક મહિલાનું મોત નીપજ્યું હતું. જ્યારે તેના પુત્રને શ્વાસ રુંધાવાને કારણે હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી હતી. આ માહિતી પોલીસે ગુરુવારે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના બુધવારે રાત્રે બની હતી. જ્યારે મોટી સંખ્યામાં ચાહકો અભિનેતાની એક ઝલક જોવા માટે સિનેમા હોલમાં ઊમટી પડ્યા હતા. મહિલાના પતિએ એક ન્યૂઝ ચેનલને જણાવ્યું કે અલ્લુ અર્જુનની મુલાકાતને લઇને ફિલ્મ થિયેટરમાં ભારે ભીડ હતી અને નાસભાગ જેવી સ્થિતિ સર્જાઇ હતી. તેમના પુત્રની સ્થિતિ ૪૮ કલાક પછી જાણી શકાશે એમ ડોક્ટરોને ટાંકતા મહિલાના પતિએ જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું કે થિયેટર મેનેજમેન્ટે અભિનેતા અને ફિલ્મના અન્ય સભ્યોના આગમન વિશે કોઇ વ્યવસ્થા કે અગાઉથી માહિતી આપી ન હતી. પોલીસે પ્રારંભિક તપાસના આધારે જણાવ્યું કે વિશાળ ભીડ આગળ વધી હતી અને મહિલા અને તેનો પુત્ર જે થિયેટરમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા તે ભીડ દ્વારા ધક્કો લાગ્યા બાદ ગૂંગળામણને કારણે બેભાન થઇ ગયા હતા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે થિયેટર નાનું હતું અને આટલી મોટી ભીડને સમાવી શકે તેમ ન હતું. પરિસ્થિતિને કાબૂમાં લેવા અને વધતી ભીડને વિખેરવા પોલીસે હળવો બળપ્રયોગ કર્યો હતો. ઘટના સંદર્ભે કેસ નોંધવામાં આવ્યો છે. ■

# છત્તીસગઢમાં નક્સલીઓએ બે પૂર્વ સરપંચની કરી હત્યા

બીજાપુરઃ છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં અલગ-અલગ ઘટનાઓમાં નક્સલવાદીઓએ બે પૂર્વ ગ્રામ પંચાયત પ્રમુખોની હત્યા કરી હતી. આ જાણકારી પોલીસે ગુરુવારે આપી હતી. નક્સલવાદીઓએ તેમની પત્રિકામાં દાવો કર્યો છે કે પૂર્વ સરપંચ સુકલુ પરસા ભાજપ કાર્યકર્તા હતા. જ્યારે બીજા મૃતક સુખરામ અવલમ પર પોલીસ કેમ્પ સ્થાપિત કરવામાં પોલીસની મદદ કરવાનો આરોપ મૂક્યો હતો. અહીં એક અધિકારીએ જણાવ્યું કે પરસાની હત્યા બુધવારે ભૈરમગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થઇ હતી, જ્યારે અવલમની હત્યા તે જ દિવસે નૈમેડ વિસ્તારમાં કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટનાઓ સાથે જ નક્સલીઓએ આ વર્ષે બીજાપુર સહિત સાત જિલ્લાઓ ધરાવતા રાજ્યના બસ્તર વિભાગમાં ઓછામાં ઓછા ૫૫ લોકોની હત્યા કરી છે. નોંધનીય છે કે જાન્યુઆરી ૨૦૨૨થી એપ્રિલ ૨૦૨૩ વચ્ચે ડિવિઝનમાં અલગ-અલગ ઘટનાઓમાં નવ ભાજપના નેતાઓની હત્યા કરવામાં આવી હતી. હુમલાખોરોની શોધખોળ માટે બંને વિસ્તારોમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# સંસદમાં અદાણી મુદ્દે ઈન્ડિયા બ્લોકના સાંસદોનું પ્રદર્શનઃ 'મોદી અદાણી એક હૈ' લખેલાં જેકેટ પહેર્યાં

નવી દિલ્હીઃ સંસદમાં ઇન્ડિયા બ્લોકના કેટલાક પક્ષોના નેતાઓએ 'મોદી અદાણી એક હૈ' અને 'અદાણી સુરક્ષિત હૈ' સૂત્રો લખેલાં જેકેટ પહેરીને સંસદ પરિસરમાં સૂત્રોચ્ચાર કરતા અદાણી મુદ્દે સંયુક્ત સંસદીય તપાસની માગ કરી હતી.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણી વિરુદ્ધ તપાસ નહીં કરાવી શકે, કારણ કે આમ કરવું તેમની વિરુદ્ધ તપાસ કરાવવા સમાન હશે. પ્રિયંકા ગાંધી વાડ્રા સહિતના કૉંગ્રેસના સાંસદો અને આરજેડી અને ડાબેરી પક્ષો જેવા અન્ય વિરોધી પક્ષોના સાંસદોએ વિરોધમાં ભાગ લીધો હતો.

રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી બંનેએ માગ કરી કે લાંચ અને છેતરપિંડીના આરોપમાં અદાણી પર યુએસ કોર્ટમાં ચાલી રહેલા કેસની સંસદમાં ચર્ચા થવી જોઇએ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહમાં આ મુદ્દે બોલવું જોઇએ. થોડીવાર પછી વિરોધ કરી રહેલા સાંસદો બંધારણ ગૃહની સામે એક લાઇનમાં ઊભા થઇ ગયા અને ત્યાં મોદી અને અદાણી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા.

લોકસભા સચિવાલયે મંગળવારે એક એડવાઇઝરી જારી કરીને સાંસદોને સંસદના ગેટની સામે વિરોધ પ્રદર્શન ન કરવા વિનંતી કરી હતી અને કહ્યું હતું કે આ પ્રકારે અવરજવરમાં વિક્ષેપ પાડવાથી તેમની સુરક્ષાને અસર થઇ શકે છે. વિપક્ષના સાંસદોએ મંગળવાર અને બુધવારે મકર દ્વારના પગથિયાં પર વિરોધ પ્રદર્શન કર્યું હતું. ટીએમસીએ અદાણી વિરુદ્ધના વિરોધ પ્રદર્શનથી પોતાને દૂર રાખ્યા છે. ■



**સ્નેહ મિલનઃ** ભાજપના ગુજરાત એકમના પ્રમુખ સી. આર. પાટીલે તેમના નિવાસસ્થાને બુધવારે યોજેલા 'સ્નેહ મિલન'માં વડા પ્રધાન મોદી, ગૃહપ્રધાન અમિત શાહ, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. (એજન્સી)

# નક્સલ મુક્ત થયા છત્તીસગઢના બે જિલ્લાઓ, મુખ્ય પ્રધાન વિષ્ણુદેવે અમિત શાહને આપી જાણકારી

નવી દિલ્હીઃ છત્તીસગઢના મુખ્યપ્રધાન વિષ્ણુદેવ સાયે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને જણાવ્યું હતું કે એક સમયે નક્સલવાદીઓથી પ્રભાવિત રહેલા રાજ્યના બસ્તર અને કોંડાગાંવ જિલ્લાઓ હવે નક્સલવાદથી સંપૂર્ણપણે મુક્ત થઇ ગયા છે તથા અન્ય વિસ્તારોમાંથી નક્સલવાદીઓને ખતમ કરવાનું અભિયાન ચાલી રહ્યું છે. એક સત્તાવાર નિવેદન અનુસાર, સાયે બુધવારે રાત્રે અહીં ગૃહ પ્રધાન સાથેની મુલાકાત દરમિયાન આ માહિતી આપી હતી.

બેઠક દરમિયાન સાયે અમિત શાહને નક્સલ વિરોધી અભિયાનોમાં રાજ્યની તાજેતરની સિદ્ધિઓ અને બસ્તર ક્ષેત્રમાં ચાલી રહેલા વિકાસકાર્યો વિશે માહિતી આપી હતી. મુખ્ય પ્રધાને એક નિવેદનમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર અને સુરક્ષા દળોના સંયુક્ત પ્રયાસોને કારણે આ જિલ્લાઓમાં નક્સલવાદી નેટવર્ક અને તેના વિવિધ નેટવર્કનો ખાત્મો કરવામાં આવ્યો છે. નક્સલમુક્ત વિસ્તારોમાં લાંબા સમયથી કોઈ નક્સલ સંબંધિત ઘટનાઓ બની નથી અને આ સફળતા માત્ર સુરક્ષા દળોની સતત કામગીરીને કારણે જ નહીં, પરંતુ રસ્તાઓ, શાળાઓ, સ્વાસ્થ્ય સુવિધાઓ અને રોજગાર જેવા વિકાસના પ્રોજેક્ટોને કારણે પણ પ્રાપ્ત થઈ છે. જેના કારણે સ્થાનિક સમુદાયોનો વિશ્વાસ વધ્યો છે અને માઓવાદીઓનો પ્રભાવ નબળો પડ્યો છે એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું. આ અભિયાન અન્ય નક્સલ પ્રભાવિત જિલ્લાઓમાં પણ ચાલી રહ્યું છે અને તેનો ઉદ્દેશ્ય તેમને જલદી નક્સલ મુક્ત બનાવવાનો છે. રાજ્ય સરકાર આત્મસમર્પણ કરનારા માઓવાદીઓ અને નક્સલી હિંસાથી પ્રભાવિત પરિવારોના પુનર્વસનને પણ પ્રાથમિકતા આપી રહી છે, એમ તેમણે જણાવ્યું હતું.

વધુમાં સાયે અમિત શાહને છત્તીસગઢમાં યોજાનારી 'બસ્તર ઓલિમ્પિક્સ'ના સમાપન સમારોહ અને પોલીસ પુરસ્કાર વિતરણ સમારોહમાં હાજરી આપવાનું આમંત્રણ પણ આપ્યું હતું, જેનો ગૃહમંત્રીએ સહર્ષ સ્વીકાર કર્યો હતો. સાયે કહ્યું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નક્સલવાદી હિંસાથી પ્રભાવિત લોકો માટે ૧૫ હજાર ઘરોનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. અમિત શાહે છત્તીસગઢ સરકાર અને સુરક્ષા દળોના પ્રયાસોની પ્રશંસા કરી અને તેમની સિદ્ધિને પ્રદેશમાં શાંતિ અને વિકાસ તરફ એક ''મહત્ત્વપૂર્ણ પગલું'' ગણાવ્યું હતું. ■

# ભારતીય વાયુયાન વિધાયકને સંસદની બહાલી

નવી દિલ્હી : સંસદે ગુરુવારે ૯૦ વર્ષ જૂના વિમાનધારાને બદલવાનો ખરડો મંજૂર કર્યો હતો. આ ખરડો ઝડપથી વિકાસ પામી રહેલા ઉડ્ડયન ક્ષેત્રમાં વ્યવસાય કરવાની સરળતાને સુધારશે.

ભારતીય વાયુયાન વિધાયક-૨૦૨૪ રાજ્યસભામાં મૌખિક મતદાનથી મંજૂર થયો હતો. લોકસભાએ તેને નવ ઓગસ્ટે બહાલ કર્યો હતો. ઉપલા ગૃહમાં ખરડા પરની ચર્ચાનો જવાબ આપતા નાગરિક ઉડ્ડયન ખાતાના પ્રધાન કે. રામમોહન નાયડુએ કહ્યું હતું કે ખરડાનું મથાળુ અંગ્રેજીમાંથી હિન્દીમાં કરવાનું કારણ ભારતનો વારસો અને સંસ્કૃતિની ઝલક આપવાનો છે. આમાં કોઈ બંધારણીય નિયમનો ભંગ થતો નથી. નામ હિન્દીમાં કરવાનો અનેક સભ્યોએ વિરોધ કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ ખરડાનું નામ હિન્દીમાં બોલવાનું શરૂઆતમાં ભારી પડશે, પરંતુ પછી આદત પડી જશે.

ખરડામાં સુરક્ષા વધારવાને, નિયામકની ગફલત અને ગ્રાહકોના રક્ષણને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. આ મુદ્દાઓને આંતરરાષ્ટ્રીય ધોરણ સાથે જોડવામાં આવ્યા છે. (એજન્સી) ■

# કાશ્મીરમાં હાડ ગાળી નાખે તેવી ઠંડી

## અનેક ઠેકાણે માઈનસથી ઓછું તાપમાન નોંધાયું

શ્રીનગરઃ સમગ્ર કાશ્મીરમાં ગુરુવારે લઘુતમ તાપમાન ઠાર બિંદુથી નીચે ગયું હતું અને કેટલાક સ્થળોએ મોસમની સૌથી ઠંડી રાત્રિનો અનુભવ થયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ગુરુવારે શ્રીનગરમાં લઘુતમ તાપમાન સીઝનના સૌથી નીચા માઈનસ ૨.૧ ડિગ્રી સેલ્સિયસ પર આવી ગયું હતું, જે અગાઉની રાતના માઈનસ બે ડિગ્રી સેલ્સિયસ હતું. શહેરમાં ૨૮ નવેમ્બરે પણ માઈનસ ૨.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

દક્ષિણ કાશ્મીરના કાઝીગુંડમાં માઈનસ ૨.૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જ્યારે પહેલગામમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૫.૩ ડિગ્રી સેલ્સિયસ હતું, જે આ સીઝનમાં અત્યાર સુધીનું સૌથી નીચું તાપમાન છે.

ગુલમર્ગમાં માઈનસ ૩.૬ ડિગ્રી સેલ્સિયસ, જ્યારે કુપવાડામાં માઈનસ ૨.૫ ડિગ્રી સેલ્સિયસ અને કોકરનાગમાં માઈનસ ૧.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. હવામાન વિભાગે જણાવ્યું હતું કે સાત ડિસેમ્બર સુધી હવામાન સામાન્ય રીતે શુષ્ક રહેશે અને રાત્રિના તાપમાનમાં વધુ ઘટાડો થવાની ધારણા છે, જ્યારે દિવસો વધુ ગરમ રહેશે.

આઠ ડિસેમ્બરની મોડી રાતથી નવ ડિસેમ્બરની સવાર દરમિયાન જમ્મુ ડિવિઝનમાં કેટલાક મેદાની અને પહાડી વિસ્તારોમાં હળવા વરસાદની શક્યતા છે અને ઊંચા વિસ્તારોમાં કેટલાક સ્થળોએ હળવો વરસાદ/હળવો બરફ પડવાની શક્યતા દર્શાવવામાં આવી છે. ■

# સંભલ વહીવટીતંત્ર હિંસા કરનારાઓના પોસ્ટર લગાડશે

સંભલ : સંભલ વહીવટીતંત્રે ગુરુવારે કહ્યું હતું કે તે ૨૪ નવેમ્બરની હિંસામાં સંડોવાયેલાઓના પોસ્ટર લગાડશે. જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેન્દર પેન્સિયાએ કહ્યું હતું કે અમે સંભલ હિંસામાં સંડોવાયેલા ઈસમના પોસ્ટર ગુરુવારે લગાડીશું. તેમણે માહિતી આપી હતી કે સત્તાવાળાઓએ ગયા મહિને મસ્જિદના સર્વે અંગે ફાટી નીકળેલી હિંસાના સંબંધમાં ૪૦૦ લોકોને ઓળખી કાઢ્યા છે અને અમે અત્યાર સુધી ૩૨ જણની ધરપકડ કરી છે. બપોરના ત્રણ વાગ્યે શાંતિ સમિતિની બેઠક છે. અમે કેટલા લોકોના પોસ્ટર મૂકી શકાય એ સવાલની દરેક સાથે ચર્ચા કરીશું. અમે હાલમાં પોસ્ટરની ડિઝાઈન નક્કી કરી રહ્યા છે. ૪૦૦ જણને ઓળખી કાઢવામાં આવ્યા છે. જે લોકોની ધરપકડ કરાઈ છે એની બાદબાકી કરીને પોસ્ટર મુકાશે. (એજન્સી) ■

# ખ્યાતિ હૉસ્પિટલકાંડનાં ડૉ. સંજય પટોળિયાને કોર્ટમાં રજૂ કરાયો: ૧૨મી ડિસેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર

અમદાવાદ: અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલકાંડ બાદ મુખ્ય ૩ ફરાર આરોપી પૈકી હોસ્પિટલના સ્થાપક ડો. સંજય પટોળિયાની ૨૪ દિવસ બાદ બુધવારે ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી હતી. ગુરુવારે ડો. સંજય પટોળિયાને ૧૦ દિવસના રિમાન્ડની માગ સાથે ક્રાઈમ બ્રાંચ દ્વારા અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. તેની સુનાવણી પૂર્ણ થતાં કોર્ટે ૧૨ ડિસેમ્બર બપોરે ચાર વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. બીજી તરફ આરોપી રાજશ્રી કોઠારીની આગોતરા જામીન અરજી કોર્ટે નકારી કાઢી હતી. સરકારી વકીલે કોર્ટમાં ધારદાર દલીલ કરતાં કહ્યું હતું કે, અન્ય દર્દીઓની સાથે રેલવે કર્મીઓના પણ ઓપરેશન કરવામાં આવ્યા છે. કેટલો નફો નુકસાન સહિતની વિગત લેવાની છે અને અન્યની ધરપકડ માટે રિમાન્ડ ખૂબ જરૂર છે. આરોપીનો શું રોલ, અન્ય કેટલા આરોપીઓ છે તેની તપાસ થવી જરૂરી છે. સરકારી યોજનાનો લાભ લેવા ખોટો ઉપયોગ કર્યો છે. ખોટા રિપોર્ટ બનાવી દર્દીઓની સર્જરી કરાવી છે તેમજ મેડિકલ રિપોર્ટની પૂછપરછ કરવી ખૂબ જરૂરી છે. બચાવપક્ષના વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે,આરોપીઓની ધરપકડ થઈ રહી છે અને તપાસમાં સહકાર આપી રહ્યા છે જેથી રિમાન્ડની જરૂર નથી. પોલીસને શા માટે રિમાન્ડ માગવા પડી રહ્યા છે.ડો સંજય પટોળિયાએ કોઈની સર્જરી કરી નથી તે તો માત્ર ડાયરેકટર છે.કસ્ટડીમાં પણ પોલીસ પૂછપરછ કરી શકે છે. આ કેસમાં કુલ આઠ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અત્યાર સુધામાં ૬ આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે બે આરોપી હજુ પણ ફરાર છે.

# જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૧૮.૪૫ લાખ લાભાર્થીઓએ લાભ મેળવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય સરકાર આરોગ્ય સંસ્થાઓમાં સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ અને બાળકોને આરોગ્ય સેવાઓ આપીને માતા અને બાળમૃત્યુદર ઘટાડવા સતત કટિબદ્ધ છે.

રાજ્ય સરકારના જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત ૪ સપ્ટેમ્બર ૨૦૧૨થી સગર્ભા બહેનો તથા ધાત્રી માતાઓ માટે ખિલખિલાટ વાહનોની સેવા શરૂ કરવામાં આવી હતી.

આ યોજના અંતર્ગત જાહેર આરોગ્ય સંસ્થામાં પ્રસૂતિ પછી માતા અને નવજાત શિશુને આરોગ્ય સંસ્થાથી ઘરે પરત મુકવાની મફત સુવિધા પૂરી પાડવામાં આવે છે. હાલ રાજ્યના તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનમાં કુલ ૪૧૪ ખિલખિલાટ વાહન લાભાર્થીઓને નિઃશુલ્ક પરિવહન સેવાઓ આપે છે. મોટાભાગના ખિલખિલાટ વાહનો એક કરતાં વધુ સુવિધા આપે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૪૧૪ ખિલખિલાટ વાન દ્વારા ૨,૦૦૦ થી વધારે હાઇ વર્ક લોડ આરોગ્ય સંસ્થાના લાભાર્થીઓને પરિવહન સેવાઓ પૂરી પાડવામાં આવી છે. આ યોજના અંતર્ગત સપ્ટેમ્બર ૨૦૧૨થી અત્યાર સુધીમાં કુલ ૧,૧૯,૯૬,૭૧૮ લાભાર્થીઓને સેવાઓ આપવામાં આવી છે. જેમાં ૫૦,૪૩,૧૧૦ સગર્ભા માતાઓને ચેક-અપ માટે, ૧૨,૦૩,૬૯૪ ધાત્રી માતાઓને ચેક-અપ માટે અને ૩૨,૬૬,૩૬૦ નવજાત શિશુઓને ચેકઅપ માટે પીક અપ અને ડ્રોપ બેકની સેવાઓ અને ૨૩,૭૨,૬૮૯ માતાઓ અને નવજાત શિશુઓ સંસ્થાકીય ડિલિવરી પછી આરોગ્ય સંસ્થાથી ઘર સુધીની ડ્રોપ બેક સેવાઓ આપવામાં આવી છે.

વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ કુલ ૧૮,૪૫,૯૮૪ લાભાર્થીઓને ખિલખિલાટ વાહનો દ્વારા મફત પરિવહન સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. જેમાં ૯,૭૮,૪૭૭ સગર્ભા માતાઓને એએનસી ચેક-અપ માટે, ૩,૧૦,૨૦૧ ધાત્રી માતાઓને પીએનસી ચેક-અપ માટે અને ૩,૯૯,૨૫૪ નવજાત શિશુઓને ચેકઅપ માટે પીક અપ અને ડ્રોપ બેકની સેવાઓ અને ૧,૫૫,૯૪૮ પોસ્ટનેટલ માતાઓ અને નવજાત શિશુઓ સંસ્થાકીય ડિલિવરી પછી આરોગ્ય સંસ્થાથી ઘર સુધીની ડ્રોપ બેક સેવાઓ આપવામાં આવી છે. હાલ રાજ્યમાં ૪૧૪ ખિલખિલાટ વાહનો સેવામાં કાર્યરત છે.

# વડોદરા અને જામનગરમાં પુષ્પા-૨ ફિલ્મના પ્રથમ શોમાં બબાલ: દર્શકોએ હોબાળો કરી ફિલ્મનાં પોસ્ટર ફાડ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુનની પુષ્પા-૨ ફિલ્મ ગુરુવારે રિલીઝ થતાં દેશનાં મોટા ભાગનાં શહેરોમાં સવારે ૬ વાગ્યાના મોર્નિંગ શો રાખવામાં આવ્યા હતા. ગુજરાતમાં વડોદરાના પીવીઆર અને જામનગરના જેસીઆર સિનેમામાં ફર્સ્ટ ડે ફર્સ્ટ શો સમયસર શરૂ ન થતાં દર્શકોએ હોબાળો મચાવ્યો હતો અને ફિલ્મનાં પોસ્ટર ફાડી નાખ્યાં હતાં, જેના કારણે પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. પોલીસે મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. વડોદરાના માંજલપુર સ્થિત ઈવા મોલમાં આવેલા પીવીઆરમાં ગુરુવારે સવારે ૬ વાગ્યે પુષ્પા-૨નો મોર્નિંગ શો હતો. વડોદરાના ફિલ્મ રસિકો સવારે છ વાગ્યે પણ થિયેટર પર પહોંચી ગયા હતા, પરંતુ શો સમયસર શરૂ ન થતાં દર્શકોએ હોબાળો શરૂ કરી દીધો હતો. દર્શકો થિયેટરમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરે એ પહેલા થિયેટરના સંચાલકોએ પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને દર્શકોની રજૂઆત સાંભળી હતી. પોલીસે રોષે ભરાયેલા દર્શકોને શાંત કરીને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. દર્શકોએ સમય બગડતાં રિફંડની પણ માગ કરી હતી.

જામનગરના ઠેબા ચોકડી પાસે આવેલા જેસીઆર થિયેટરમાં પણ વડોદરાની જેમ ટેક્નિકલ કારણોસર મોર્નિંગ શો સમયસર શરૂ ન થતાં દર્શકો રોષે ભરાયા હતા અને હોબાળો શરૂ કરી દીધો હતો. હોબાળાના કારણે પોલીસ પણ દોડી ગઈ હતી અને મામલાને થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો.

# ગુજરાતના યુવાનો વિદેશમાં અભ્યાસ કરી ત્યાં સીઈઓ બને તે ચિંતાનો વિષય: પ્રફુલ્લ પાનશેરિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પાંચ વર્ષના વ્યાપક વિચાર-વિમર્શ તેમજ લાખો સૂચનો ઉપર લાંબા મંથન પછી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને તૈયાર કરી અમલી બનાવવામાં આવી છે. આ નીતિનો ચારે બાજુથી સ્વીકાર એ જ દર્શાવે છે કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ભારતના ૧૪૦ કરોડ લોકોની આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે તેમ ગાંધીનગર ખાતે વાઈસ ચાન્સેલર સમિટને સંબોધતા ઉચ્ચ અને તકનીકી શિક્ષણ પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. બીજી તરફ રાજ્યકક્ષાના શિક્ષણપ્રધાન પ્રફૂલ્લ પાનશેરિયાએ કહ્યું હતું કે, ગુજરાતના યુવાનો વિદેશમાં અભ્યાસ કરી ત્યાં સીઈઓ બને તો ગર્વ નહીં ચિંતાનો વિષય છે. ગાંધીનગર ખાતે વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં ગુરુવારે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ઋષિકેશ પટેલની અધ્યક્ષસ્થાને તેમજ રાજ્ય શિક્ષણ પ્રધાન પ્રફૂલ્લ પાનશેરિયાની ઉપસ્થિતિમાં એક દિવસીય વાઈસ ચાન્સેલર્સ સમિટ યોજાઈ હતી. જેમાં ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૧મી સદીના ભારતનો, એક નવા ભારતનો પાયો તૈયાર કરવાની છે. ૨૧મી સદીના ભારતને, આપણાં યુવાનોને જે રીતનું શિક્ષણ આપવું જોઈએ, જે પ્રકારના સંસ્કારની સાથે કૌશલ્ય પૂરાં પાડવા જોઈએ તે બાબતો ઉપર આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. નવી નીતિમાં માત્ર ઉચ્ચ શિક્ષણ નહી પણ પ્રાથમિક શિક્ષણને પણ વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે.

શિક્ષણ રાજ્ય પ્રધાન પ્રફૂલ્લ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, નવી શિક્ષણ નીતિનો અમલીકરણ એ વિકસિત ભારતના વિકાસ પથનો પાયો છે. વિદ્યાર્થીઓને ડીગ્રી આપતું શિક્ષણ નહિ પરંતુ તેના જીવનમાં કારકિર્દી ઘડતું શિક્ષણ આપવું જોઈએ. ગુજરાત સમગ્ર દેશમાં આ નીતિના અમલીકરણમાં સમગ્ર દેશમાં આગળ વધી રહ્યું છે.

શિક્ષણપ્રધાન પ્રફુલ્લ પાનસેરિયાએ વિદેશમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ અંગે મોટું નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'યુવાધન બહાર ભણવા જાય ત્યાં મોટી કંપનીઓમાં સીઈઓ બને તો આપણે ગૌરવ લઈએ છીએ. આ ગૌરવ લેવાનો નહીં પણ ચિંતાનો વિષય છે. આપણે અહીં એવું વાતાવરણ ન આપી શકીએ?

# સુરતમાં પોલીસે ૧૩ બૉગસ ડૉક્ટરો ઝડપી પાડ્યા: ૧૦૦ નકલી ડિગ્રીઓ જપ્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં નકલીની ભરમાર વચ્ચે બોગસ તબીબોનો રાફડો ફાટી નીકળ્યો છે. સુરતમાં પોલીસે ૧૩ બોગસ તબીબોને ઝડપી પાડ્યા હતા અને ૧૦૦ જેટલી નકલી ડિગ્રીઓ જપ્ત કરવામાં આવી હતી. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી. આરોપીઓ ૭૦ હજારમાં જ નકલી ડિગ્રી આપીને ૧૦-૧૨ પાસ બેરોજગારોને એલોપેથિક પ્રૅક્ટિસ કરવા પ્રોત્સાહિત કરતાં હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતમાં પોલીસ દ્વારા મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. બોગસ તબીબ મુદ્દે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઝોન-૪ પોલીસે ૧૩ બોગસ તબીબોને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસે ડિગ્રીની માગ કરતાં તઓ પાસે કોઈ ડિગ્રી નહીં હોવાનું જાણવા મળ્યું હતું.

ભૂતકાળમાં કમ્પાઉન્ટર તરીકે કામ કરતા લોકો પોતાનું ક્લિનિક ઊભું કરી રૂપિયા ૫૦થી લઈને ૨૦૦ રૂપિયા લઈ ગરીબ દર્દીઓને દવા આપતા હતા.આરોપીઓ ૭૦ હજારમાં જ નકલી ડિગ્રી આપીને ૧૦-૧૨ પાસ બેરોજગારોને એલોપેથિક પ્રૅક્ટિસ કરવા પ્રોત્સાહિત કરતા હોવાનું સામે આવ્યું છે. ડૉ. રસેશ ગુજરાતી અને ડૉ. બી. કે. રાવત આ ડિગ્રીની વ્યવસ્થા કરતા હતા. જ્યારે ઇરફાન અને શોબિત સિંહ તબીબો પાસેથી ઉઘરાણી કરતા હતા. આ તપાસમાં કુલ ૧૩ તબીબોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે તપાસ દરમિયાન હજારોનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# રાજસ્થાનના અભયારણ્યથી ઈંડા લાવી કચ્છમાં માદા ઘોરાડ પાસે સેવવા ગુજરાત સરકાર સમક્ષ દરખાસ્ત મુકાઈ

ભુજ: લુપ્ત થવાની કગારે પહોંચેલા 'ધ ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ' એટલે કે, ઘોરાડ પક્ષીને બચાવવા ચાલી રહેલા પ્રયાસ અંતર્ગત પશ્ચિમ કચ્છના અબડાસાના ઘોરાડ અભયારણ્ય અને તેની આસપાસના વિસ્તારોમાં પવનચક્કીઓના વીજતાર અંડરગ્રાઉન્ડ કરવા મુદ્દે દેશની સર્વોચ્ચ અદાલતે રચેલી નિષ્ણાતોની સમિતિએ કચ્છનો પ્રવાસ ખેડીને વિવિધ મુદ્દે સમીક્ષા કરી હતી.

આ અંગે મળતી વિગતો મુજબ દેશની સર્વોચ્ચ અદાલતે ઘોરાડ અભ્યારણમાંથી પસાર થતી તમામ વીજલાઈનોને ભૂગર્ભમાં પાથરવાના આદેશ કર્યા હતા. અંદાજિત ત્રણ કરોડના ખર્ચે ૩૫૦૦ કિલોમીટરના હાઈ ટેંશન વીજતારોને ભૂગર્ભમાં મૂકવાનો પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો છે. અબડાસા તાલુકાના જખૌ સ્થિત પોઈન્ટ ૨૫૧ અને આસપાસના વિસ્તારોમાં મિનિસ્ટ્રી ઓફ એનર્જીના સંયુક્ત સચિવ બોહરા, વનવિભાગના નિરંજન વાસુ, ડો.દેવેશ ગઢવી સહિતના ૧૧ તજજ્ઞો સાથેની ટુકડીએ સ્થળ તપાસ પૂર્ણ કરી હતી.

વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાએ કચ્છમાં ઘોરાડ સંવર્ધનના હેતુથી રાજસ્થાનના બ્રીડીંગ સેન્ટરથી ફળદ્રુપ ઈંડુ લાવીને માદા ઘોરાડ પાસે તે સેવવાની દરખાસ્ત કરી છે. અબડાસાના લાલા અભયારણ્યમાં હાલ માત્ર ત્રણ માદા ઘોરાડ બચી છે. છેલ્લે ડિસેમ્બર ૨૦૨૦માં નલિયાથી ઊડીને લિફરી વિસ્તારમાં વનરક્ષકને જોવા મળેલો નર ઘોરાડ ગુમ થઇ ગયો ત્યારે છ માદા ઘોરાડ જીવિત હતી. જો આ નર ઘોરાડ અહીં હોત, તો કદાચ પરિસ્થિતિ આટલી ગંભીર ન હોત.

વાઇલ્ડ લાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાએ સૂચવેલી 'જમ્પ સ્ટાર્ટ' પદ્ધતિ મુજબનો પ્રયોગ અગાઉ રાજસ્થાનના બ્રીડીંગ સેન્ટરમાં સફળતાપૂર્વક સાકાર થયેલો છે. ઘોરાડના સંવનની ઋતુ માર્ચથી સપ્ટેમ્બર દરમિયાન હોય છે.

હાલ માદા ઘોરાડ ઈંડા (ફોલ્સ એગ) મૂકે છે પરંતુ તે બિનફળદ્રુપ હોઈ ૨૦ દિવસ સુધી તેને સેવ્યાં બાદ ત્યજી દે છે. અગાઉ ગુજરાત સરકારે ઘોરાડના સંવર્ધન માટે રાજસ્થાનથી નર ઘોરાડને કચ્છ લઈ આવવા માટે વિચારણા કરી હતી. ત્યારે 'એગ ટ્રાન્સફર'ની આ દરખાસ્ત પર વન તંત્રએ વિચારણા શરૂ કરી છે.

ભુજમાં એક્સપર્ટ કમિટીની આ મામલે હિતધારકો સાથે આયોજીત બેઠકમાં વીજ કંપનીઓએ જમીન સંપાદન અને ઊંચા ખર્ચના મુદ્દાને આગળ ધરીને ૫૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલી ઘોરાડની સંવેદનશીલ વસાહત પૂરતું જ અંડરગ્રાઉન્ડ કેબલીંગ ફરજિયાત કરવા રજૂઆત કરી હતી.

દરમ્યાન, નલિયાના ઘાસિયા મેદાનમાં જોવાં મળતું લેસર ફ્લોરિકન પક્ષીનું રહેઠાણ ખડ (ઘાસ) હોવાથી તેને ખડમોર કહેવાય છે.

ગુજરાતમાં વિલુપ્તીના આરે પહોંચેલા આ પક્ષીની કચ્છમાં સંખ્યા વર્ષ ૨૦૧૧માં ૧૦૦ નોંધાઈ હતી, જો કે હવે એકાદ ખડમોર પણ દેખાય એ બાબત દુર્લભ બની છે. આ પક્ષીની ઘટતી જતી વસ્તીનો મુદ્દો પણ આ કમિટીમાં ચર્ચાયો હોવાનું જાણવા મળી રહ્યું છે.

# અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવના છઠ્ઠા દિવસે બાળકોને ચંદ્રયાન મિશન વિશે માહિતી અપાઈ

અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવના છઠ્ઠા દિવસે બાળકોના પેવેલિયન પ્રજ્ઞા શિબિરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્વચ્છ ભારત અભિયાન પર એક સત્ર બાદ, બાળકોને ગુજરાતી લોકકથા કથાકારી સત્રમાં જોડાવાની તક મળી હતી. ત્યાર બાદ, અંતરિક્ષ એપ્લિકેશન કેન્દ્ર (ઇસરો) ના વૈજ્ઞાનિક અને ઈજનેર જૈમિન તન્નાએ પ્રેક્ષકોને ઇસરો, તેના પ્રારંભિક દિવસો અને ભારતના ચંદ્રયાન મિશન વિશે માહિતી આપી હતી. કલાકાર, નાટકકાર અને ગીતકાર નૈશાધ પુરાણી, ગાયક અને સંગીતકાર અંકિત પટેલ અને અભિનેતા હાર્દિક શાસ્ત્રી દ્વારા દસ્તાં ગોઇના પર એક સત્ર યોજાયું હતું. લેખક પુષ્પા કૃપુંપ દ્વારા ગોડ ડાન્સિંગ અમોંગ મેન પુસ્તક પર એક સત્ર પણ યોજાયું હતું, જેનો વિષય થેયમહ્મ છે. જે ઉત્તર કેરલમાં લોકપ્રિય




એક પ્રાચીન સંસ્કૃતિક પરંપરા છે જેમાં નૃત્ય, મૌન અને સંગીત સામેલ છે. અમદાવાદ કોર્પોરેશન દ્વારા સ્વચ્છ ભારત અભિયાન પર એક સત્ર યોજાયા બાદ બાળકોને ગુજરાતી લોકકથાની વાર્તા માટે મોકલવામાં આવ્યા હતા. ત્યાર બાદ, ઈસરોના વૈજ્ઞાનિક અને એન્જિનિયર જૈમિન તન્નાએ ઈસરોએ તેની પ્રારંભિક દિનચર્યાઓ અને ભારતના ચંદ્રયાન મિશનો પર એક સત્ર યોજ્યું હતું બાળકોને ઈસરોના મુખ્ય ઉદ્દેશ્ય, ચંદ્રયાન મિશનો અને શું માનવી પાછા પૃથ્વી પર જતાં ખૂણાઓ પર ફરીથી ચાલવાની ભૂલ કરો છો તે પ્રશ્નો પૂછી. અંતે ચિલ્ડ્રન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં નોટ અને ગોલુ નામની ભારતીય ટૂંકી ફિલ્મો પ્રદર્શિત કરીને ગુજરાતી લેખક રમેશ તન્નાએ અસરકારક વાંચન પર એક વર્કશોપ યોજી હતી.

# ગુજરાતમાં સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં નવી ૨૧ જીઆઈડીસી સ્થપાશે: પ્રક્રિયાને આખરી ઓપ અપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટ હવે ૨૦૨૬માં યોજાવાની છે તે પૂર્વે નવી ઔદ્યોગિક તથા સ્ટાર્ટઅપ નીતિ ઘડવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. ત્યારે ઉદ્યોગ વિભાગ દ્વારા આગામી સમયમાં રાજ્યમાં નવી ૨૧ જીઆઈડીસી સ્થાપવામાં આવશે.

ગુજરાતના ઉદ્યોગ પ્રધાન બળવંતસિંહ રાજપૂતના કહેવા મુજબ નવી જીઆઈડીસીની સ્થાપનામાં વિવિધ જિલ્લાનાં એવા સ્થળ પસંદ કરવામાં આવ્યાં છે, જેના કારણે રાજ્યના સમતોલ વિકાસને પ્રાધાન્ય મળી રહે તે સાથે નવા વિસ્તારોમાં જીઆઈડીસી શરૂ થવાના કારણે સ્થાનિક ઉદ્યોગોને નજીકમાં જ અદ્યતન સુવિધા સાથેની વસાહત મળશે તેના કારણે સ્થાનિક રોજગારીમાં પણ વધારો થશે.

ઉદ્યોગ વિભાગ દ્વારા લાંબા સમયથી નવી જીઆઈડીસી શરૂ કરવાની પ્રક્રિયા ચાલતી હતી તેને આખરી ઓપ આપી દેવાયો છે. નવી જંત્રીના દર લાગુ પડે તે પૂર્વે જે જીઆઈડીસીમાં જમીન સંપાદન કરવાની બાકી છે તેમાં ઝડપથી સરકારી પડતર જમીન ઉદ્યોગ વિભાગ દ્વારા ચલણ ભરીને જંત્રીના ભાવે ખરીદવામાં આવશે.

ઉદ્યોગકારોને આ પ્લોટ વિકસિત વિસ્તાર હોય તો જંત્રીના ભાવના ૫૦ ટકા, મધ્યમ વિકસિત હોય તો જંત્રીના ભાવના ૨૫ ટકા અને અલ્પવિકસિત હોય તો જંત્રીના દર પ્રમાણે જ ઑફર કરવાની પ્રક્રિયા અંગે ટૂંક સમયમાં આખરી નિર્ણય લેવાશે.

ઉદ્યોગ પ્રધાન રાજપૂતના કહેવા મુજબ વિવિધ જિલ્લાના કેટલાક નવા તાલુકાનો પણ સમાવેશ કરાયો છે જ્યાં નવી વસાહતની સ્થાપના કરવામાં આવશે. રાજ્યમાં હાલ કુલ ૨૩૯ જેટલી જીઆઈડીસી છે. હવે ૨૧ નવી જીઆઈડીસી શરૂ કરવાની કામગીરી ફાઇનલ કરી દેવાઈ છે.

# ગુજરાતમાં ઈન્ટરનેશનલ બોર્ડ સાથે જોડાણ ધરાવતી સ્કૂલોને જીએસટીની નોટિસ:વિદ્યાર્થીઓની ફી વધી શકે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઈન્ટરનેશનલ એજ્યુકેશન બોર્ડ કે સંસ્થાઓ સાથે જોડાણ ધરાવતી ગુજરાતની અનેક સ્કૂલોને જીએસટી વિભાગે નોટિસ ફટકારતાં ખળભળાટ મચી ગયો હતો. ૨૦૧૭ની પાછલી અસરથી જોડાણ ફીમાં ૧૮ ટકાના દરે ટેકસ ભરવાની સૂચના મળતાં હવે સ્કૂલો પણ વિદ્યાર્થીઓની ફીમાં વધારો કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ગુજરાતની સ્કૂલો દ્વારા ઈન્ટરનેશનલ શિક્ષણ બોર્ડ સાથેના જોડાણને આયાતી સેવા ગણવામાં આવી રહી છે અને રીવર્સ ચાર્જ મિકેનીઝમ હેઠળ ૧૮ ટકાના દરે જીએસટી ચૂકવવા સૂચના આપવામાં આવી હતી. ટેકસ જવાબદારીનો આ આંકડો લાખો રૂપિયા પાર કરી જતો હોવાથી સ્કૂલ સંચાલકો હવે તેનો બોજ હળવો કરવા વિદ્યાર્થીઓ પર ફી વધારાનો બોજ નાંખી શકે છે. ટેક્સ નિષ્ણાતો મત પ્રમાણે સર્વિસની આયાત સપ્લાય તરીકે ગણવામાં આવે છે જેથી તે કરપાત્ર છે. જેના કારણે કેમ્બ્રિજ સ્કૂલોએ ૧૮ ટકાના ધોરણે જીએસટી ચૂકવવો પડે છે અને ૧ જુલાઈ ૨૦૧૭ની પાછલી અસરથી તે માગવામાં આવ્યો હતો.

જીએસટી કાઉન્સિલની ગત સપ્ટેમ્બરમાં યોજાયેલી બેઠકમાં આ મુદ્દે સ્પષ્ટતા થયા બાદ સ્કૂલોને નોટિસો ફટકારવામાં આવી હતી. શિક્ષણસેવા પર કોઈ જીએસટી નથી પરંતુ સ્કૂલોનાં જોડાણ સહીતની અન્ય સેવા જીએસટીનાં દાયરામાં આવે છે. રિવર્સ ચાર્જ મિકેનીઝમ હેઠળ ઈનપુટ ક્રેડિટનાં લાભ વિના સ્કૂલો ૧૮ ટકા જીએસટી ચૂકવવા બંધાયેલી છે.

કરવેરા નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, જીએસટી વિભાગે ટેકસ ઉપરાંત ચડત વ્યાજ અને પેનલ્ટીની રકમ ઉમેરીને નોટિસો ફટકારી હતી. આવી સ્કુલને અંદાજિત ૨૫ થી ૩૦ લાખ ચૂકવવાની નોટિસ મળી છે. આ પ્રકારની નોટિસથી સ્કૂલ સંચાલકો સ્તબ્ધ થઈ જતાં કાનૂની સલાહ મેળવવા લાગ્યા છે.

# અમદાવાદ ઍરપોર્ટ પર જેદ્દાહ-અબુધાબીથી આવેલા પ્રવાસીઓ પાસેથી ૪૮ લાખના સોનાના દાગીના જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ ઍરપોર્ટ પરથી કસ્ટમના અધિકારીઓએ એક મહિલા અને એક પુરુષ પેસેન્જરની બૅગમાંથી કુલ ૪૮ લાખના સોનાના દાગીના જપ્ત કર્યા હતા. મહિલા પેસેન્જર પાસેથી ૧,૪૦૦ જેટલી સિગારેટ પણ જપ્ત કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે અબુધાબીથી અમદાવાદ ઍરપોર્ટ પર આવેલી એક મહિલા પાસેથી ૩૪ લાખની કિંમતના ૧૮ કેરેટના સોનાના દાગીના અને ૧૪૦૦ સિગારેટ મળી આવી હતી.

અન્ય એક પેસેન્જર જેદ્દાહથી અમદાવાદ આવ્યો હતો. કસ્ટમના અધિકારીઓએ તેની પૂછપરછ કરી હતી, પરંતુ પેસેન્જરે પોતાની પાસે કંઈ પણ નહીં હોવાનું જણાવ્યું હતું. કસ્ટમ વિભાગે તેની બેગ ખોલતાં રેડિયમ ક્વોટેડ ગોલ્ડ ચેનો મળી આવી હતી. તેની કિંમત ૧૪ લાખ રૂપિયા થાય છે. કસ્ટમના એક્સરે મશીનમાં સોનાની ચેન પકડાય નહીં તે માટે સોનાની ચેનની ઉપર રેડિયમ કોટેડ કરી દેવામાં આવ્યું હતું. તેમ છતાં પણ પેસેન્જર પકડાઈ ગયો હતો. હવે કસ્ટમ પાસે નવા બૅગેજ સ્ક્રિનિંગ મશીનો આવી ગયાં હોવાથી પેસેન્જર કસ્ટમ ડ્યુટીની ચોરી કરી શકશે નહીં. ઍરપોર્ટ પર કસ્ટમના નવા મુકાયેલા સ્ટાફના આવ્યા બાદ એક પણ દાણચોરીનો કેસ બન્યો નહીં હોવાનો અધિકારી સૂત્રો દાવો કરી રહ્યાં છે. થોડા સમય પહેલાં પણ અબુધાબીથી આવેલા એક પેસેન્જર પાસેથી ૪૦૦ ગ્રામ સોનું પકડાયું હતું. આ સોનું પેસ્ટ રૂપે લાવવામાં આવ્યું હતું.

# જંત્રીના ભાવવધારા સામે વિરોધ થતાં તમામ જિલ્લા કલેક્ટરો સાથે મહેસૂલ સચિવે બેઠક યોજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય સરકાર દ્વારા નવી સૂચિત જંત્રીમાં સરેરાશ ૨૦૦થી ૨૦૦૦ ટકા સુધીનો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આ જંત્રીના અમલ સામે ક્રેડાઈ અને બીલ્ડર ઍસોસિયેશન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. રાજકોટના બીલ્ડરો દ્વારા રૅલી યોજી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને જંત્રી વધારો પાછો ખેંચવા તેમ જ આ જંત્રીનો અમલ ૩૧ માર્ચ સુધી રોકી દેવા અનુરોધ કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા નવી સૂચિત જંત્રીના દરમાં ઝીંકેલા તોતિંગ વધારા સામે રાજકોટ સહિત રાજ્યભરમાં ભારે હોબાળો મચી જતાં ગુરુવારે રાજ્યના મહેસૂલ સચિવ જયંતી રવિ દ્વારા તાબડતોબ રાજ્યભરના જિલ્લા કલેકટરોને ગાંધીનગર બોલાવી ખાસ બેઠક યોજી ચર્ચા કરી હતી. આ બેઠકમાં નવા જંત્રી દરમાં કમ્મરતોડ વધારો, વિસંગતતા, જમીન રી-સર્વે, ડિઝાસ્ટર વિભાગને આધુનિક સાધનોથી સજ્જ કરવા સહિતના મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. રાજ્યના મહેસૂલ સચિવ જયંતી રવિ દ્વારા જિલ્લા કલેકટરોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. નવા જંત્રીદરના વધારાના વિરોધમાં રાજકોટ સહિત રાજ્યભરનાં તમામ જિલ્લા મથકો પર રીયલ એસ્ટેટ એસો. દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવેલ હતાં તેમ જ આ અંગે રાજ્ય સરકારમાં પણ ક્રેડાઈ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. નવા જંત્રીદરના વધારા સામે વાંધા-સૂચનો રજૂ કરવાની મુદત વધારી ૩૧ માર્ચ સુધીની કરવાની પણ માંગણી ઉઠાવવામાં આવી હતી.

# સાપુતારા સહિત દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ભરશિયાળે માવઠું

અમદાવાદ: ગુજરાતમાં હજી ઠંડી બરાબર જામી નથી ત્યાં માવઠાની શરૂઆત થઈ ગઈ છે. ડાંગ અને સાપુતારામાં વાતાવરણમાં પલટો આવતાં કમોસમી વરસાદ થયો હતો. વાતાવરણમાં બદલાવ થવાથી પ્રવાસીઓમાં ઉત્સાહ વધ્યો હતો જ્યારે ખેડૂતો ચિંતામાં મુકાયા હતા. એક તરફ ઠંડી અને બીજી તરફ કમોસમી વરસાદથી ખેડૂતોનો તૈયાર થયેલો પાક નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે.

## સંસ્થા સમાચાર

### 'આર્ટ એન્ડ સ્પિરિચ્યુઅલિટી' પેઈન્ટિંગ્સ પ્રદર્શનનું આયોજન

'આર્ટ એન્ડ સ્પિરિચ્યુઅલિટી' નેશનલ ગ્રૂપ આર્ટ એક્ઝિબિશન વિઝ્યુઅલ આર્ટ્સ ગેલેરી, ઈન્ડિયા હેબિટેટ સેન્ટર, નવી દિલ્હી ખાતે સાતમીથી ૧૧મી ડિસેમ્બર, ૨૦૨૪ સુધી યોજાવાનું છે. સાતમી ડિસેમ્બરે શનિવારે આ પ્રદર્શન સાંજે છ વાગ્યાથી ખુલ્લુ મુકાશે. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. સંજીવ કિશોર ગૌતમ (ડિરેક્ટર જનરલ, એનજીએમએ, નવી દિલ્હી) ઉપસ્થિત રહેશે. મુંબઈના કલાકાર જયશ્રી સમીર સવાની સહિતના અનેક કલાકારોના પેઈન્ટિંગ્સ પ્રદર્શનમાં મૂકવામાં આવશે.

# ઉપનગરમાં ૬૯૮ રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનું કામ શરૂ

### જોકે તળ મુંબઈના માર્ગોનું કામ રખડી પડ્યું, આગામી ચોમાસા પહેલા પૂરું નહીં થાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના રસ્તાઓ પર ખાડા પડે તે નહીં માટે તમામ રસ્તાઓને બે તબક્કામાં સિમેન્ટ-કૉંક્રીટના બનાવવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે, જેમાં પહેલાં તબક્કામાં કુલ ૬૯૮ રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટીકરણનું કામ પૂરું કરવામાં આવવાનું છે. આ તમામ રસ્તા પશ્ચિમ અને પૂર્વ ઉપનગરના છે. કુલ રસ્તામાંથી ૧૮૭ રસ્તાના કામ પૂરા થયા છે, જેમાં પશ્ચિમ ઉપનગરના ૧૫૫ રસ્તા તો બાકીના રસ્તા પૂર્વ ઉપનગરમાં આવેલા છે. પહેલા તબક્કામાં શહેરના રસ્તાના કામનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આ કામ બીજા તબક્કામાં કરવામાં આવવાના હોવાથી તાજેતરમાં તેનું કામ ચાલુ કરવામાં આવ્યું છે. તેથી આગામી ચોમાસા પહેલા આ કામ પૂરા થવાના નથી અને ત્યારબાદ ફરી ચોમાસું ચાલુ થવાને કારણે કામ ફરી અટવાઈ જશે.

મુંબઈમાં ૨,૦૫૦ કિલોમીટરના રસ્તા હોઈ તેમાંથી ૫૦ ટકાથી વધુ રસ્તાના કૉંક્રીટાઈઝેશનનું કામ પૂરું થઈ ગયું છે. બાકીના રસ્તાના કામ બે તબક્કામાં કરવામાં આવી રહ્યા છે. પહેલા તબક્કામાં શહેરના ૬૮.૨૫ કિલોમીટર લંબાઈના રસ્તાના કામ કોર્ટ પ્રક્રિયાને કારણે અટવાઈ ગયા હતા. ત્યારબાદ નવેસરથી કાઢવામાં આવેલા ટેન્ડરને કારણે કામ અટવાઈ ગયું હતું, તેને કારણે આ રસ્તાના કામ બીજા તબક્કાના કામમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

પહેલા તબક્કામાં કુલ ૩૨૪ કિલોમીટર લંબાઈના ૬૯૮ રસ્તા છે, જેમાં ફક્ત પશ્ચિમ-પૂર્વ ઉપનગરના રસ્તાના કામનો સમાવેશ કરવામાં આવ્યો છે. બીજા તબક્કામાં ૩૭૭ કિલોમીટર લંબાઈના ૧,૪૨૦ રસ્તાના કૉંક્રીટાઈઝેશનના કામ કરવામાં આવવાના છે, જેમાં માત્ર મુંબઈ શહેરમાં ૧૩૩ કિલોમીટર લંબાઈના ૫૦૩ રસ્તાનો સમાવેશ થાય છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પહેલા તબક્કાના ૬૯૮ રસ્તાના કૉંક્રીટીકરણનું કામ આગામી ચોમાસા પહેલા પૂરું કરવામાં આવશે. તો ૨૧૩ રસ્તાનું કૉંક્રીટીકરણનું કામ પ્રગતિ પર છે. બાકીના કામ પણ બહુ જલદી હાથ ધરવામાં આવશે. પશ્ચિમ ઉપનગરમાં સૌથી વધુ ૧૫૫ રસ્તા કૉંક્રીટીકરણ તો પૂર્વ ઉપનગરમાં ૩૨ રસ્તાના કામ પૂરા કરવામાં આવ્યા છે.

બીજા તબક્કામાં ૩૭૭ કિલોમીટર લંબાઈના ૧,૪૨૦ રસ્તા છે, જેમાં મુંબઈ શહેરના ૫૦૩ રસ્તા, પૂર્વ ઉપનગરના ૨૬૧ અને પશ્ચિમ ઉપનગરના ૬૫૬ રસ્તાનો સમાવેશ થાય છે. કુલ રસ્તામાંથી ૪૩૩ રસ્તાના કામના પ્રગતિ પર છે. આ કામ મોડેથી ચાલુ કરવામાં આવ્યા હોવાથી આગામી ચોમાસા પહેલા પૂરા થવાની શક્યતા નહીંવત છે.

## મુંબઈગરા સતત બીજા દિવસે પરસેવે રેબઝેબ

મુંબઈ: મુંબઈમાં સતત બીજા દિવસે ગરમી અને ઉકળાટભર્યું વાતાવરણ રહ્યું હતું. દિવસ દરમિયાન મુંબઈ ૩૫.૪ ડિગ્રી તાપમાન સાથે સમગ્ર રાજ્યમાં સૌથી ગરમ શહેર રહ્યું હતું. તાપમાનમાં વધારો થવાની સાથે જ ભેજનું પ્રમાણ પણ વધી જતા લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. બુધવારે મુંબઈમાં ૩૭.૩ ટકા સાથે તાપમાનનો છેલ્લા ૧૬ વર્ષનો રેકોર્ડ તોડ્યા બાદ ગુરુવારે પણ તાપમાન ઊંચુ જ રહ્યું હતું. નફેંગલથ વાવાઝોડાની અસર હેઠળ મુંબઈ સહિત રાજ્યમાં ભેજનું પ્રમાણ વધી જવાને કારણે શિયાળાની ઠંડી ગાયબ થઈ ગઈ છે અને તાપમાનનો પારો સતત ઊંચો નોંધાઈ રહ્યો છે. ગુરુવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૫.૪ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૫ ડિગ્રી તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૬ ટકા નોંધાયું હતું, જે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ રહ્યું હતું. કોલાબામાં મહત્તમ તાપમાન ૩૫.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૨ ડિગ્રી નોંધાયું હતું. તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૩ ટકા નોંધાયું હતું. રાજ્યમાં પણ મોટાભાગના વિસ્તારોમાં મહત્તમની સાથે જ લઘુતમ તાપમાનનો પારો ઊંચો નોંધાઈ રહ્યો છે.

## જીવલેણ ટ્રેન હુમલાના આરોપીની જામીન અરજી કોર્ટે ફગાવી

થાણે: કલ્યાણ જિલ્લા અને સત્ર અદાલતે એપ્રિલમાં થયેલો જીવલેણ ટ્રેન હુમલો જેમાં એક મુસાફરનું મૃત્યુ થયું હતું, તેના આરોપી તનુજ જમ્મુવાલની જામીન અરજી ફગાવી દીધી છે. એક અનામી પ્રવાસી દ્વારા રેકોર્ડ કરવામાં આવેલા વીડિયો પુરાવા દ્વારા આ કેસ નોંધપાત્ર રીતે મજબૂત બન્યો હતો. પીડિત દત્તાત્રય ભોઈર તેના મિત્ર પ્રદીપ શિરોસ સાથે મિત્રની પુત્રીના લગ્નમાં હાજરી આપીને કસારા લોકલ ટ્રેનમાં ઘરે જઈ રહ્યા હતા. ત્યારે તેઓ લગ્નની યાદો શેર કરીને હસી રહ્યા હતા, ત્યારે કથિત રીતે નશામાં ધૂત જમ્મુવાલ અને અમોલ પરદેશીનું તેમના તરફ ધ્યાન ગયું હતું.

જમ્મુવાલ, પરદેશી અને બે સાથીઓએ તેમની વાતચીત સામે વાંધો ઉઠાવ્યો હતો અને પરિસ્થિતિ વણસી ગઈ હતી. તેમણે ભોઇર અને શિરોસ પર ઘાતકી હુમલો કર્યો હતો. અન્ય મુસાફરો દ્વારા દરમિયાનગીરી કરવાના પ્રયાસો છતાં તેમણે ભોઈર પર જીવલેણ હુમલો કર્યો હતો.

૨૯ એપ્રિલે સવારે બે વાગ્યાની આસપાસ બનેલી આ ઘટના એક અજાણ્યા મુસાફર દ્વારા વીડિયોમાં કેદ કરવામાં આવી હતી. પછીથી વાયરલ થયેલા ફૂટેજ કેસમાં નિર્ણાયક પુરાવા બન્યા. ભોઈરનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું, જ્યારે શિરોસને નાના-મોટા ઘા થયા હતા.

કલ્યાણ સરકારી રેલ્વે પોલીસે શરૂઆતમાં બે શકમંદોની ધરપકડ કરી હતી જેમને બાદમાં જામીન આપવામાં આવ્યા હતા. જો કે, હત્યાના આરોપો ઉમેર્યા પછી, અધિકારીઓએ તેમની ફરીથી ધરપકડ કરી. એડિશનલ સેશન્સ જજ આરજી વાઘમારેએ પુરાવાની સમીક્ષા કર્યા બાદ જમ્મુવાલની જામીન અરજી નામંજૂર કરી હતી.

મૃતકના પરિવારજનોએ વીડિયો ક્લિક કરનાર અજાણ્યા વ્યક્તિનો આભાર માન્યો હતો જેના કારણે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી અને આ કેસ મજબૂત થયો હતો. (પીટીઆઈ)

## મતપત્રથી મતદાનનો પ્રયાસ, મારકડવાડીમાં ૮૯ સામે કેસ, આમાં શરદ પવારના પક્ષના ઉત્તમ જાનકરનો પણ સમાવેશ

પુણે: પોલીસે સોલાપુર જિલ્લાના મારકડવાડી ગામ અને નજીકના વિસ્તારોમાં બેલટ પેપરનો ઉપયોગ કરીને મૉક ચૂંટણી કરાવવાનો પ્રયાસ કરતા એનસીપી(એસપી)ના નેતા ઉત્તમ જાનકર અને અન્ય ૮૮ લોકો વિરુદ્ધ કેસ નોંધ્યો છે. મંગળવારે સવારે, ૨૫૦થી ૩૦૦ વ્યક્તિઓ મારકડવાડી ગામમાં મતદાન કરવા માટે એકઠા થયા હતા અને ઈરાદાપૂર્વક પ્રતિબંધિત આદેશોની અવગણના કરીને અને અન્ય લોકોને અનધિકૃત મતદાન પ્રક્રિયામાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

બુધવારે, તાજેતરની મહારાષ્ટ્ર ચૂંટણીમાં માલશિરસ વિધાનસભા બેઠક જીતનાર જાનકર અને અન્ય લોકો પર ભારતીય ન્યાય સંહિતાના અન્ય વિભાગો સહિત, જાહેર સેવક દ્વારા જારી કરાયેલા આદેશોનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. મારકડવાડી ગામ માલશિરસ વિધાનસભા ક્ષેત્રમાં આવે છે.

જાનકરે ભાજપના રામ સાતપુતેને ૧૩,૧૪૭ મતોથી હરાવ્યા હતા. જાનકરે સીટ જીતી હોવા છતાં, મારકડવાડીના રહેવાસીઓએ દાવો કર્યો હતો કે એનસીપી (એસપી) નેતાને મળેલા મતોની સંખ્યા સાતપુતેની સરખામણીમાં ઓછી હતી, અને ઈવીએમ અંગે શંકા વ્યક્ત કરી હતી. સોલાપુર જિલ્લા વહીવટીતંત્રે ગ્રામજનોને બેલટ પેપર પર મતદાન કરવાની પરવાનગી નકારી હતી અને ભેગા થવા પર પ્રતિબંધ મૂકતા આદેશો જારી કર્યા હતા. છતાં, ગ્રામજનોએ મંગળવારે સવારે મતદાન માટે વ્યવસ્થા કરી હતી અને મતદાન સામગ્રી લાવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે પોલીસે જાનકર અને ગ્રામજનો સાથે બેઠક કરી અને તેમને કાયદાકીય પ્રક્રિયાઓ સમજાવી અને કેસ નોંધવાની ચેતવણી આપી. બાદમાં, રહેવાસીઓએ નારાજગી દર્શાવી અને મતદાન હાથ ધરવાની તેમની યોજના રદ કરી હતી. (પીટીઆઈ)

## રાયગડ કોર્ટમાં આરોપી પાસેથી લાંચ સ્વીકારનારા સરકારી વકીલની ધરપકડ

થાણે: ફોજદારી ગુનામાંથી આરોપી અને તેને મિત્રને નિર્દોષ છોડી મુકાય એ માટે મદદરૂપ થવા આરોપી પાસેથી ૧૦ હજાર રૂપિયાની કથિત લાંચ લેવા પ્રકરણે એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ રાયગડની કોર્ટમાંથી સરકારી વકીલની ધરપકડ કરી હતી. એસીબીના અધિકારીએ જણાવ્યું હતું કે પેણ પોલીસે આરોપી અને તેના મિત્ર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો અને તેમની વિરુદ્ધ રાયગડની કોર્ટમાં આરોપનામું પણ દાખલ કર્યું હતું. બન્ને આરોપીએ કેસમાંથી તેમને છોડી મૂકવા સંબંધી અરજી પણ કોર્ટમાં કરી હતી.

આ અરજી વિરુદ્ધ મજબૂત દલીલો ન કરવા માટે આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર દિનેશ જનાર્દન પાટીલે બન્ને આરોપી પાસેથી પાંચ-પાંચ હજાર રૂપિયાની માગણી કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. લાંચ આપવાની ઇચ્છા ન હોવાથી એક આરોપીએ એસીબીના નવી મુંબઈ યુનિટમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે બુધવારે પેણમાં મૅજિસ્ટ્રેટ કોર્ટમાં છટકું ગોઠવવામાં આવ્યું હતું. આરોપી પાસેથી ૧૦ હજાર રૂપિયાની લાંચની રકમ સ્વીકારનારા સરકારી વકીલને એસીબીએ પકડી પાડ્યો હતો. આ પ્રકરણે પાટીલ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું એસીબીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

## મતપત્રથી ચૂંટણી કરાવો તો હું આપી દઉં રાજીનામું: નાના પટોલે

મુંબઈ: પાંચ વર્ષ સુધી પોતાના મતક્ષેત્ર સાથે સંબંધ ન રાખતા કૉંગ્રેસના પ્રદેશાધ્યક્ષ નાના પટોલે ઇવીએમને દોષ આપી રહ્યા છે. ઇવીએમ કેલ્ક્યુલેટર જેવું મશીન છે તેને હૅક કરી શકાય નહીં. તેમને વિકાસ નથી જોઇતો, ફક્ત નકામા બેસીને આક્ષેપો કરવા છે. તેઓ નિષ્ક્રિય થઇ ગયા છે અને કૉંગ્રેસમાં જ ઘણા તેમનાથી નારાજ છે. તેથી તેઓએ રાજીનામું આપી દેવું જોઇએ, એવો પડકાર ભાજપના નેતા પરિણય ફુકેએ ફેંક્યો હતો.

ભાજપના નેતાના પડકાર પર પટોલેએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે બૅલટ પેપર પર મતદાન થવાનું હોય તો હું રાજીનામું આપવા તૈયાર છું. ભાજપના નેતાએ ચૂંટણી પંચ પાસેથી મતપત્રથી મતદાન કરાવવા માટેનો પત્ર લઇને આવવો. ૧૦૦ ટકા બૅલટ પેપર પર મતદાન કરાવવા અમે તૈયાર છીએ.

ગામેગામમાં બૅલટ પેપર પર મતદાનની ઝુંબેશ હાથ ધરો. ગ્રામીણ વિસ્તારોમાં હાલમાં ભાગવત સપ્તાહ શરૂ છે જેમાં ઇવીએમ હટાવો, મતપત્ર દ્વારા મતદાન કરાવો અંગે હસ્તાક્ષર ઝુંબેશ હાથ ધરો. આ કોઇ રાજકીય ઝુંબેશ નથી, એમ પટોલેએ વધુમાં જણાવ્યું હતું.

## એક ગામ આવું પણ: ગામવાસીઓના પ્રયત્નથી જીત્યો રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર

લાતુર: મહારાષ્ટ્રના લાતુરમાં એક ગામે સ્થાનિક રહેવાસીઓનું સ્થળાંતર અટકાવવા માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ તેમને રોજગાર આપવા બદલ રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર-૨૦૨૪ જીત્યો છે. ઔસા તાલુકામાં આવેલા ઉટી બુદ્રુક ગામને ૧૧ ડિસેમ્બરે દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા અવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. લાતુર જિલ્લા પરિષદના સીઈઓ અનમોલ સાગરે જણાવ્યું હતું કે, મનરેગા હેઠળ ઉટી બુદ્રુક ગ્રામ પંચાયતે સ્થાનિકોને રોજગારી પૂરી પાડી અને કૌશલ્ય પ્રશિક્ષણ દ્વારા ગરીબોની આર્થિક સ્થિતિ સુધારવાનો પ્રયાસ કર્યો. જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિઓ દ્વારા રોજગારીની તકો પૂરી પાડવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો, વંચિત સમુદાયોને લાભ અપાયો. આ પ્રયાસોને લીધે, કેન્દ્ર સરકારે ઉટી બુદ્રુકને ગરીબી મુક્ત અને આજીવિકા વધારતા ગામ તરીકે જાહેર કર્યું છે. સ્થાનિક સ્તરે રોજગારી સુનિશ્ચિત કરવા ઉપરાંત, ગ્રામ પંચાયતે નજીવા દરે દુકાનો બાંધી અને ભાડાપટ્ટે આપી. આ પહેલથી સ્થાનિક અર્થતંત્ર મજબૂત થયું. ગામે સ્વ-સહાય જૂથો બનાવીને અને કૌશલ્ય વિકાસની તાલીમ આપીને મહિલાઓના સશક્તિકરણ પર પણ ધ્યાન આપ્યું. પરિણામે, મહિલાઓને વિવિધ કુટીર ઉદ્યોગોમાં રોજગારીની તકો મળી રહી છે. ગ્રામ પંચાયતે ગામમાં સરકારી ઈમારતો પર ૧૦ સોલાર વૉટર હીટર લગાવ્યા છે, જે ગ્રામજનોને મફત ગરમ પાણીની સુવિધા આપે છે. તે ઉપરાંત, ગામમાં પાકા રસ્તાઓ છે અને સુરક્ષા માટે ૩૫ સીસીટીવી કેમેરા લગાવ્યા છે. ગ્રામ પંચાયત કચેરીમાં સંપૂર્ણ સુવિધાયુક્ત કોમ્પ્યુટર સેન્ટર પણ ઊભું કરવામાં આવ્યું છે.

"ઉટી બુદ્રુકે સતત પ્રગતિ કરી છે અને આ ગામના સામૂહિક પ્રયાસોનું પરિણામ છે. અન્ય ગામોએ આને ઉદાહરણ તરીકે લેવું જોઈએ," એમ જિલ્લા પરિષદના ડેપ્યુટી સીઈઓ બાલાસાહેબ વાળાએ જણાવ્યું હતું.

## સીપ્ઝ-કોલાબા મેટ્રો જૂન, ૨૦૨૫ સુધીમાં દોડવા માંડશે

### ૨૭ સ્ટેશનની આ લાઇનના બીજા તબક્કાનું કામ ૮૮.૧ ટકા પૂરું થઇ ગયું છે

મુંબઈ: કોલાબાથી સીપ્ઝ મેટ્રો-૩ લાઇનના બીકેસીથી કફ પરેડ સુધીના બીજા તબક્કાના માર્ગનું ૮૮.૧ ટકા કામ પૂર્ણ થયું છે. તેથી જૂન, ૨૦૨૫ સુધી બીજા તબક્કાના માર્ગ પર મેટ્રો દોડવા લાગશે એવી આશા સેવાઇ રહી છે.

મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) દ્વારા ૩૩.૫ કિલોમીટર લાંબી મેટ્રો લાઇન બનાવવામાં આવી રહી છે જેમાં કુલ ૨૭ સ્ટેશન હશે. મેટ્રો-૩ના પ્રથમ તબક્કાનો આરેથી બીકેસી સુધીનો માર્ગ ઓક્ટોબરથી શરૂ થઇ ગયો છે. આ માર્ગ પર ૧૦ સ્ટેશન છે. હવે બીજા તબક્કાનો માર્ગ પણ ટૂંક સમયમાં શરૂ કરવા માટે એમએમઆરસી દ્વારા પૂરજોશમાં કામ કરવામાં આવી રહ્યું છે. બીકેસીથી કફ પરેડ સુધીના ૨૦.૯ કિ.મી.ની લાઇનમાં ૧૭ સ્ટેશનો વચ્ચે મેટ્રો દોડશે.

**ટૂંક સમયમાં મેટ્રો રેકની તપાસણી કરવામાં આવશે**

* હાલમાં આ માર્ગના સ્ટેશનો અને ટનલનું ૯૯.૧ ટકા કામ પૂર્ણ થયું છે. એમએમઆરસી દ્વારા આ માર્ગ પર મશીનો બેસાડવાનું કામ ચાલી રહ્યું છે.

* આ કામ પૂર્ણ થયા બાદ આ માર્ગ પર મેટ્રો ટ્રેનોની તપાસણી શરૂ કરવામાં આવશે. સુરક્ષા પ્રમાણપત્ર મળ્યા બાદ મેટ્રો લાઇન પ્રવાસીઓ માટે ખુલ્લી મૂકવામાં આવશે.

## ટોલ માફી કરાતાં અટલ સેતુ પર વાહનોની સંખ્યા ઘટી ગઇ છે

મુંબઈ: ઢોલનગારાં વગાડીને ઊભો કરવામાં આવેલા શિવડી-ન્હાવા શેવા 'અટલ સેતુ' વાહનોની સંખ્યા લાક્ષણિક પ્રમાણમાં નીચે ગઇ છે. ખાસ વાત તો એ છે કે વિધાનસભાની ચૂંટણી માથે હોવાને કારણે મહાયુતિ સરકારે મુંબઈનાં પાંચેય ટોલનાકાં પર હલકાં વાહનોને ટોલમાફી આપવામાં આવી હતી. અટલ સેતુ પર વાહનોની સંખ્યા ઘટવાનું કારણ આ જ માનવામાં આવી રહ્યું છે.

ઓક્ટોબર મહિનામાં અટલ સેતુ પરથી ૭.૭ લાખ વાહનો પસાર થયાં હતાં. નવેમ્બરમાં આ સંખ્યા ૬.૬૯ લાખ થઇ ગઇ હતી. મુંબઈથી નવી મુંબઈનું અંતર ૧૨થી ૧૫ મિનિટમાં કાપવું શક્ય થઇ ગયું હોવાથી ઉલવે, ઉરણ, દ્રોણગિરિ, જાસઈ, પનવેલ, ગવ્હાણ ખાતે રહેવાસી પુલનો મોટા પ્રમાણમાં વપરાશ થશે, એવી અપેક્ષા હતી.

જોકે એમએમઆરડીએએ પ્રવાસ માટે ૨૫૦ રૂપિયાનો ટોલ વસૂલ્યા બાદ પ્રવાસીઓનું ભ્રમનિરસન થયું હોવાનું ચિત્ર ઊપસ્યું હતું. વિધાનસભાની ચૂંટણી માથે હોવાથી મુંબઈનાં પાંચ ટોલનાકાં પરથી ટોલ માફ કરવામાં આવતાં અટલ સેતુ પર વાહનચાલકો વધવાને બદલે ઘટ્યા હતા.

## એક્સપ્રેસ ટ્રેનની ટક્કરમાં બે યુવાનનાં મોત

થાણે: થાણે જિલ્લામાં પાંટા ઓળંગતી વખતે એક્સપ્રેસ ટ્રેનની ટક્કરમાં બે યુવાનનાં કરુણ મોત થયા હતા. એમાંથી એક યુવાનની વય ૧૯ અને અન્ય સગીરની વય ૧૭ વર્ષની હતી. મુંબઈ-કોંકણ રૂટ પરના દિવા અને નિલાજે સ્ટેશન દરમિયાન બીજી ડિસેમ્બરે બન્ને પીડિત પાંટા ઓળંગી રહ્યા હતા ત્યારે મંડોવી એક્સપ્રેસની ટક્કરમાં તેમનું મોત થયું હતું, એમ ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી) અધિકારીએ જણાવ્યું હતું.

દિવાના દાતિવાલી અગાસન વિસ્તારના રહેવાસી બન્ને છોકરાઓના મૃતદેહ રેલવે ટ્રેકની બાજુમાં મળી આવ્યા હતા. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ ઘટના બાબતે ટ્રેન પાઇલટનો પણ સંપર્ક સાધવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. (પીટીઆઇ)

## મેટ્રો સાઇટ પર કોંક્રીટ ટ્રક પલટી: એક મજૂરનું મોત

થાણે: થાણેમાં મેટ્રો કન્સ્ટ્રક્શન સાઇટ પર કોંક્રીટ મિક્સર ટ્રક પલટી ખાઇ જવાની ઘટનામાં એક પચીસ વર્ષીય મજૂરનું મોત થયું હતું. કાશીમીરા વિસ્તારના પેંકરપાડા ખાતે બુધવારે રાતે ૧૦.૪૫ કલાકે આ ઘટના બની હતી. કોંક્રીટ મિક્સર ટ્રક પર ત્રણ મજૂર કામ કરી રહ્યા હતા. અચાનક કોંક્રીટ ટ્રક પલટી ખાઇને ખાડામાં પડી ગઇ હતી, એમ મીરા-ભાયંદર પાલિકાના અગ્નિશમન દળના અધિકારીએ જણાવ્યું હતું. કોંક્રીટ ટ્રક પડી રહી હતી ત્યારે બે જણ સુરક્ષિત રીતે તેમાંથી કૂદી પડ્યા હતા, પરંતુ એક મજૂર આ ટ્રક નીચે કચડાઇ ગયો હતો.

## પારસી મરણ

એરવદ મીનું રુસ્તમજી આઇબરા તે ઓસતી હોમાયના ધની. તે મરહુમો ઓસતી તેહમીના એરવદ રુસ્તમજી આઇબરા. તે ઓસતા સાઇરસ, ઓસતી રુઝબે ઝહીર શ્રોફના પપા. તે જેસમી ને ઝરીરના સસરા. તે મરહુમો સોલી, સામ, રોશન, નોશીર, કેરસીના ભાઇ. તે બેહનાઝ ને અનાહીતાના બપાવા. તે માલકમ ને વરુનના મામાવાજી. (ઉં. વ. ૯૨) રે. ઠે. બી-૧૦૩, જયરાજ નગર કો.હા.સ. આમબાવાદી રોડ, ગોકુલ પાર્કના સામે, માનવ મંદિર કોમ્પ્લેકસ વસઇ (વેસ્ટ). ઉઠમણાંની ક્રિયા: તા.૬-૧૨-૨૪ ને દિને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ભાભા નં.૧ બંગલીમાં છેજી.

પેરીન બરજોર હાનસોતીયા તે મરહુમ બરજોર સોરાબજી હાનસોતીયાના ધનિયાની. તે મરહુમો શેરા જાલેજર તીજોરીવાલાના દીકરી. તે અસપી તથા મરહુમ તેહમીના, મેહરુ ને દીનુના બહેન. તે ફરીદા, નરગીસ, અનાહીતાના માસી. (ઉં. વ. ૮૬) રે. ઠે. ઉશતા કો.હા.સો. ફલેટ નં.૨, પહેલે માળે, જહાંગીર દાજી લેન, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭.ઉઠમણાંની ક્રિયા : તા.૭-૧૨-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે, અસલાજી અગિયારીમાં.

હોમી બમનશા કોલસાવાલા તે મરહુમો નરગીશ બમનશા કોલસાવાલાના દીકરા. તે ઝરીન દી. વાડીયા ને અસપી બી. કોલસાવાલા (દોસાભાઇ). તે નેવીલી ને આઝમીનના મામાના ભાઇ. તે બેહરામ ને શેરીના વાડીયાના મામા સસરા. તે દીનયાર બેહરામજી વાડીયાના સાલા. તે વરુન ને તીયાનાઝના ગ્રેન્ડ મામા. (ઉં.વ. ૮૮) રે. ઠે. ૬૯૧, દીનશા માસ્ટર રોડ, ઓલબલેસ બિલ્ડિંગ, રૂમ નં.૪૦૧, દાદર (ઇ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા: તા.૬-૧૨-૨૪ ને દિને બપોરે ૩.૪૫ વાગે, રૂસ્તમ ફરામ અગિયારી, દાદર.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પાળીયાદ નિવાસી હાલ દહીસર ભગવાનદાસ ચીમનલાલ શાહ (ઉં.વ.૭૬) તા. ૪-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. રાકેશ અને શિરિનના પિતાશ્રી. યશના દાદાજી. જાગૃતિ અને કિંજલના સસરાજી. સ્વ. નંદલાલ કલ્યાણજી શેઠના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોરબી નિવાસી હાલ સાયન, પ. પૂ. ચંદુલાલભાઇ ખોખાણીના સુપુત્રી ગુલાબેન મહેન્દ્રભાઇ કુંભાણી તા. ૪-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવનાબેન પ્રદીપભાઇ દોશીના માતા. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસી હાલ મુલુંડ (પશ્ચિમ) મુંબઇ શામજી પિતાંબરદાસ દોશીના પુત્ર સ્વ. કુવરજી શામજી દોશીના સુપુત્ર જયંતીભાઇ (ઉં. વ. ૮૩) તે રંજનબેનના પતિ. તે મનોજભાઇ, જીજ્ઞેશભાઇ, ચેતનાબેન, દીનાબેનના પિતાશ્રી. તે અરુણાબેન, પારુલબેન, દીપકકુમાર, કલ્પેશકુમારના સસરા. તે સ્વ. હરિભાઇ, કિશોરભાઇ, જયસુખભાઇ, અશોકભાઇ, સ્વ. વસંતબેન અનંતરાય દોશી, ચંદ્રાબેન કૃષ્ણકાંત શેઠ, જયાબેન નવીનચંદ્ર દોશી, રસીલાબેન ચીમનલાલ દોશીના ભાઇ. તા. ૪-૧૨-૨૪ના બુધવારના અવસાન પામેલ છે. પિયર પક્ષે પાચવડાવાલા હાલ સુરત સ્વ. શેઠ ભગવાનદાસ માવજીભાઇ મહેતાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ કાંદિવલી જવાહરભાઈ ઉત્તમચંદ દોશીના ધર્મપત્ની વસંતબેન (ઉં. વ. ૬૮) તે ૪/૧૨/૨૪ના અવસાન પામેલ છે. તે અંકિતા વિશાલ દોશી તથા હેતાલી જીગર મહેતાના માતુશ્રી. સ્વ. મંજુલાબેન કુમુદરાય શાહ, સ્વ. શરદભાઈ, ગીતાબેન, જયેશભાઇ, દિનાબેન, જતીનભાઈ, મીતાબેનના ભાભી, પિયરપક્ષે હીરાચંદ મોતીચંદ શાહ મહુવાવાળાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## શિંદે હવે હાંસિયામાં ધકેલાઈ જવાના છે: સંજય રાઉત

મુંબઈ: ઉદ્ધવ-સેનાના નેતા સંજય રાઉતે કહ્યું હતું કે એકનાથ શિંદેનો જાદુ પૂરો થઇ ગયો. શું એકનાથ શિંદેમાં શપથ ન લેવાની હિંમત છે કે શું, દિલ્હી સાથે પંગો લેવાની તાકાત હવે તેમના નથી રહી. અઢી વર્ષ પહેલાં હિંમત નહોતી એટલે પક્ષ છોડ્યો હતો. એકનાથ શિંદે હવે ક્યારે પણ મુખ્ય પ્રધાન નહીં બની શકે, તેમનો કાર્યકાળ પૂરો થઇ ગયો. ભાજપને જરૂર હતી એટલો સમય તેમનો ઉપયોગ કરી લીધો.

શિવસેનાના સાંસદ અને મુખ્ય પ્રવક્તા સંજય રાઉતે અજિત પવાર અંગે પણ મોટો દાવો કર્યો છે. દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે કહ્યું હતું કે અજિત પવારે દિલ્હીમાં બધું સમુસૂતરું પાર પડ્યું હોવાનો દાવો કર્યો હતો. જોકે અજિત પવારનું રાજકારણ વેગળું છે. દિલ્હીમાં શું બન્યું છે એની અને તેમના પર કઇ વિશિષ્ટ જવાબદારી નાખવામાં આવી છે તેની પણ મને ખબર છે, એવું જણાવીને સંજય રાઉતે અનેક તર્ક-વિતર્કને જન્મ આપ્યો છે.

બહુમતી મેળવ્યા પછી પણ ૧૨ દિવસ સુધી શપથ લઇ ન શક્યા, એ જ મોટી ખામી બતાવે છે. અંદરોઅંદર શી તડજોડ થઇ રહી છે એ અંગે જનતા બધું જ સમજે છે, એવી ટીકા પણ તેમણે કરી હતી.

તેમણે કહ્યું હતું કે, હવે શિંદે નવી સરકારમાં હાંસિયામાં ધકેલાઈ જશે.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ વળોટી હાલ મલાડના નિવાસી સુરેશભાઇ છગનલાલ પટેલ (ઉ.વ. ૮૫) મંગળવાર તા. ૩-૧૨-૨૪ના દેવલોક પામ્યા છે. તે સ્વ.જમનાબેન છગનલાલના પુત્ર. રમીલાબેનના પતિ. નીતા, સંજય, વિનોદ, કરિશ્માના પિતા. ભરત, બ્રિજેશ, હિના, અલ્પાના સસરા. સ્વ. વસંતભાઇ, સ્વ. લલિતાબેન, બચુભાઇ, રમાબેનના મોટાભાઇ. નીકિતા, શીખા, ખુશી, આરોહી, શનાયાના નાના દાદા. બેસણું સોમવાર, તા. ૯-૧૨-૨૪ના બપોરે ૨થી ૫, અને પુષ્પપાણી શનિવાર તા. ૧૪-૧૨-૨૪ના બપોરે ૨થી ૫. ઠે. ૨૦૭/૨૦૮, લિંક પ્લાઝા સોસાયટી, લિંક રોડ, બેંક ઓફ ઇન્ડિયાની બાજુમાં, ચિંચોલી બંદર, મલાડ (પ),લૌકિક રિવાજ બંધ છે.

**ભરૂચ મોઢ વણિક**

ભરૂચ હાલ મુંબઇ નિવાસી સ્વ. ભરતલાલ અને સ્વ. હંસાબેન મજમુદારના સુપુત્ર રોહિત (ઉં. વ. ૭૧) રવિવાર, તા. ૧-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે રાજેશ્રી રોહિત મજમુદારના પતિ. તે ઉર્વી અને ઇશિતાના પિતાશ્રી. શૈશવ અને પ્રણવના સસરા. નિરંજન, સ્વ. ગૌતમ, પરેશ, સુનીલના ભાઇ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૭-૧૨-૨૪ના શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ડાયમન્ડ સિનેમાની સામે, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ), સાંજે ૪થી ૬.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ અંજારના હાલ મુલુંડ નિવાસી અનિલભાઇ પ્રવીણચંદ્ર શેઠીયાના ધર્મપત્ની કાશમીરાબેન શેઠીયા (ઉ. વ.૬૦) તા. ૪-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે ઉર્વેશભાઇ, દિપેશભાઇ, વિવેકભાઇના માતુશ્રી. કરિશ્મા, હિના, જીનલના સાસુમા. પ્રીતના દાદીમા. પિયરપક્ષે મઉવાળા હાલ મુલુંડ નિવાસી સ્વ. પ્રભાવતી નારાણજીભાઇ સેજપાલના સુપુત્રી. સ્વ. વસંતબેન પ્રવીણચંદ્ર શેઠીયાની પુત્રવધૂ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૧૨-૨૪ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. કચ્છી લોહાણા મહાજનવાડી, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

મૂળ બગસરા નિવાસી હાલ કાંદિવલી સ્થિત સ્વ. ધીરજલાલ સુંદરજી માધાણીના ધર્મપત્ની હંસાબેન માધાણી (ઉં. વ. ૮૦) તા. ૫-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. વિજયાલક્ષ્મી પ્રભુદાસ ધ્રુવના દીકરી. સ્વ. સુરેશભાઇના બેન. નિતીનના માતા તુલ્ય, નિશાના સાસુ. સ્વ. શારદાબેન, ગં.સ્વ. ભાનુમતિ, અ. સૌ. કંચનબેન, સ્વ. શાંતિભાઇ, સ્વ. વ્રજલાલભાઇ, કાંતિભાઇ, દિલીપભાઇ, જયેશભાઇ, રમેશભાઇ માધાણીના ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

નાથાલાલ મગનલાલ સાંગાણી (ઉ. વ.૮૬) તા. ૪-૧૨-૨૪ બુધવારના લંડન મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પુષ્પાબેનના પતિ. ભાવેશભાઇ, મીનાબેન, માલાબેનના પિતા. પૂજા ભાવેશ સાંગાણી, કિર્તીકુમાર મનહરલાલ કાટકોરીયા, ભાવેશકુમાર ચંદુલાલ ઝવેરીના સસરા. રાધીકા, જાનકીના દાદા. ઋષભ, ક્ષમા, ભક્તિ, નિહારીકાના નાના. લૌકિક પ્રથા બંધ છે.

**નવગામ ભાટિયા**

મોઢવાળા હાલ વિરાર ચંદ્રકાંત હરિદાસ છીછીયા (ઉ. વ. ૮૬) તે સ્વ. ભારતીબેનના પતિ. ગં. સ્વ જીજ્ઞા પૂર્ણેશ છીછીયાના સસરા. પ્રેરક તથા ક્રિષાના દાદા રોમા ના દાદાસસરા. સ્વ. રાજનભાઈ, સ્વ. દ્વારકેશભાઈ, સ્વ. મધુબેનના ભાઈ. સ્વ. ચંદુભાઈ, પ્રકાશભાઈ મુળજીભાઈ વૈદ, માલાબેન, ગીતાબેન ના બનેવી. તે ૩/૧૨/૨૪ ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૭/૧૨/૨૪ ના રોજ ૪ થી ૬ કલાકે તેરાપંથી ભવન, લક્ષ્મી કુટિર બિલ્ડીંગ સામે, અહિંસા માર્ગ, હવેલી ગલ્લી, શ્રેય હોટલની બાજુમાં, વિરાર વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ભાવનગર નિવાસી હાલ કાંદિવલી સ્વ. ચંદુલાલ નાગરદાસ શેઠના ધર્મપત્ની ગં. સ્વ. અરુણાબેન (ઉં. વ. ૮૬) તે ૪/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે ચેતન, ઉદય, રશ્મિન, ભાવનાના માતુશ્રી. કામિની, લતા, ઝરણાં, હેમંતકુમારના સાસુ, સ્વ. કુંદનબેન, કુસુમબેન, હસમુખભાઈ, ભુપેન્દ્રભાઈ ના બહેન, પોરબંદરવાળા સ્વ. વ્રજલાલ ભુદરભાઈ મહેતાના દીકરી. સર્વ પક્ષની પ્રાર્થનાસભા ૬/૧૨/૨૪ ના રોજ ૫ થી ૭ કલાકે પંચશીલ ગાર્ડન, ક્લબ હાઉસ, ગ્રેટર બેન્ક સામે, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

ડુંગરવાળા હાલ દહીંસર સ્વ.સવિતાબેન (શાંતાબેન) મથુરાદાસ મહેતાના પુત્ર ચીમનભાઈ (ઉં. વ. ૮૪)તે નીતાબેનના પતિ. સૌ. માધવી રોહિતકુમાર પારેખ, સૌ. નીલા રાજેશ પટેલ, સૌ. બીજલ ભાવિન ચંદે, સૌ.મમતા કેતન પારેખ, સ્વ.રમણીકભાઈ, સ્વ.હેમલતા વિનોદરાય મહેતા, ગં.સ્વ. કળાબેન હેંમતકુમાર પારેખ, સૌ.મધુકાંતા ગોપાલદાસ પારેખના ભાઈ. ગં.સ્વ. રેખાબેનના દિયર, કેશોદ સ્વ. નિલમબેન શાંતિલાલ સાકરલાલ શાહના જમાઈ. તા.૧૭/૧૧/૨૪ને રવિવારના ભાવનગર મુકામે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

દ્વારકા નિવાસ હાલ મુંબઈ, કાંદિવલી સ્વ. મહેન્દ્રભાઈ ભગવાનદાસ મણિયારના ધર્મપત્ની ઇન્દુબેન (ઉં. વ. ૮૩) તા. ૪-૧૨-૨૪ના શ્રીજી ચરણ પામેલ છે. તે જયેશ (રાજુ) તથા હિનાબેનના માતુશ્રી. તે નયનાબેન તથા ભરતભાઈ શાહ સાસુ, સ્વ. કુસુમબેન જયંતીલાલ ઘીયા ની સુપુત્રી હાર્દિક ના દાદી. તે સ્વ. હસમુખરાય, સ્વ. કિશોરભાઈ, દિલીપભાઈ, પ્રવીણભાઈ, સ્વ. ધનાબેન, સ્વ. પદુબેન, ઉષાબેન, રૂપાબેન, સ્વ.ભારતીબેન અને ઇલાબેનના ભાભી લૌકિક પ્રથા બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સેલિબ્રિટીઓની ભરમાર...

# મોદી-શાહથી લઈને સલમાન-શાહરૂખ, મુકેશ અંબાણીથી લઈને સચિન તેંડુલકર શપથ ગ્રહણ સમારોહમાં હાજર












મુંબઈના આઝાદ મેદાનમાં મહાગઠબંધન સરકારના શપથ ગ્રહણ સમારોહમાં દેશભરમાંથી રાજકીય નેતાઓ, બોલિવૂડની હસ્તીઓ અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવો હાજર હતા.

મહારાષ્ટ્રની નવી સરકારની ગઈ કાલે આઝાદ મેદાનમાં યોજવામાં આવેલી શપથવિધિમાં મોટી સંખ્યામાં મહિલાઓએ હાજરી આપી હતી.

તસવીરોઃ જયપ્રકાશ કેળકર, અમય ખરાડે અને પીટીઆઈ.

## કોણ - કોણ આવ્યું?

વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, કેન્દ્રીય પ્રધાન નીતિ ગડકરી, ભાજપના અધ્યક્ષ જે. પી. નડ્ડા, કેન્દ્રીય પ્રધાનો નિર્મલા સીતારામણ, શિવરાજસિંહ ચૌહાણ, જ્યોતિરાદિત્ય સિંધિયા અને રામદાસ આઠવલે, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, આસામના મુખ્ય પ્રધાન હેમંતા બિસ્વા સરમા, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, બિહારના મુખ્ય પ્રધાન નિતિશ કુમાર, અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખંડુ, ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર ધામી, હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈની અને ગોવાના મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંત સહિત ભાજપશાસિત રાજ્યોના મુખ્ય પ્રધાનો અને નાયબ મુખ્ય પ્રધાનો આ કાર્યક્રમ માટે મુંબઈ આવ્યા હતા. સલમાન ખાન, શાહરૂખ ખાન, સચિન તેંડુલકર, વિક્રાંત મેસ્સી, જય કોટક, એકતા કપૂર, મુકેશ અંબાણી, અનંત અંબાણી, કુમારમંગલમ બિરલા, જાહન્વી કપૂર, વિદ્યા બાલન, સિદ્ધાર્થ કપૂર, વરુણ ધવન, અનિલ અંબાણી, માધુરી દીક્ષિત, શ્રીરામ નેને, રણબીર કપૂર, રણવીર સિંહ, સંજય દત્ત, ગીતાંજલિ કિર્લોસ્કર, બિરેન્દ્ર સરાફ, રાજેશ અદાણી, મનોજ સૌનિક, કે. કે. તાતેડ, નિખિલ મેસવાણી, હેતલ મેસવાણી, રોહિત શેટ્ટી, અર્જુન કપૂર, એટલી, બોની કપૂર, શ્રદ્ધા કપૂર, બાદશાહ, જહોન અબ્રાહમ, વિકી કૌશલ, ખુશી કપૂર, રૂપાલી ગાંગુલી, સુધાકર શેટ્ટી, કુમારમંગલમ બિરલા અને નોએલ ટાટા સહિત અનેક સેલિબ્રિટીઓ કાર્યક્રમમાં હાજર લોકોમાં જોવા મળ્યા હતા.■

# શપથવિધિમાં બેસ્ટે ૫૮૨ બસ મોકલતા મુંબઈગરાઓના થઈ ગયા હાલહવાલ

**પોણોથી એક કલાક બસની રાહ જોવી પડીઃ અનેક બસસ્ટોપ પર બોલાચાલી**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં આઝાદ મેદાનમાં યોજાયેલા શપથગ્રહણ સમારંભને કારણે ગુરુવારે સામાન્ય મુંબઈગરાને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શપથવિધિ સમારંભ માટે મોટી સંખ્યામાં હાજર રહેનારા લોકો માટે ‘બેસ્ટ’ની બસોને તહેનાત કરવામાં આવતા રસ્તા પરથી બસો ગાયબ થઈ ગઈ હતી. દક્ષિણ મુંબઈના અનેક વિસ્તારોમાં રસ્તા પર ઓછી બસ દોડતા પોણોથી એક કલાક સુધી લોકોને બસની રાહ જોતા લાઈનમાં ઊભું રહેવું પડ્યું હતું.

બેસ્ટના કાફલામાં ૩,૧૭૫ બસ છે, તેમાંથી બેસ્ટની માલિકની ૧,૦૦૩ અને ભાડા પર ૨,૧૭૨ બસ છે. મુખ્ય પ્રધાનના શપથ સમારંભ માટે રાજકીય પક્ષ તરફથી કરવામાં આવેલી માગણી મુજબ બેસ્ટ ઉપક્રમ દ્વારા ૫૮૨ બસ મોકલવામાં આવી હતી. તેથી બાકી બચેલી બસમાંથી મુંબઈગરા માટે આયોજન કરવામાં બેસ્ટ પ્રશાસન નિષ્ફળ ગયું હતું અને તેને કારણે રસ્તા પર ઓછી બસ દોડતા સામાન્ય નાગરિકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડયો હતો.

પહેલાથી જ બેસ્ટના કાફલામાં ઓછી બસ છે, તેમાં પાછું પોણા છસ્સો જેટલી બસોને શપથ-સમારંભના કાર્યક્રમમાં મોકલી દેવામાં આવી હતી, તેથી રસ્તા પર ઓછી બસ દોડવાને કારણે રોજ બસમાં મુસાફરી કરનારા પ્રવાસીઓને કલાકો સુધી બસની રાહ જોતા લાઈનમાં ઊભા રહેવાની ફરજ પડી હતી. ઓછું હોય તેમ દક્ષિણ મુંબઈમાં આઝાદ મેદાનમાં કાર્યક્રમ હોવાને કારણે અનેક રૂટ પર બસને ડાઈવર્ટ કરવામાં આવી હતી. તો અમુક રૂટને ટૂંકાવી દેવામાં આવ્યા હતા, જેમા મુખ્યત્વે દક્ષિણ મુંબઈમાં ફોર્ટ, મરીન લાઈન, ચર્ચગેટ જેવા વિસ્તારોમાં બસને ડાઈવર્ટ કરવામાં આવતા ઓફિસ જનારાઓને હેરાન થવું પડયું હતું.

એક તરફ મુસાફરો માટે રસ્તા પર ઓછી બસ દોડવાને કારણે બસ સ્ટોપ પ્રવાસીઓની લાંબી લાઈનો જોવા મળી હતી. તો બીજી તરફ શપથવિધિ સમારંભ માટે મોકલવામાં આવેલી બસ વપરાયા વગર ખાલી એમ ઊભી રહી હોવાની ફરિયાદ પણ અનેક લોકોએ કરી હતી અને ફોર્ટ, ચર્ચગેટ સહિતના વિસ્તારમાં આવેલા બસ સ્ટોપ અનેક જગ્યાએ બોલાચાલી થઈ ગઈ હોવાના બનાવ પણ બન્યા હતા. ■

# અજિત પવારઃ મહારાષ્ટ્રના ‘કાયમી’ ડેપ્યુટી સીએમ

મુંબઈઃ તેમના રાજકીય ગ્રહણની આગાહીઓને ખોટી પાડીને, એનસીપીના વડા અજિત પવારે માત્ર ભાજપની આગેવાની હેઠળની મહાયુતિમાં જ નહીં,પરંતુ છઠ્ઠી વખત નાયબ મુખ્ય પ્રધાન બનીને મહારાષ્ટ્રના રાજકારણમાં પણ તેમનું સ્થાન મજબૂત કર્યું છે.

એનસીપીના સ્થાપક અને તેમના કાકા શરદ પવાર સામે બળવો કર્યાના એક વર્ષથી વધુ સમય પછી અજિત પવાર હવે તેમના પડછાયામાંથી નિશ્ચિતપણે બહાર આવ્યા છે. તેમણે ગુરુવારે સાંજે અહીં એક ભવ્ય સમારોહમાં દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વવાળી સરકારમાં નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. વિવિધ સરકારોમાં બહુવિધ વખત ડેપ્યુટી સીએમ રહી ચૂકેલા ૬૫ વર્ષીય અજિત પવારનું મુખ્ય પ્રધાન બનવાનું સ્વપ્ન હજુ અધૂરું છે.

તેમના વિરોધીઓ તેમની ’કાયમી નાયબ મુખ્ય પ્રધાન’ તરીકે મજાક ઉડાવે છે, પરંતુ મહારાષ્ટ્રના રાજકારણમાં ૨૦૧૯ પછી તેઓ અંતિમ સર્વાઈવર સાબિત થયા છે.

અજિત પવાર શરદ પવારના મોટા ભાઈ અનંતરાવ પવારના પુત્ર છે, જેમનું અવસાન અજિત ૧૮ વર્ષના હતા ત્યારે થયું હતું. તેમણે ૧૯૮૨માં શરદ પવારના પગલે ખાંડ સહકારી મંડળના બોર્ડમાં ચૂંટાઈ રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. ■

# એકનાથ સંભાજી શિંદેઃ મહારાષ્ટ્રના ‘લાડકા ભાઉ’

મુંબઈઃ ૨૦૨૨માં શિવસેના સાથે બળવાખોરી કરીને મુખ્ય પ્રધાન તરીકે કર્તા અને ક્રિયાઓની છાપ ઊભી કરનારા પીઢ રાજકારણી એકનાથ સંભાજી શિંદેએ ખૂબ ટૂંકા ગાળા અઢી વર્ષ માટે મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારમાં નેતૃત્વ કર્યું.

ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની નવી સરકારમાં ગુરુવારે શિંદેએ નાયબ મુખ્ય પ્રધાન તરીકેના શપથ લેતાં તેમના પ્રખર સમર્થકો દ્વારા તેમનું ડિમોશન થયું હોવાનું જોવા મળ્યું હતું. નવેમ્બર મહિનામાં થયેલી વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ બાદ ભૂતપૂર્વ ઓટો-રિક્ષા ડ્રાઈવર શિવસેનાના સાચા વારસદાર હોવાનો દાવો કરી શકે છે.

૬૦ વર્ષીય ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન થાણે જિલ્લાના કોપરી-પાચપખાડીમાંથી એકનાથ શિંદેએ અદ્ભુત વિજય હાંસલ કર્યો હતો. તેમના પક્ષે લડેલી ૮૧ બેઠકમાંથી ૫૭ બેઠક જીતી હતી. તેમના પુરોગામી ઉદ્ધવ ઠાકરેએ માત્ર ૨૦ બેઠકો જ જીતી હતી.

મુખ્ય પ્રધાન તરીકે તેમના કાર્યકાળ દરમિયાન (૩૦મી જૂન, ૨૦૨૨થી ૪થી ડિસેમ્બર, ૨૦૨૪) શિંદેએ ૨૪/૭ રાજકારણી તરીકેની છબિ પ્રાપ્ત કરી હતી. તેમના કાર્યકાળ દરમિયાન કોસ્ટલ રોડ, મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક (અટલ સેતુ) મેટ્રો રેલ, નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ, નાગપુર સમૃદ્ધિ હાઈવે અને ધારાવી જેવા અનેક પ્રોજેક્ટો અમલી બન્યા હતા.

મહાયુતિએ વિધાનસભાની ચૂંટણીમાં બહુમતથી વિજય મેળવ્યો એમાં તેમનું યોગદાન મહત્ત્વનું રહ્યું હતું અને લાડકી બહીણ ગેમ ચેન્જર સાબિત થઇ હતી. આ યોજના મહિલાઓમાં એટલી લોકપ્રિય બની હતી કે એકનાથ શિંદેને ‘લાડકા ભાઉ’નું બિરુદ મળ્યું હતું. ■

# શિંદેના સસ્પેન્સ ડ્રામા વચ્ચે અજિતદાદાએ કાકાના પક્ષમાં ફૂટ પાડવાનો ખેલો કરી નાખ્યો

**બધા ફડણવીસ-શિંદેમાં બિઝી છે ત્યારે અજિત પવારનો મોકે પે ચોક્કા**

મુંબઈઃ મહારાષ્ટ્રની ચૂંટણીમાં મહાયુતિએ પ્રચંડ બહુમતી સાથે વિજય મેળવ્યો છે. ત્યાર બાદ સીએમપદને લઈને થઈ રહેલી ભાંજગડ અને મડાગાંઠનો પણ હવે ઉકેલ આવી ગયો છે. ભાજપના દેવેન્દ્ર ફડણવીસ ત્રીજી વાર મુખ્ય પ્રધાન બનવા જઇ રહ્યા છે. તો અજિત પવાર પણ છઠ્ઠી વખત મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન બનીને ઈતિહાસ રચવા જઈ રહ્યા છે.

અજિત પવાર ચૂપચાપ ખેલા કરવાના મૂડમાં છે. અજિત પવાર શાંતિથી બેસી રહેવાના મૂડમાં નથી. તેમના મગજમાં અનેક યોજનાઓ ચાલુ છે, જેનો તેમણે અમલ પણ શરૂ કરી દીધો છે.

રાજ્યમાં મુખ્ય પ્રધાનપદનું સસ્પેન્સ ખતમ થયા પછી પણ હજી પણ અનેક ટ્વિસ્ટ અને ટર્ન્સ જોવા મળી શકે છે. આધારભૂત સૂત્રો જણાવે છે કે શરદ પવારના ઘણા સાંસદો પક્ષ બદલીને અજિત પવાર સાથે જોડાઈ શકે છે. અજિત પવાર જૂથે શરદ પવારની પાર્ટીના સાંસદોને પોતાની બાજુમાં લાવવાના પ્રયાસો શરૂ કરી દીધા છે. આ કામ માટે પાર્ટીની એક વરિષ્ઠ મહિલા નેતાને સાંસદોનો સંપર્ક કરવાની જવાબદારી આપવામાં આવી છે, એમ પણ જાણવા મળ્યું છે. અને કેટલા સાંસદો અને નેતાઓ તેમના સંપર્કમાં આવે છે. લોકસભા ચૂંટણીમાં અજિત પવારનો માત્ર એક જ સાંસદ ચૂંટાયો હતો, હવે એવું માનવામાં આવે છે કે શરદ પવારના જૂથના ઘણા સાંસદો અજિત પવાર જૂથમાં સામેલ થઇ શકે છે.

અનસીપી અજિત પવાર જૂથના અમોલ મિટકરીએ તો સોશિયલ મીડિયા પર આડકતરી રીતે સંકેત આપતા રોહિત પવારને ખુલ્લો ટોણો મારતા સોશિયલ મીડિયા પર લખ્યું છે કે તમે લોકશાહી બચાવવાની મોટી મોટી વાતો કરી રહ્યા છો અને તમારી પાર્ટીના સાંસદો અને વિધાન સભ્યો પક્ષ બદલવાની વેતરણમાં છે. તેઓ અમારા પક્ષના નેતાઓ સાથે બેઠકો કરી રહ્યા છે. ■



મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન તરીકે શપથ લેતા પહેલા દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે સવારે સિદ્ધિવિનાયક મંદિરમાં જઈને દર્શન કર્યા હતા.



દેવેન્દ્ર ફડણવીસ ઘરેથી નીકળ્યા ત્યારે તેમની માતાએ તેમના કપાળે તિલક કર્યું હતું.

# દેવેન્દ્ર સરિતા ગંગાધરરાવ ફડણવીસ.... શપથવિધિ પહેલા દેવાભાઉએ માતાને આપી અદ્ભુત ભેટ

મુંબઈઃ ભાજપના વરિષ્ઠ નેતા દેવેન્દ્ર ફડણવીસ તાજેતરની રાજ્યની ચૂંટણીઓમાં પાર્ટીની નિર્ણાયક જીત બાદ ત્રીજી વખત મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન તરીકે શપથ લેવા તૈયાર છે. મહાયુતિ સરકાર ૨.૦નો શપથ સમારોહ આજે મુંબઈના આઝાદ મેદાનમાં સાંજે ૫.૩૦ કલાકે યોજાવા જઈ રહ્યો છે.

દરમિયાન એક ખાસ બાબતની ચર્ચા થઇ રહી છે અને તે છે દેવેન્દ્ર ફડણવીસના મુખ્ય પ્રધાન તરીકેના શપથ ગ્રહણ સમારોહ માટે મોકલવામાં આવેલું આમંત્રણ કાર્ડ. આ કાર્ડ ઘણું જ ખાસ છે. આ કાર્ડે બધાને ચોંકાવી દીધા છે અને ભાવુક પણ કરી દીધા છે.

મહારાષ્ટ્રમાં ભાજપની જંગી જીતમાં મહિલાઓનો ફાળો છે. આમંત્રણ કાર્ડમાં એની ઝલક જોવા મળે છે. ત્રીજી વખત સીએમ તરીકે શપથ લેતા પહેલા ફડણવીસે તેમની માતાને ખાસ ભેટ આપી છે. તેમણે આમંત્રણ કાર્ડમાં માતાનું નામ ઉમેર્યું છે.

દેવેન્દ્ર ફડણવીસના શપથ ગ્રહણ સમારોહના આમંત્રણ કાર્ડમાં તેમને દેવેન્દ્ર સરિતા ગંગાધરરાવ ફડણવીસ તરીકે સંબોધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે ફડણવીસના માતા લાઇમલાઇટથી જોજનો દૂર છે, પમ તેમને તેમના પુત્ર પર ગર્વ છે. તેઓ પણ ઈચ્છે છે કે તેમનો પુત્ર રાજગાદી સંભાળે. ■

# મેં ઘરમાં નવજાત પુત્રને હાથમાં લઈને આંટા મારતી વખતે ટીવીમાં જોયું કે રાહુલ ઓપનિંગમાં ખૂબ જ સારું રમી રહ્યો હતોઃ રોહિત

## કૅપ્ટને સ્પષ્ટતા કરી દીધી કે 'કે. એલ. ઓપનિંગમાં રમશે અને હું મિડલમાં'

ઍડિલેઇડઃ કૅપ્ટન રોહિત શર્માએ અહીં શુક્રવારે (સવારે ૯.૩૦ વાગ્યાથી) શરૂ થનારી પિન્ક બૉલ ડે/નાઇટ ટેસ્ટ મૅચ પહેલાં પત્રકારો સાથેની વાતચીતમાં જે કંઈ કહ્યું એને પગલે હવે ઘણા દિવસથી ભારતના બૅટિંગ-ઑર્ડરને લઈને જે ચર્ચા થતી હતી એના પર પૂર્ણવિરામ મૂકાયું છે અને હવે એના પરની અટકળો બંધ થઈ જશે. આ મુદ્દો ઓપનિંગ બૅટિંગ હરોળને લગતો છે.

રોહિતે ખાસ કરીને પોતાના તેમ જ કેએલ રાહુલના બૅટિંગ-ક્રમ વિશે પૂછાતાં કહ્યું, 'તે (રાહુલ) ઓપનિંગમાં જ રમશે અને હું મિડલ-ઑર્ડરના કોઈક નંબર પર રમીશ.'

પર્થની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં ભારતે માત્ર ૧૫૦ રન બનાવ્યા હતા. ઓપનિંગમાં યશસ્વી જયસ્વાલ ઝીરોમાં આઉટ થઈ ગયો હતો, પણ રાહુલ ૧૦૯ મિનિટ સુધી ક્રીઝમાં રહ્યો હતો અને ૭૪ બૉલનો સામનો કરીને તેણે ૨૬ રન બનાવ્યા હતા. ઑસ્ટ્રેલિયાએ પહેલા દાવમાં ૧૦૪ રન બનાવ્યા હતા. બીજા દાવમાં યશસ્વીએ ૧૬૧ રન બનાવ્યા હતા અને રાહુલે તેની સાથે ૨૦૧ રનની વિક્રમી ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી. રાહુલે પાંચ કલાક સુધી બૅટિંગ કરી હતી અને ૧૭૬ બૉલમાં ૭૭ રન બનાવીને ભારતના તોતિંગ સ્કોર (૪૮૭/૬)નો મજબૂત પાયો નાખ્યો હતો. કાંગારૂઓ ૫૩૪ રનના લક્ષ્યાંક સામે ૨૩૮ રન બનાવી શક્યા અને ભારતે ૨૯૫ રનથી વિજય મેળવ્યો હતો.

ઠરેલ મગજવાળા રાહુલે પર્થમાં ઓપનિંગમાં મુશ્કેલીના સમયમાં જે બૅટિંગ-ટેક્નિક બતાવી એ કાબિલેદાદ હતી. તેનો આ અભિગમ રોહિતને પ્રભાવિત કરી ગયો છે એટલે જ તેણે પોતાને મિડલ-ઑર્ડરમાં રમવાની તૈયારી બતાવી છે.

પત્રકારો સાથેની વાતચીતમાં રોહિતનો સૂર એવો હતો જેમાં તે પર્થમાં ટીમને સફળતા અપાવનાર વિનિંગ કૉમ્બિનેશનમાં કોઈ જ ફેરફાર કરવા નથી માગતો. તેણે કહ્યું, 'મેં નીચલા ક્રમે બૅટિંગ કરવાનું કેમ નક્કી કર્યું એનું કારણ સ્પષ્ટ છે. અમને પરિણામમાં અને સફળતામાં રસ છે. તેમણે (યશસ્વી અને રાહુલે) ઓપનિંગમાં ખૂબ સારું પર્ફોર્મ કર્યું. હું તો ઘરમાં મારા નવજાત પુત્ર (અહાન)ને હાથમાં લઈને આંટા મારતો હતો અને સાથે-સાથે ટીવી પણ જોતો હતો. રાહુલ ઓપનિંગમાં જે રીતે રમી રહ્યો હતો એ મેં બરાબર નિહાળ્યું. ખરેખર, તે ખૂબ જ સારું રમી રહ્યો હતો. ત્યારે જ મને થયું કે ઓપનિંગની જોડીમાં ફેરફાર કરવાની કોઈ જ જરૂર નથી.'

રાહુલે આઠ ટેસ્ટ સેન્ચુરીમાંથી પાંચ સેન્ચુરી ઑસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા અને ઇંગ્લૅન્ડમાં ફટકારી છે. રોહિતનું એવું માનવું છે કે નવા બૉલનો સામનો કરવા માટે તેની દૃષ્ટિએ હાલમાં તો રાહુલ જ શ્રેષ્ઠ છે. રોહિતે કહ્યું, 'પહેલી ટેસ્ટમાં જે કંઈ બની ગયું (ખાસ કરીને રાહુલની બૅટિંગના સંબંધમાં) અને રાહુલે ભારત બહારની પિચો પર જે પર્ફોર્મ કર્યું છે એના પરથી મને લાગે છે કે તે ઓપનિંગમાં રમવાને લાયક છે જ. આપણે બધા જાણીએ છીએ કે પ્રથમ ટેસ્ટમાં આપણને સફળતા અપાવવામાં તેમની (યશસ્વી-રાહુલની) ભાગીદારીનું બહુ મોટું યોગદાન હતું.'

રોહિત પર્થ ટેસ્ટના વિજયની બાબતમાં બેહદ ખુશ પણ હતો. તેણે કહ્યું, 'અહીં ઑસ્ટ્રેલિયા આવીને પર્થ જેવા સ્થળે એક દાવમાં ૫૦૦ જેટલા રન બનાવવા એ બહુ મોટી સિદ્ધિ કહેવાય. એના પરથી જ સ્પષ્ટ થાય છે કે વિનિંગ કૉમ્બિનેશનમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી.'

તમારી અને કેએલ રાહુલ વચ્ચે આ સંબંધમાં શું ચર્ચા થઈ? એવું એક પત્રકારે પૂછતા રોહિતે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે 'અમારી એ ચર્ચાની કોઈ જ વિગત હું શૅર કરવા નથી માગતો. અમારી વચ્ચેની એ અંગત ચર્ચા હતી. એ હું શૅર ન કરી શકું.'

# અભિષેક શર્માએ ઉર્વિલ પટેલના ભારતીય વિક્રમની રાજકોટમાં આઠ જ દિવસમાં બરાબરી કરી

## હૈદરાબાદના ૨૪ કરોડ રૂપિયાવાળા અભિષેકે ઋતુરાજ, કિશન, શ્રેયસનો વિક્રમ પણ તોડી નાખ્યો

રાજકોટઃ ટી-૨૦ ક્રિકેટમાં સૌથી ઓછા બૉલમાં (ફાસ્ટેસ્ટ) ટી-૨૦ સેન્ચુરી ફટકારવાનો નવો ભારતીય વિક્રમ નોંધાયો એના આઠ જ દિવસમાં એ રેકૉર્ડની બરાબરી થઈ ગઈ છે. પંજાબના અભિષેક શર્માએ ગુજરાતના આક્રમક બૅટર ઉર્વિલ પટેલના ૨૮ બૉલની સદીવાળા ભારતીય રેકૉર્ડની બરાબરી કરી છે.

૨૭મી નવેમ્બરે ઇન્દોરમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ત્રિપુરા સામેની મૅચમાં ગુજરાતના ઉર્વિલ પટેલે (૧૧૩ અણનમ, ૩૫ બૉલ, બાર સિક્સર, સાત ફોર) ૨૮ બૉલમાં સદી પૂરી કરીને નવો ભારતીય રેકૉર્ડ રચ્યો હતો. ૨૬ વર્ષના ઉર્વિલે ત્યારે ૩૨ બૉલમાં સદી પૂરી કરનાર દિલ્હીના રિષભ પંતનો ૨૦૧૮ની સાલનો ભારતીય વિક્રમ તોડ્યો હતો. પંતે ત્યારે હિમાચલ પ્રદેશ સામેની મૅચમાં એ વિક્રમ નોંધાવ્યો હતો.


ઉર્વિલ પટેલ (ડાબે) અને અભિષેક શર્મા (બીસીસીઆઈ)

ગુરુવારે રાજકોટમાં પંજાબના અભિષેક શર્માએ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં મેઘાલય સામેની ૨૮ બૉલમાં સદી પૂરી કરી હતી. અભિષેકે કુલ ૨૯ બૉલમાં અગિયાર સિક્સર અને આઠ ફોરની મદદથી અણનમ ૧૦૬ રન બનાવીને પંજાબને મેઘાલય સામે વિજય અપાવ્યો હતો. ૨૪ વર્ષના અભિષેકે આ મૅચમાં બે વિકેટ પણ લીધી હતી. મેઘાલયે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૪૨ રન બનાવ્યા બાદ પંજાબે ફક્ત ૯.૩ ઓવરમાં ત્રણ વિકેટે ૧૪૪ રન બનાવીને (૬૩ બૉલ બાકી રાખીને) વિજય મેળવ્યો હતો.

ટી-૨૦ ક્રિકેટમાં સૌથી ઓછા બૉલમાં (ફાસ્ટેસ્ટ) સેન્ચુરીનો વર્લ્ડ રેકૉર્ડ એસ્ટોનિયાના ભારતીય મૂળના ખેલાડી સાહિલ ચૌહાણના નામે છે. તેણે આ વર્ષના જૂનમાં સાયપ્રસ સામે ૨૭ બૉલમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા.

અભિષેકે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ચોથી સદી ફટકારી છે જે આ ટૂર્નામેન્ટનો નવો વિક્રમ છે. તેણે ત્રણ-ત્રણ સદી ફટકારનાર ઉન્મુક્ત ચંદ, ઋતુરાજ ગાયકવાડ, ઇશાન કિશન અને શ્રેયસ ઐયરનો વિક્રમ તોડી નાખ્યો છે.

૨૦૨૪ની આઇપીએલમાં લેફ્ટ-હૅન્ડ બૅટર અભિષેકે ઑસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડ સાથેની જોડીમાં ઘણા વિક્રમો રચ્યા હતા. અભિષેકને સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમે ૧૪ કરોડ રૂપિયામાં જાળવી રાખ્યો છે.

# આઇસીસીના યંગેસ્ટ ચૅરમૅન જય શાહે હેડ ક્વૉર્ટરની મુલાકાત લીધા પછી સંકલ્પ જાહેર કર્યો કે...

દુબઈઃ ક્રિકેટજગતનું સંચાલન કરતી સર્વોચ્ચ સંસ્થા ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના સૌથી યુવા અધ્યક્ષ જય શાહે સત્તારૂઢ થયા બાદ ગુરુવારે અહીં દુબઈમાં પહેલી જ વખત આઇસીસીના હેડ ક્વૉર્ટરની મુલાકાત લીધી હતી અને આ ઐતિહાસિક પ્રસંગે સંકલ્પ વ્યક્ત કર્યો હતો કે તેઓ ક્રિકેટની રમતને અભૂતપૂર્વ ઊંચાઈએ લઈ જશે.

૩૬ વર્ષના જય શાહ ઑગસ્ટમાં આઇસીસીના ચૅરમૅનપદે બિનહરીફ ચૂંટાયા હતા. તેઓ આ સર્વોચ્ચ સ્થાન હાંસલ કરનાર ભારતના પાંચમા ક્રિકેટ-વહીવટીકર્તા છે. તેમની મુદત પહેલી ડિસેમ્બરે શરૂ થઈ હતી.

જય શાહે સત્તાવાર યાદીમાં જણાવ્યું હતું કે 'આઇસીસી વડામથક ખાતેની મારી આ મુલાકાત ખૂબ જ પરિણામલક્ષી અને પ્રેરક બની. હેડ ક્વૉર્ટરની વિઝિટ કરીને હું ખૂબ જ રોમાંચિત છું. મને આ મુલાકાતથી જે પ્રોત્સાહન મળ્યું છે એની આ તો હજી



શરૂઆત છે. ક્રિકેટની રમતને અભૂતપૂર્વ ઊંચાઈએ લઈ જવા માટેની તનતોડ મહેનતની શરૂઆત થઈ ચૂકી છે અને મને વિશ્વાસ છે કે આપણે બધા ભેગા મળીને આપણું આ વિઝન હાંસલ કરીશું. આ વિઝિટ દરમ્યાન મને આઇસીસી બોર્ડમાંના સહ-વહીવટકર્તાઓ સાથે સીધો સંપર્ક બનાવવાની મને બહુમૂલ્ય તક મળી. અમે પ્રારંભિક રોડ-મૅપ અને સ્ટ્રૅટેજીઓ પર ચર્ચા કરી. આવનારા સમયમાં શું કરવું એની યોજના અને વ્યૂહ પર અમે જે ચર્ચા કરી એનાથી હું બેહદ ખુશ છું. એક વાતથી હું પૂરેપૂરો વાકેફ છું કે ક્રિકેટની રમતના વિકાસ સંબંધમાં પડદા પાછળ આઇસીસીની નિષ્ઠાવાન ટીમની મહત્ત્વની ભૂમિકા રહી છે.'

આઇસીસીના નાયબ અધ્યક્ષ ઇમરાન ખ્વાજાએ હેડ ક્વૉર્ટરમાં જય શાહનું સ્વાગત કર્યા બાદ એક સત્તાવાર યાદીમાં કહ્યું હતું કે 'આઇસીસી બોર્ડ વતી હું જય શાહનું હાર્દિક સ્વાગત કરું છું. જય શાહની મહત્ત્વકાંક્ષા અને અનુભવ આઇસીસીને માર્ગદર્શન આપવામાં તેમ જ ક્રિકેટના ભાવિ માટે ચાવીરૂપ બની રહેશે. આઇસીસીને સફળતાઓ અપાવવા જય શાહ સાથે તેમ જ આઇસીસીની સમગ્ર ટીમ સાથે કામ કરવા સંબંધમાં હું ખૂબ આશાવાદી છું.'

# ગુકેશ-લિરેન મુકાબલામાં માત્ર પાંચ ગેમ બાકી, વર્લ્ડ ચૅમ્પિયનને મળશે ૨૧.૧૭ કરોડ રૂપિયાનું તોતિંગ ઇનામ

## આજે રેસ્ટ ડે છે અને શનિવારે તેઓ ફરી મુકાબલો શરૂ કરશે

સિંગાપોરઃ વર્લ્ડ ચેસ ચૅમ્પિયનશિપમાં હજી કોઈ નિર્ણાયક તબક્કો નથી આવ્યો. ભારતના ૧૮ વર્ષના ડી. ગુકેશ અને ચીનના ૩૨ વર્ષીય ડિફેન્ડિંગ ચૅમ્પિયન ડિન્ગ લિરેન

વચ્ચે ગુરુવારની નવમી ગેમ ડ્રૉમાં પરિણમી હતી.

બન્ને વચ્ચે છેલ્લી તમામ છ ગેમ (કુલ સાત ગેમ) ડ્રૉમાં ગઈ છે અને ગુકેશ-લિરેન, બન્નેના નામે ૪.૫-૪.૫ પૉઇન્ટ છે.

બેમાંથી જે ખેલાડી ૭.૫ પૉઇન્ટ પર પહોંચશે તે વર્લ્ડ ચૅમ્પિયન કહેવાશે અને તેને ૨.૫ મિલિયન ડૉલર (અંદાજે ૨૧.૧૭ કરોડ રૂપિયા)નું પ્રથમ ઇનામ મળશે.

ગુકેશ આ મુકાબલામાં ચીનના વિશ્વવિજેતા લિરેનને બરાબર ટક્કર આપી રહ્યો છે. બન્ને ખેલાડીને ૭.૫ પૉઇન્ટના આંક પર સૌથી પહેલાં પહોંચવા ત્રણ પૉઇન્ટની જરૂર છે. શુક્રવારે રેસ્ટ ડે છે અને શનિવારે તેઓ ફરી મુકાબલો શરૂ કરશે.

કુલ નવમાંથી પહેલી ગેમ લિરેન જીત્યો હતો અને ત્રીજી ગેમમાં ગુકેશનો વિજય થયો હતો. બીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી તેમ જ નવમી ગેમ ડ્રૉમાં પરિણમી છે.

ગુરુવારની નવમી ગેમમાં બન્ને ખેલાડી ૫૪મી ચાલ બાદ ડ્રૉના પરિણામ માટે સહમત થઈ ગયા હતા.

# હૉકીમાં ભારતે પાકિસ્તાનને પછાડ્યું, હૅટ-ટ્રિક ટાઇટલની સિદ્ધિ મેળવી

## એશિયા કપની ફાઈનલમાં ભારતીય જુનિયર ટીમનો ૫-૩થી વિજયઃ પાંચમાંથી ચાર ગોલ અરાઈજિત હુન્ડલના

મસ્કતઃ ભારતે મેન્સ જુનિયર હૉકી એશિયા કપ સતત ત્રીજી વાર જીતી લીધો છે. ભારતે બુધવાર રાતની ફાઇનલમાં પાકિસ્તાનને ૫-૩થી હરાવીને આ અપ્રતિમ સિદ્ધિ મેળવી હતી.

આ જીત સાથે ભારતે પાંચમી વાર અને સતત ત્રીજી વાર મેન્સ હૉકી જુનિયર એશિયા કપનો ખિતાબ હાંસલ કર્યો છે.

આ પહેલાં ભારતના જુનિયરો ૨૦૦૪, ૨૦૦૮, ૨૦૧૫ અને ૨૦૨૩માં આ એશિયન હૉકી ટૂર્નામેન્ટ જીત્યા હતા.

અપરાજિત ભારતીય ટીમ વતી બુધવારની ફાઇનલમાં પાંચમાંથી ચાર ગોલ અરાઈજિત હુન્ડલે કર્યા હતા.

ભારતીય હૉકીની સર્વોચ્ચ સંસ્થા હૉકી ઇન્ડિયાએ આ ઐતિહાસિક વિજયને પગલે જણાવ્યું હતું કે આપણી યુવા હૉકી ટીમે તનતોડ મહેનતથી માંડીને ટાઈટલ હૅટ-ટ્રિકની અસાધારણ સિદ્ધિ સુધીની આ સફર પરથી સાબિત કર્યું છે કે ભારત આ જ કારણસર હૉકીમાં પાવરહાઉસ તરીકે ઓળખાતું રહ્યું છે. આ સાથે ફરી એક વાર ભારતીય જુનિયરોએ એશિયન હૉકીમાં પ્રભુત્વ અને અપ્રતિમ કૌશલ્ય પુરવાર કર્યાં છે.'

ગોલ કરવાની શરૂઆત પાકિસ્તાને કરી હતી, પણ છેલ્લે અટ્ટહાસ્ય ભારતનું હતું. પાકિસ્તાને ત્રીજી જ મિનિટમાં ગોલ કર્યો હતો, પરંતુ પછીથી ભારતીયોએ તેમના પર વર્ચસ જમાવ્યું હતું.

હૉકી ઇન્ડિયાએ સોશિયલ મીડિયા પરની પોસ્ટમાં એવું પણ જણાવ્યું હતું કે ભારતે વધુ એક રોમાંચક અને સનસનાટીભરી જીત મેળવી અને ભારતના નામે સોનેરી અક્ષરે વધુ એક પ્રકરણ લખાયું.

આશા રાખીએ આપણા ખેલાડીઓ આ જ રીતે વિજય હાંસલ કરતા રહેશે અને હૉકીનો તાજ જ્યાં હોવો જોઈએ ત્યાં જ લાવતા રહેશે.'

અરાઈજિતે એક ફીલ્ડ ગોલ ૪૭મી મિનિટમાં કર્યો હતો, પરંતુ તેણે (૪, ૧૮, ૫૪મી મિનિટમાં ) ત્રણ ગોલ પેનલ્ટી કોર્નરમાંથી કર્યા હતા.

ભારત વતી પાંચમો ગોલ દિલરાજ સિંહે ૧૯ મિનિટમાં કર્યો હતો.

ત્રીજા સ્થાન માટેની મૅચમાં જાપાને મલયેશિયાને ૨-૧થી હરાવ્યું હતું. ■

### પીએમ મોદીએ એશિયન જુનિયર હૉકી ટીમની ભરપૂર પ્રશંસા કરી

નવી દિલ્હીઃ ભારતની મેન્સ જુનિયર હૉકી ટીમે બુધવારે રાતે ફાઇનલમાં પાકિસ્તાનને ૫-૩થી હરાવીને સતત ત્રીજી વાર એશિયા કપનો તાજ જીતી લીધો એ સિદ્ધિને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખૂબ બિરદાવી છે.

ભારતીય જુનિયર હૉકી ટીમે એશિયા કપનું ટાઇટલ પાંચમી વખત જીતી લીધું છે. પીએમ મોદીએ એક્સ (ટ્વિટર પર) ભારતીય જુનિયર હૉકી ટીમને તેમના કૌશલ્ય, બાહોશ અભિગમ, સંકલ્પશક્તિ તેમ જ ઉત્કૃષ્ટ ટીમવર્કને ધ્યાનમાં લઈને તેમની ખૂબ પ્રશંસા કરી હતી.

મોદીએ એક્સ પર લખ્યું, 'હૉકી ચૅમ્પિયનો, તમારા પર અમે ગર્વ અનુભવીએ છીએ. ભારતીય હૉકી માટે આ ઐતિહાસિક પળ છે, કારણકે આપણે એશિયા કપ, ૨૦૨૪નું પ્રતિષ્ઠિત ટાઇટલ જીતી લીધું છે. તમારી અજોડ ખાસિયતોએ આ યાદગાર જીતને ખેલકૂદના ગૌરવપૂર્ણ વિજયોમાં સામેલ કરી દીધી છે.'

ભારતે ફાઇનલમાં પાકિસ્તાનને ૫-૩ના જે માર્જિનથી હરાવ્યું એમાં પાંચમાંથી ચાર ગોલ અરાઇજિત સિંહ હુન્ડલે કર્યા હતા. ભારત આ પહેલાં ૨૦૦૪માં, ૨૦૦૮માં, ૨૦૧૫માં, ૨૦૨૩માં ટાઇટલ જીત્યું હતું. ૨૦૨૧માં કોવિડની મહામારીને લીધે આ ટૂર્નામેન્ટ નહોતી રમાઈ.

# ભારતીય મહિલાઓનું ૧૨ વર્ષમાં લોએસ્ટ ટોટલ

## ૧૦૦ રનમાં આઉટઃ ઑસ્ટ્રેલિયાનો ૨૦૨ બૉલ બાકી રાખીને વિજય

બ્રિસ્બેનઃ ઑસ્ટ્રેલિયાની મહિલા ટીમે અહીં ગુરુવારે ભારતીય ટીમને ત્રણ મૅચવાળી પ્રથમ વન-ડેમાં હરાવીને ૧-૦થી સરસાઈ મેળવી હતી. ભારતીય ટીમ ફક્ત ૧૦૦ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ ત્યાર બાદ ઑસ્ટ્રેલિયાએ માત્ર ૧૬.૨ ઓવરમાં પાંચ વિકેટે ૧૦૨ રન બનાવીને (૨૦૨ બૉલ રાખીને) વિજય મેળવી લીધો હતો. ૧૦૦ રન ભારતીય મહિલાઓનો છેલ્લા ૧૨ વર્ષનો સૌથી નીચો સ્કોર છે.

૨૦૧૨માં (બાર વર્ષ પહેલાં) ભારતીય મહિલા ટીમ ઑસ્ટ્રેલિયા સામે ફક્ત ૭૯ રનમાં આઉટ થઈ ગઈ હતી.

ગુરુવારે ભારતીય ટીમ વિશે જે ડર હતો એ જ થયું. નબળી બૅટિંગને લીધે પરાજય જોવો પડ્યો હતો, કારણકે બોલર્સે સારી બોલિંગ કરી હતી અને ૧૦૨ રનમાં ઑસ્ટ્રેલિયાની પાંચ વિકેટ લઈ લીધી હતી.

જો ભારતીય બૅટર્સે ૧૫૦થી ૧૭૫ જેટલો સન્માનજનક સ્કોર નોંધાવ્યો હોત તો મૅચનું પરિણામ કદાચ અલગ હોત.

ભારતીય કૅપ્ટન હરમનપ્રીત કૌરે ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી, પરંતુ શરૂઆત ખરાબ રહી હતી. વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના (૮ રન) ખૂબ સસ્તામાં વિકેટ ગુમાવી બેઠી હતી. ટીમની એકેય બૅટર પચીસ રન પણ નહોતી બનાવી શકી. ફક્ત ચાર બૅટરના ડબલ-ડિજિટમાં રન હતા અને એમાં જેમાઇમા રૉડ્રિગ્સના ૨૩ રન ટીમમાં સૌથી વધુ હતા.

આ વર્ષની શરૂઆતમાં ભારતની વિમેન્સ પ્રીમિયર લીગમાં ચૅમ્પિયન બનેલી રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી) વતી રમી ચૂકેલી પેસ બોલર મેગન શુટે ૧૯ રનમાં પાંચ વિકેટ લીધી હતી.

તેના પાંચ શિકારમાં આરસીબીની તેની કૅપ્ટન સ્મૃતિ મંધાનાનો પણ સમાવેશ હતો.

ઑસ્ટ્રેલિયાએ ઓપનર જ્યોર્જિયા વૉલના અણનમ ૪૬ રન અને સાથી ઓપનર ફોબે લિચફીલ્ડના ૩૫ રનની મદદથી ૧૬.૨ ઓવરમાં પાંચ વિકેટે ૧૦૨ રન બનાવીને જીત હાંસલ કરી હતી. મેગનને પ્લેયર ઑફ ધ મૅચનો અવૉર્ડ મળ્યો હતો.

બીજી વન-ડે રવિવારે (સવારે ૫.૧૫ વાગ્યાથી) બ્રિસ્બેનમાં જ રમાશે. ■

# નેપાળમાં બુધવારની આતશબાજી એળે ગયા પછી શિખર ધવન આજે ફરી ધમાકેદાર ઈનિંગ્સ રમશે?

બુધવારે હરીફ ટીમ છેલ્લી ઓવરમાં જીતી ગઈ હતીઃ શિખરે ૫૧ બૉલમાં પાંચ સિક્સર, ચાર ફોર સાથે અણનમ ૭૨ રન બનાવેલા

કીર્તિપુરઃ ભારતનો ભૂતપૂર્વ આક્રમક ઓપનર શિખર ધવન અહીં નેપાળ પ્રીમિયર લીગ (એનપીએલ)માં આગવી સ્ટાઇલમાં ફટકાબાજી કરીને પોતે જેની સાથે કૉન્ટ્રૅક્ટ કર્યો છે એને જિતાડવા તેમ જ પ્રેક્ષકો અને ટીવી-દર્શકોનું મનોરંજન કરવા આવ્યો છે અને એમાં સોમવારના પ્રથમ પ્રયાસમાં સારું નહોતો રમી શક્યો, પરંતુ બુધવારે એમાં સફળ રહ્યો ત્યાર બાદ તેણે ફરી નિરાશ થવું પડ્યું હતું કારણકે તે જે ટીમ વતી રમે છે એણે એ દિવસે સતત બીજી મૅચમાં પરાજય જોવો પડ્યો છે.

કર્નાલી યાક્સ નામની ટીમ વતી રમનાર શિખરે ૫૧ બૉલમાં પાંચ સિક્સર અને ચાર ફોર સાથે અણનમ ૭૨ રન બનાવ્યા હતા અને તેની આ સુપર ઇનિંગ્સની મદદથી કર્નાલી યાક્સે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૪૯ રન બનાવ્યા હતા. જોકે કાઠમંડુ ગુરખાઝ નામની ટીમે ૧૯.૩ ઓવરમાં સાત વિકેટે ૧૫૩ રન બનાવીને રોમાંચક વિજય મેળવ્યો હતો. હવે આજે (શુક્રવારે) કર્નાલી યાક્સની જે મૅચ (સવારે ૯.૦૦ વાગ્યાથી) ચિતવાન રાઇનોઝ સામે રમાશે એમાં શિખર કેવું રમશે એના પર ટીમના આ ટૂર્નામેન્ટમાંના ભાવિનો આધાર રહેશે. સોમવારે શિખર ૧૪ બૉલમાં ત્રણ ફોરની મદદથી ૧૪ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. તે ભારતીય મૂળના કૅનેડિયન ઑફ-સ્પિનર હર્ષ ઠાકરના બૉલમાં ક્લીન બોલ્ડ થઈ ગયો હતો. જોકે ટૂંકી ઇનિંગ્સમાં ત્રણ ફોર ફટકારીને તેણે એ દિવસે જ પોતાની તાકાતની ઝલક આપી દીધી હતી. બુધવારે તેણે પાંચ સિક્સર અને ચાર ફોર ફટકારીને લોકોનું મનોરંજન કર્યું હતું, પરંતુ કર્નાલી યાક્સ ટીમે સતત બીજી મૅચમાં પરાજય જોવો પડ્યો હતો.

શિખર ધવને આ વર્ષે ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. જોકે તેણે પ્રથમ એનપીએલ સીઝનમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો હતો. સૂત્રો મુજબ ધવન મૅચ દીઠ ૩૦,૦૦૦ અમેરિકી ડૉલર (અંદાજે ૨૫.૪૨ લાખ રૂપિયા)ની કમાણી કરશે અને કુલ ચાર મૅચમાં ભાગ લેશે. શિખરે તાજેતરમાં નેપાળમાં પ્રવેશ કર્યો ત્યારે તેનું શાનદાર સ્વાગત કરાયું હતું.

શિખરે ભારતીય ટીમ વતી ૧૦,૦૦૦ કરતાં વધુ વધુ રન બનાવ્યા હતા અને ઇન્ડિયન પ્રીમિયર લીગમાં તેના નામે કુલ ૬,૭૬૯ રન છે. ■

# ધોની-સાક્ષીનો ઋષિકેશમાં પહાડી ડાન્સ

ઋષિકેશઃ 'કૅપ્ટન કૂલ' મહેન્દ્રસિંહ ધોનીએ તાજેતરમાં પત્ની સાક્ષી સાથે ઋષિકેશમાં પહાડી ડાન્સ કરીને સૌ કોઈના દિલ જીતી લીધા હતા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયો છે. ધોનીએ તેના હળવા અંદાજમાં, પરંતુ ખૂબ ઉત્સાહપૂર્વક આ પરંપરાગત ડાન્સ કર્યો હતો. તેણે પરિવાર સાથે આ ઇવેન્ટ એન્જૉય કરી હતી. કરોડો ક્રિકેટપ્રેમીઓએ ધોનીને મેદાન પર વિકેટકીપિંગ અને બૅટિંગમાં કમાલ કરતો તેમ જ કૅપ્ટન્સીના દાવપેચ રમતો જોયો છે, પણ પહાડી નૃત્યની તેની આવડત જોતાં કહી શકાય કે થોડા સમયમાં તે ગુજરાતીઓ વચ્ચે ગરબા રમતો જોવા મળે તો પણ નવાઈ નહીં લાગે.

મુફદ્દલ વોહરા નામના જાણીતા ખેલકૂદપ્રેમીએ એક્સ (ટવિટર) પર આ ઇવેન્ટનો વીડિયો શૅર કર્યો છે. તેમણે વીડિયો શૅર કર્યો અને જોત જોતાંમાં આ વીડિયોને ૮૧,૦૦૦ વ્યૂઝ મળ્યા હતા. ઘણા વ્યૂઅરે કમેન્ટ પણ લખી હતી. એક યુઝરે લખ્યું, 'ધોનીને આ જ કારણસર તો સ્પેશિયલ કહેવામાં આવે છે. તેની વિનમ્રતા અને સૌમ્યતા લાજવાબ છે.' ■

# વિરાટને વધુ એક સેન્ચુરી ઍડિલેઇડમાં બનાવશે અવ્વલ

## વરસાદની આગાહી વચ્ચે આજે સવારે ૯.૩૦થી પિન્ક બૉલ ડે/નાઇટ ટેસ્ટ

ઍડિલેઇડઃ ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસકર ટ્રોફી ટેસ્ટ સિરીઝમાં આજે (શુક્રવાર, છઠ્ઠી ડિસેમ્બરે સવારે ૯.૩૦ વાગ્યાથી) બીજી ટેસ્ટ શરૂ થશે. આ ડે/નાઇટ ટેસ્ટ છે જે પિન્ક બૉલથી રમાશે. આ મૅચ વિરાટ કોહલી માટે બે રીતે અભૂતપૂર્વ બની શકે. શુક્રવારના પ્રથમ અને બીજા દિવસે વરસાદ પડવાની આગાહી છે.

વિરાટ કોહલીએ પર્થની પ્રથમ ટેસ્ટના બીજા દાવમાં અણનમ ૧૦૦ રન બનાવ્યા હતા અને ત્યાર બાદ ભારતે એ મૅચ ૨૯૫ રનના તોતિંગ માર્જિનથી જીતી લીધી હતી. જો વિરાટ ઍડિલેઇડમાં પણ સદી ફટકારશે તો એક જ વિદેશી ધરતી પર (એક જ દેશમાં) સૌથી વધુ ટેસ્ટ-સદી ફટકારવાના ડૉન બ્રૅડમૅનના વિશ્વવિક્રમની તે બરાબરી કરી લેશે. ઑસ્ટ્રેલિયાના મહાન ખેલાડી બ્રૅડમૅને ઇંગ્લૅન્ડમાં ૧૧ ટેસ્ટ સદી ફટકારી હતી. વિરાટ કોહલીની ઑસ્ટ્રેલિયામાં ૧૦ સેન્ચુરી છે અને વધુ એક સદી તેને ૧૧મી સદીના વિક્રમજનક આંકડા પર પહોંચાડશે અને તે બ્રૅડમૅનની હરોળમાં આવી જશે.

બીજું, ઍડિલેઇડમાં સૌથી વધુ ટેસ્ટ સદી ફટકારનાર વિદેશી ખેલાડીઓમાં ઇંગ્લૅન્ડના જૅક હૉબ્સનું નામ મોખરે છે. તેમના નામે ઍડિલેઇડની ત્રણ ટેસ્ટ સદી છે. વિરાટ પણ ઍડિલેઇડ ઓવલના ઐતિહાસિક મેદાન પર ત્રણ સેન્ચુરી ફટકારી ચૂક્યો છે અને હવે ચોથી સદી તેને આ મેદાન પર હાઇએસ્ટ ટેસ્ટ સેન્ચુરી ફટકારનારા વિદેશી ખેલાડીઓમાં અવ્વલ બનાવી દેશે.

ઑસ્ટ્રેલિયા ઍડિલેઇડમાં તમામ સાત પિન્ક બૉલ ડે-નાઇટ ટેસ્ટ જીત્યું છે. જો ભારત આજે સવારે શરૂ થનારી ટેસ્ટ જીતશે તો પર્થ પછી ઍડિલેઇડમાં પણ ઑસ્ટ્રેલિયનોનો અહંકાર તૂટ્યો કહેવાશે.

જસપ્રીત બુમરાહના નામે ૨૦૨૪ના વર્ષમાં ૪૯ ટેસ્ટ વિકેટ છે. જો તે વધુ એક વિકેટ લેશે તો આ વર્ષમાં ૫૦ વિકેટ લેનાર વિશ્વનો પ્રથમ બોલર બની જશે. ■

### બન્ને દેશની સંભવિત ઈલેવન

**ભારતઃ** યશસ્વી જયસ્વાલ, કે. એલ. રાહુલ, શુભમન ગિલ, વિરાટ કોહલી, રોહિત શર્મા (કૅપ્ટન), રિષભ પંત (વિકેટકીપર), વૉશિંગ્ટન સુંદર/રવીન્દ્ર જાડેજા/આર. અશ્વિન, નીતિશ કુમાર રેડ્ડી, હર્ષિત રાણા, જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ.

**ઑસ્ટ્રેલિયાઃ** ઉસમાન ખ્વાજા, નૅથન મૅકસ્વીની, માર્નસ લાબુશેન, સ્ટીવ સ્મિથ, ટ્રેવિસ હેડ, મિચલ માર્શ, ઍલેક્સ કેરી (વિકેટકીપર), પૅટ કમિન્સ (કૅપ્ટન), મિચલ સ્ટાર્ક, નૅથન લાયન અને સ્કૉટ બૉલેન્ડ.

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી



# એને જાસૂસીમાં કોઈ દિલચસ્પી નથી...

## ૧૦ વર્ષ પહેલાં સ્પાય થ્રિલર કરનારી તાપસી પન્નુને હવે એ પ્રકારની ફિલ્મોમાં કામ કરવા માટે જરાય રુચિ નથી

હિન્દી ફિલ્મઉદ્યોગમાં સ્પાય થ્રિલર અને હોરર કોમેડી માટે મોટી ભરતી આવી છે. સાઉથની ફિલ્મોથી શરૂઆત કરી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ લેનારી તાપસી પન્નુ ‘પિન્ક’ સહિત કેટલીક ફિલ્મોમાં વૈવિધ્યપૂર્ણ રોલ કરવા માટે જાણીતી છે.

જોકે, સ્પાય થ્રિલરની સંખ્યામાં અચાનક આવેલો ઉછાળો અભિનેત્રીને ખટક્યો છે. સ્પાય થ્રિલરમાં કામ કરવા વિશે એને પૂછવામાં આવે એ સ્વાભાવિક છે.. કેટલાક વર્ષ પહેલ ‘બેબી’ અને ‘નામ શબાના’ જેવી સ્પાય થ્રિલરમાં પોતાનું કૌશલ દેખાડી ચુકેલી તાપસી આ સવાલ સાંભળી નાકનું ટેરવું ચડાવે છે. આ સવાલ એને પસંદ નથી પડ્યો એ એના ચહેરા પરના હાવભાવથી સ્પષ્ટ સમજાઈ જાય છે.

‘મેં જ્યારે સ્પાય ફિલ્મોમાં કામ કર્યું ત્યારે એ પ્રકારના ચિત્રપટમાં કામ કરવાની ફેશન નહોતી,’ તાપસી ખુલાસો કરે છે, ‘પણ આજકાલ તો બધાને સ્પાય થ્રિલરમાં કામ કરવું છે. મેં નવ-દશ વર્ષ પહેલાં કામ કર્યું હતું. લગભગ દસકા પછી જો હું ફરી એવી ફિલ્મ કરું તો એ વિચિત્ર લાગે. મારે રિપીટેશન નથી કરવું. આ પ્રકારની ફિલ્મોમાં મે ઘણું સારું કામ કર્યું છે એટલે હવે એવી ફિલ્મો ફરી નથી કરવી.’ સીધી ને સટ વાત.

શાહરુખ ખાન સાથે કામ કરવાના અનુભવ વિશે તાપસીનું કહેવું છે કે ‘મોટા - નામી સ્ટાર હોય એવી ફિલ્મોમાં કામ હું નહીં કરું એમ ધારી મારો સંપર્ક નથી કરવામાં આવતો. સાચું કહું તો ક્યારેક ફાલતુ નહીં, પણ ઓછું મહત્ત્વ ધરાવતી ભૂમિકા કરવાની પણ મજા આવે. રાજકુમાર હિરાણીની ’ડંકી’નું જ ઉદાહરણ જુઓ. ડિરેક્ટર અને હીરો,બંને મોટા નામ. આવા નામી લોકો સાથે કામ કરવું એ કારની પાછળની સીટમાં બેસી મુસાફરીનો આનંદ લેવા જેવી વાત છે. કારને હેમખેમ ગંતવ્ય સ્થાન પર પહોંચાડવાનું ટેન્શન તો આગલી સીટમાં બેઠેલા મોટા માથા પર જ રહેવાનું. મારા પર કોઈ પ્રેશર નહોતું.

બીજી એક મહત્ત્વની વાત પર મારે ધ્યાન દોરવું છે કે ‘ડંકી’માં કામ કરવાથી પૈસા કંઈ બહુ ઝાઝા નથી મળ્યા, પણ શાહરુખ અને હિરાણી સર પાસેથી ઘણું શીખવા મળ્યું. શાહરુખનું વાંચન વિશાળ છે, એ જ્ઞાનનો ભંડાર છે અને કોઈ પણ ટોપિક પર ઊંડાણથી ચર્ચા કરી શકે છે. એક કલાકાર તરીકે હું વધુ સમૃદ્ધ બની અને જે શીખી છું એ મને જ ભવિષ્યમાં ઉપયોગી સાબિત થવાનું છે.’ આ વર્ષે ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થયેલી ‘ફિર આયી હસીન દિલરુબા’ (૨૦૨૧માં ઓટીટી પર રિલીઝ થયેલી રોમેન્ટિક થ્રિલર ‘હસીન દિલરુબા’ની સિક્વલ) સંદર્ભે તાપસીએ એક મહત્ત્વની વાત કરી.

‘રાની કશ્યપ સક્સેનાનું પાત્ર ઓડિયન્સને એ હદે પસંદ પડ્યું હતું કે નિર્માતાને સિક્વલ બનાવવાની તાલાવેલી લાગી,’ તાપસી કહે છે, ‘જાણવા જેવી વાત એ છે કે અમુક કલાકારોએ એ રોલ નકાર્યો હતો, કારણ કે કેટલાક દોષ ધરાવતા પાત્રની ભજવણીમાં એમને રસ નહોતો. મારું તો સ્પષ્ટપણે માનવું છે કે ઘણી વાર આપણું જીવન ‘દેવી’ અને ‘ડાકણ’ વચ્ચે ઝોલા ખાતું હોય છે. માણસ માત્ર ભૂલ કરતો હોય છે. કોઈ સર્વગુણ સંપન્ન નથી હોતું. રાની પોતાની ભૂલ કબૂલ કરે છે એટલે જ આદર મેળવે છે. વળી એ સજા ભોગવવા પણ તૈયાર છે. ફિલ્મની લેખિકા કનિકા ઢિલોંએ પાત્રને અલગ તરીકે નિખાર્યું છે અને એટલે જ લોકોના હૈયામાં કોતરાઈ ગયું.’

કનિકા સાથે તાપસી વધુ એક ફિલ્મ કરી રહી છે. નામ છે : ‘ગાંધારી’, જેમાં માતા અને બાળકના સ્નેહની વાત વણી લેવામાં આવી છે.

રોલ સાથે અખતરા કરવામાં માનતી તાપસીની ‘વો લડકી હૈ કહાં’નું શૂટિંગ જોરશોરથી ચાલી રહ્યું છે. ફિલ્મમાં તાપસી મુક્ત વિચારસરણી ધરાવતી મહિલા પોલીસના રોલમાં છે. ફિલ્મનું કથાનક દિલચસ્પ છે. અભિમાની અને ખૂબ જ બડબડિયા યુવાન (પ્રતીક ગાંધી)ના જેની સાથે લગ્ન થવાના હોય છે એ કન્યા મંડપમાંથી ભાગી જાય છે. પોલીસ અને પેલો યુવાન કન્યાની શોધમાં નીકળે છે. આ સફર દરમિયાન બંને વચ્ચે થતી દલીલબાજી, લડાઈ - ઝઘડા અને એક બીજા પર હાવી થવાની કોશિશ ફિલ્મને થ્રિલર અને કોમિક પણ બનાવે છે.

તાપસીની અક્ષય કુમાર સાથે સારી જોડી જામી છે. બંનેની ચોથી ફિલ્મ ‘ખેલ ખેલ મેં’ આ વર્ષે રિલીઝ થઈ હતી. પહેલી ત્રણ ‘બેબી’ (૨૦૧૫), ‘નામ શબાના’ (૨૦૧૭ - અક્ષય કુમાર સ્પેશિયલ અપીયરન્સ) અને ‘મિશન મંગલ’ (૨૦૧૯)ને બોક્સ ઓફિસ પર સારો આવકાર મળ્યો હતો. આ ફિલ્મોએ તાપસીની સફળ ફિલ્મોની યાદી લાંબી બનાવી હતી. જોકે, ‘ખેલ ખેલ મેં’નો કમાણીમાં ખેલ ખતમ થઈ ગયો. અક્ષય સર સાથે કામ કરવાની મજા આવે છે અને એ સિનિયર હોવાનો ભાર સાથી કલાકારને નથી લાગવા દેતા એવું તાપસીનું કહેવું છે.


એક્ટિંગ કરવાની સાથે સાથે તાપસી ફિલ્મનું નિર્માણ સુધ્ધાં કરે છે. જોકે, સ્વતંત્ર ફિલ્મ પ્રોડ્યુસર માટે ચઢાણ બહુ કપરાં હોય છે એવું તાપસીનું કહેવું છે. ફિલ્મ મેકિંગના દરેક તબક્કે - બજેટ તૈયાર કરવાથી માંડીને ફિલ્મમાં કોને લેવા અને કોને નહીં એ પ્રક્રિયા પાર પાડવામાં આવતા વિઘ્નો ખૂબ જ થકવી નાખનારા હોય છે એવી એની દલીલ છે.

ગયા વર્ષે ‘ધક ધક’ તાપસીએ અન્ય પ્રોડ્યુસરો સાથે મળી રત્ના પાઠક શાહ, ફાતિમા સના શેખ, દિયા મિર્ઝા અને સંજના સાંઘીને લઈ એક મહિલાલક્ષી ફિલ્મ ‘ધક ધક’ બનાવવાનું બીડું ઝડપ્યું હતું. જોકે, ફિલ્મ પૂરી થઈ ત્યાં સુધી સાથી નિર્માતાઓએ પૂરતો સહકાર ન આપ્યો એવી ફરિયાદ તાપસીએ કરી હતી. બિગ બજેટ નહીં ધરાવતી ફિલ્મોના સમીકરણ પર તાપસીએ પ્રકાશ પાડી તેણે સમજાવ્યું કે ‘મોટું નાણાકીય પીઠબળ નહીં ધરાવતી ફિલ્મ રિલીઝ થાય એ પહેલા જ સ્ટુડિયો રોકાણ કરેલા પૈસા મેળવી લેતા હોય છે. પૈસા જમા થઈ ગયા પછી ફિલ્મને છૂટીછવાઈ રિલીઝ કરે. વધુ પ્રિન્ટ માટે કે પ્રમોશન - એડવર્ટાઈઝિંગ માટે ખર્ચો ન કરે. એક્ઝિબીટરો પણ મસાલા મૂવી ન હોવાને કારણે થિયેટર રિલીઝ અંગે બહુ ઉત્સાહી નથી હોતા. પરિણામે ફિલ્મ રિલીઝ તો થાય, પણ અચાનક ગાયબ સુધ્ધાં થઈ જાય. પરિણામે મારી જેવા નિર્માતા હતાશ થઈ જાય...’

મિસ તાપસી, આ જ તો આપણા ફિલ્મઉદ્યોગની બેઢંગી રફતાર છે! ■

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# ‘શૌખિયોંમેં ઘોલા જાયે’ ગીતનો ફેંટાસ્ટિક ફિલ્મી શાયર નીરજ



એવરગ્રીન સ્ટાર, એક્ટર-ડિરેક્ટર દેવઆનંદના મૃત્યુનાં ૨-૩ વર્ષ પહેલાં એક રાત્રે હું અશોક ત્યાગી નામના ડિરેક્ટર સાથે હતો. ત્યાગીજીએ દેવઆનંદને લઇને ‘જવેલથીફ’ જેવી અદ્ભુત ફિલ્મની સિક્વલ ‘રિટર્ન ઓફ જવેલથીફ’ જેવી ફિલ્મ બનાવવાની હિંમત કરેલી. મેં મિત્ર અશોક ત્યાગીને કહ્યું, ‘મારી એક માત્ર અદમ્ય ઈચ્છા અને મહત્ત્વાકાંક્ષા છે કે એકવાર દેવસાહેબની ફિલ્મમાં કમસેકમ ૧ ગીત લખવા મળે!’

ત્યાગીજીએ તરત જ દેવઆનંદને ફોન પર મારા વિશે વાત કરી. દેવસાહેબે પણ તરત જ મને ફોન પર આગવી સ્ટાઈલમાં સમજાવ્યું :

યંગમેન મારી આગામી ફિલ્મમાં હું કવિ ‘નીરજ’ને ફરીથી રી-લોંચ કરવા માગું છે. આજની જનરેશન ‘નીરજ’ની કવિતા-ગીતોનો પરિચય કરાવવો બહુ જરૂરી છે ને એ કામ માત્ર આ ‘દેવ’ જ કરી શકે. એ પછીની ફિલ્મમાં તને ચોક્કસ ચાન્સ આપીશ આ ‘દેવ’નું પ્રોમિસ છે!’

એવા ‘ગોપાલદાસ સક્સેના’ ઊર્ફ કવિ-ગીતકાર ‘નીરજ’ને લોકો ‘ફૂલોં કે રંગ સે’ ‘રંગીલા રે, તેરે રંગ મેં’, ‘દિલ આજ શાયર હૈ, ગમ એક નગ્મા’, ‘જીવનકી બગીયા મહેકેગી’, ‘ઓ મેરી શર્મિલી’, કે ‘ચૂડી નહીં યે મેરા દિલ હૈ..’ કે પછી ‘એ ભાઈ યે સર્કસ હૈ’ જેવાં અનેક સુપરહિટ ફિલ્મ- ગીતોને કારણે ઓળખે છે, પણ સાથો સાથ નીરજ તો હિંદી કવિ સંમેલનોનાયે મોટા સ્ટાર હતા.

પહેલીવાર નીરજજીને હું ૧૯૯૬માં મહેશ ભટ્ટની ફિલ્મ ‘ફરેબ’ની મ્યુઝિક સીટિંગ દરમિયાન મળેલો. ત્યારે મેં એક ફેન તરીકે એમનો ઓટોગ્રાફ લીધો અને એમણે એક તાજી રચના મને સંભળાવેલી:

‘ખૂશ્બુ-સી આ રહી હૈ જૈસે જાફરાન(કેસર)કી, ખિડકી ખુલ ગઇ હોગી ઉસકે મકાનકી!’

આવા ૧૯૨૫માં જન્મેલા નીરજજી, ફિલ્મોની બજારુ દુનિયામાં ‘જાફરાની ખૂશ્બુ’ ફેલાવીને ૯૩ વરસે ૨૦૧૮ સુધી મહેકતા રહ્યા.

નીરજ કારમી ગરીબીમાં સડક પર મજૂરી, ટાઈપિંગનું કામ કે કારકૂની કરીને સાથે સાથે ભણતા પણ રહ્યા. મજાની વાત એ છે કે એમણે હિંદીમાં એમ.એ કર્યું ત્યારે અભ્યાસક્રમમાં એમની પોતાની જ કવિતાઓ ભણવી પડેલી! પછી યુ.પી.માં પ્રોફેસર બનેલા કવિ નીરજ, અમિતાભ બચ્ચનના પિતા અને હિંદીના મહાન કવિ હરીવંશરાય બચ્ચનના બહુ ચાહક હતા માટે બચ્ચનજીની જેમ જ કવિ સંમેલનો ગજાવતા. પછી નીરજે એક પછી એક લોકપ્રિય કાવ્યસંગ્રહો આપ્યાં ને ફિલ્મો સુધી પહોંચી ગયા.

૧૯૬૪માં ‘નઇ ઉમરકી નઇ ફસલ’ નામની ફ્લોપ ફિલ્મમાં નીરજનું લોકપ્રિય ગીત ‘કારવાં ગુઝર ગયા, ગુબાર દેખતે રહે’ હિટ થયું પછી તો દેવઆનંદે એમને પોતાના હાથે એક પોસ્ટકાર્ડ લખીને મુંબઇ બોલાવ્યા અને પછી ‘દુનિયા’, ‘તેરે મેરે સપને’, ‘પ્રેમપૂજારી’, ‘ગેંબલર’, ‘છૂપા રૂસ્તમ’ જેવી અનેક ફિલ્મોમાં ગીતો લખાવ્યાં. એમાંયે ‘પ્રેમપૂજારી’નું ગીત ‘ફૂલો કે રંગ સે દિલકી કલમ સે’ હિંદી ફિલ્મોનાં ગીતોના ઈતિહાસમાં સૌથી લાંબું મુખડું છે એટલે કે ગીતની પ્રથમ પંક્તિ લગભગ ૨-૩ મિનિટ સુધી અવિરત ચાલે જ રાખે છે!

ન જાણે કેમ,બહુ શરૂઆતમાં સચિન દેવ બર્મનને નીરજ ખાસ પસંદ નહોતા પડ્યા પણ પાછળથી સચિનદા અને નીરજની જોડી એવી તે જામી કે પછી ‘શર્મીલી’ જેવી ફિલ્મમાં નીરજે ‘મેઘા છાય આધી રાત’ કે ‘આજ મદહોશ હુઆ જાય રે’ જેવા ગીતો લખીને બોલિવૂડનાં સંગીતને નવી જ તાજગી ને એક આગવી ઊંચાઈ આપી.‘અંગ અંગ બજે શહનાઈ, રોમ રોમ બહે સૂરધારા’ જેવા શુદ્ધ હિંદીમાં કવિતાની કક્ષામાં ફિલ્મી ગીતો આપ્યાં. જોતજોતામાં ગીતકાર નીરજ ૪-૫ વરસ માટે, હિંદી ફિલ્મોમાં શૈલેંદ્ર, સાહિર, મજરૂહ, આનંદ બક્ષી કરતાં પણ વધુ ‘સૌથી હાઇએસ્ટ પેડ’ ગીતકાર બની ગયેલા!

કવિ નીરજના અનેક ફિલ્મી ગીતો એમણે પહેલાં લખેલી કવિતાઓમાંથી જ બદલીને ફિલ્મોમાં વાપરવામાં આવેલા, જેમ કે, નીરજની ઓરિજિનલ રચના ‘ચાંદની મે ઘોલા જાય ફૂલોં કા શબાબ’ને બદલીને ‘શૌખિયોં મેં ઘોલા જાય’ કરવામાં આવેલું, જે સુપરહીટ થઈ ગયેલું. એ જ રીતે ‘મેરા નામ જોકર’ ફિલ્મનું ગીત ‘એ ભાઈ ઝરા દેખ કે ચલો’ ગીત ખરેખર તો નીરજે દિલ્હીની ગંદી રાજનીતિ પર લખેલું કે ‘અય ભાઈ યે રાજપથ હૈ!’ ને ત્યારના દિલ્હીનાં રાજકારણ પર એમાં ખૂબ પ્રહારો કરેલા પછી રાજ કપૂરે ‘રાજપથ’ શબ્દમાંથી ‘સર્કસ’ કરીને ફિલ્મમાં એ ગીત વાપરેલું. તો એક બાજુ દેવ આનંદ- એસ.ડી. બર્મન અને બીજા બાજુ રાજકપૂર-શંકર-જયકિશન સાથે કામ કરીને નીરજ હિંદી ફિલ્મોમાં નંબર-૧ ગીતકાર બની ગયા, ઉપરાઉપરી ૩-૩ વરસ લગાતાર ‘ફિલ્મફેર’ અવૉર્ડ મળ્યો એટલે હરીફ ગીતકારોએ બોલિવૂડમાં એવી હવા ફેલાવી કે ‘નીરજ, જે ગીતો લખે છે એ તો હિટ થાય છે, પણ ફિલ્મો ચાલતી નથી નીરજ, ફિલ્મ માટે અપશુકનિયાળ છે.’ વળી ત્યારે ‘મેરા નામ જોકર’ અને ‘તેરે મેરે સપને’ જેવી અદ્ભુત ફિલ્મો ફ્લોપ પણ થયેલી એટલે નિર્માતાઓમાં આ વહેમ ફેલાવા માંડ્યો. પછી ધીમે ધીમે નીરજને કામ મળતું બંધ થયું અને અધૂરામાં પૂરું, શંકર-જયકિશનમાંના શંકરજી અને એસ.ડી.બર્મન પણ ગુજરી ગયાં એટલે બોલિવૂડથી કંટાળીને ફરીથી નીરજે અલીગઢની કોલેજમાં હિંદી પ્રોફેસર બનવું પડ્યું.

કાશ, નીરજ હજુ ૨-૩ વરસ બોલિવૂડમાં ટકી ગયા હો તો બધા ગીતકારોની છુટ્ટી કરી નાખત!

આવા ગીતકાર-કવિ નીરજ વિના દાયકાઓ સુધી હિંદી મુશાયરાની જાન ને શાન હતા. કવિસંમેલનના અંતમાં નીરજને જ રાખવામાં આવતા, જેથી શ્રોતાઓ અંત સુધી બેસી રહે ને પછી ઘેઘૂર અવાજમાં એક ટ્યૂનમાં નીરજ રચના સંભળાવતા ત્યારે લોકો ઝૂમી ઉઠતા. નીરજ પાછળ છોકરીઓના ઝૂંડના ઝૂંડ એમની પાછળ ચાલતા. નીરજે પોતે કબૂલેલું, ‘જો સ્ત્રી-ચાહકોએ મારું ધ્યાન ના ભટકાવ્યું હોત તો મેં ઘણુ વધારે સારું કામ કર્યું હોત !’

એકવાર ફરુખાબાદના મુશાયરામાં સોહનલાલ દ્વિવેદી કવિના પઠનનો વારો, નીરજ પછી આવ્યો. ગાંધીવાદી સોહનલાલે ‘નીરજ’ના રોમેંટિક ગીતોની ટીકા કરતા કહયું: ‘હવે હિંદીમાં આવાં ચાલુ ગીતો લખાશે?’ શ્રોતાઓએ તરત સોહનલાલજીનો હુરિયો બોલાવ્યો, ‘નીરજ’-‘નીરજ’ની બૂમો પાડી..ફરીથી નીરજને મંચ પર બોલાવવા પડયા..વરસો બાદ એ જ ફરુખાબાદના કોઇ કવિ સંમેલનમાં નીરજે નવા કવિઓને પ્રોત્સાહન આપવા ઈનામો આપવાની ઘોષણા કરી. એ સરકારી સમારંભ હતો એટલે સામે નેતાઓ હતા નીરજને એમ કે સરકાર પણ થોડા પૈસા આપશે, પણ પ્રોગામના અંતમાં જોયું ત્યારે ખબર પડી કે એમના પોતાના જ પુરસ્કારમાંથી એ પૈસા અપાયેલા! (ત્યારેથી ‘નીરજ’ પુરસ્કાર અગાઉથી ગણીને લઈ લેતા)

દેવ આનંદની ફિલ્મ પ્રેમપૂજારીમાં નીરજે ગીત લખેલું: પ્રેમકે પૂજારી, હમ તો રસ કે ભિખારી એવા ગીતકાર કવિ, ભીખારી નહીં શાયરીનાં શહેનશાહ હતા. પદ્મશ્રી, પદ્મભૂષણથી નવાજાયેલા નીરજ, બહુ ખુદ્દાર હતા ને સરકારો વિરુદ્ધ ખૂલીને જીવનનાં અંત સુધી ચાબખાં મારતા. સત્તા હોય કે સ્ટાર, નેતા હોય કે અભિનેતા કોઇની સામે કદી ઝૂક્યા નહીં. એટલે જ નીરજે સ્ટાર ડાયરેક્ટર વિજય અનંદની ફિલ્મ તેરે મેરે સપનેમાં તેજાબી ગીત લખેલું :

*દેશ કો ખા ગઇ નેતાગીરી,*
*ખેત કો ખા ગયા સૂખા (દુકાળ),*
*કૌએ ખાયે દૂધ મલાઈ*
*હંસ મરે હાય ભૂખા.ઝમાને ધત્ તેરે કી. !* ■

# સફળતા ને નિષ્ફળતામાં ફરક ‘પાવર’નો નહી, ‘વિલ-પાવર’નો હોય છે...



સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

અણછાજતી જગ્યાએથી માંડ-માંડ બહાર નીકળ્યાં. ‘ડાયમંડ ક્લબ’નું વિઝિટિંગ કાર્ડ હું વાંચતો હતો. કાર્ડ પર માત્ર સરનામું અને લેન્ડ-લાઈન ફોન નંબર જ લખેલાં હતાં. કોઈ નામનો ઉલ્લેખ નહોતો. ગભરાટ સાથે આગળ વધી જ રહ્યાં હતાં ત્યાં મારા ખભા પર હાથ પડ્યો :

‘દાદુ, આવી જગ્યાએ?’.

મારું દિલ ધબકારો ચુકી ગયું. કહે છે ને કે ન ડૂબકી મરાય, ન છબછબિયાં થાય, ઘાત જો પાણીની હોય તો મૃગજળમાં પણ ડૂબી જવાય.

‘મને થયું સાલુ, કિનારે આવીને ડૂબ્યાં? સવાલ પણ એવો હતો, દાદુ, આવી જગ્યાએ?’

મેં હળવેથી ડોકું ફેરવ્યું. સામે જેમને હું ઘણીવાર નાઝ કંપાઉંડમાં આવેલ એમની ઓફિસમાં મળતો હતો. એક સમયે ‘ચિત્રપટ’ નામનું સામયિક કાઢતાં હતાં..

એ હતા ચંદ્રકાંત શાહ. રાજેન્દ્રને પરિચય ઓછો. મારા નાટક ‘જીવન-ચોપાટ’ની વી.સી.આર.એમના દ્વારા બજારમાં આવેલી. મારે એમનાં સવાલનો શું જવાબ આપવો એની ગડમથલમાં પડ્યો. પહેલાં ઓપચારિક ‘હાય’, ‘હેલ્લો’ કર્યું. મને ન ગમતો સવાલ એમણે ચાલુ જ રાખ્યો.

‘કોઈ ખાસ...?’ બોલી એક નફફટ સ્માઇલ આપ્યું. મારે દિલ મોટું રાખી સાચી વાત કહ્યાં વગર છૂટકો નહોતો. મેં સાચી વાત માંડીને કરી જ દીધી. રાજેન્દ્રની ઓળખ પણ તાજી કરાવી. એમણે અમારી શોધ માટે ‘એવી’ જગ્યાના બે વધુ એડ્રેસ આપ્યાં. એક-બે દિવસમાં તમારી ઓફિસે આવીને મળું છું’ કહી અમે છુટા પડ્યાં.

મેં રાજેન્દ્રને કહ્યું, ‘યાર, આ એનાં ‘ચિત્રપટ’ મેગેઝિનમાં મારું ખરાબ ચિતરામણ ન કરે તો સારું’. રાજેન્દ્ર મને કહે, ‘દાદુ, આવું તો થયા કરવાનું. આપણે રિસર્ચ કરવા નીકળ્યાં એમાં કઈ ખોટું નથી. છાપે તો છાપવા દે.’ હું સમસમીને ચુપ રહ્યો.




‘ચંદ્રકાંતભાઈએ આપેલ સરનામાં પર ટ્રાય કરવી છે?’ રાજેન્દ્રએ મને પૂછ્યું. મારો પિત્તો ગયો :

‘તારે જવું હોય તો જા, આમ પણ લખવાનું તો તારે જ છે ને?’ મને શાંત પાડતાં કહે :

‘કુલ..દાદુ..કુલ..’ રાજેન્દ્રએ પોતાની કલ્પનાશક્તિથી લખવાની બાંયધરી મને આપી.આવતી કાલથી લેખનનાં શ્રી ગણેશ કરશે એમ પણ કહ્યું.

ચારેક દિવસમાં પહેલો સીન લખાય ગયો. પાંચમા દિવસથી અમે રિહર્સલનો શુભારંભ કરી દીધો. સીન સરસ લખ્યો હતો. બધા કલાકારો મસ્તીથી રિહર્સલમાં મચી પડ્યાં. આમ નાટક આગળ વધવા લાગ્યું. થિયેટરોની તારીખોનો પ્રોબ્લેમ નહોતો. એક બે રવિવારે ‘વાત મધરાત..’નાં શો કર્યા, જેમાં વધુ નુકસાન ન થયું એ પ્રભુકૃપા. એ દરમિયાન નાટક આગળ વધારતાં રહ્યાં.

તુષારભાઈ સૌથી વધુ ખુશ હતાં. ‘શક’ નાટકની પછડાટ પછી હું થોડો ઉચાટમાં હતો. હું મારા છુપા ડરની વાત તુષારભાઈને કહેતો પણ એમનો અભિગમ પોઝિટિવ હતો.

હવે નાટકનું નામ નક્કી કરી જા.ખ.આપવાની પળ આવી ગઈ. કથાવસ્તુને અનુરૂપ અને બધા કલાકારોનો ઓપિનિયન લઈ નાટકનું નામ રાખ્યું: ‘કલંક’.

નાટકના જી.આર. અને સાથે જા-ખ બધું વ્યવસ્થિત અને સમયસર ગોઠવાય ગયું. આવા ‘બોલ્ડ’ વિષય માટે સંસ્થાઓ શો લેવા તૈયાર થશે કે નહિ એની પૂરી શંકા હતી. તુષારભાઈની આ ગમતી વસ્તુ હતી અને એ માટે એમની પૂરી તૈયારી પણ હતી.

‘આપણે વાત મધરાત..નાં ક્યાં સોલ્ડ-આઉટ શો કરેલા?’ આ એમની દલીલ રહેતી.

રેકોર્ડિંગ વખતે બાળકનાં અવાજની જરૂર પડી. ગુંડો ભૈરવીબહેનને કિડનેપ કરે છે ત્યારે બાળક બોલે છે : ‘ મમ્મી, મને છોડીને ન જા’. એ કામ મારા નાના દીકરા માનવીતે કર્યું. દીનુ ત્રિવેદી સાથે ‘સેતુ’ અને ગોપી દેસાઈ તેમજ સમીર ખખ્ખર સાથે ‘શ્યામલી’ નાટકમાં એણે અભિનય કરેલો.એટલે કામ સરળ રહ્યું.

તુષારભાઈની વેપારી કુનેહ આમાં પણ સફળ રહી. નાટક બીજા શોથી જ ઊપડ્યું. એક નવાઈની વાત કરું.. પહેલા શોથી એક પ્રેક્ષક સફેદ સફારી સૂટ પહેરી પહેલી રો ની કોર્નર સીટ પર આવે. શરૂઆતમાં તો ધ્યાનમાં ન લીધું. પણ શો જેમ થતાં ગયા એમ એમ ખબર પડતી ગઈ. એ વખતનાં અમારા બુકિંગ કલાર્ક પ્રભાકરે કહ્યું કે બુધવારે બુકિંગ ખુલે ને એ પહેલી રોની કોર્નર સીટનું બુકિંગ કરાવી જાય છે. આ ખબર પડતા બધા કલાકારો વીંગમાં ‘કાણું’ પાડી એની જાણે હાજરી પૂરતાં. આ સિલસિલો નાટક બંધ થયું ત્યાં સુધી રહ્યો. (મુંબઈનાં શો પૂરતો). એ વ્યક્તિ હતી તો ઉંમરલાયક,કહે છે ને કે જીવનમાં એ મહત્વનું નથી કે તમારી ઉંમર શું છે, મહત્વનું એ છે કે તમારાં વિચારો કઈ ઉંમરનાં રાખો છો. નાટકની કોઈ એવી વાત તો હશે જે એને અપીલ કરી ગઈ હોય, કોને ખબર.! ક્યારે શું આકર્ષી જાય એ ખબર ન પડે.

આ નાટક મુંબઈમાં સારું ગયું એટલે અમદાવાદનાં ‘શક’ વખતે ન દેખાયેલ અભય શાહ અને ધનજી સોલંકીએ પણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ઘણાં શો કર્યા.‘કલંક’ સફળ રહ્યું એટલે ‘શક’ નાટકની થોડી કળ વળી...

સફળ અને નિષ્ફળમાં ફરક ‘પાવર’નો નહિ. ‘વિલ-પાવર’નો હોય છે એ સમજાયું. ■

**ડબલ રિચાર્જ**

*ભોળાને એની દાદીમાએ કહ્યું, ‘બેટા, કોઈની પરિસ્થિતિ ઉપર હસવું નહી. ક્યારેક આપણી પરિસ્થિતિ એવી થઈ શકે.. ’ ત્યારથી ભોળો રોજ અંબાણી અને અદાણીનાં ફોટા સામે જોઈ હસ્યા જ કરે છે.*

હેન્રી શાસ્ત્રી


## ફ્લેશ બેક

# ૨૧ વર્ષની ઉંમરે છ બાળકના પિતા...!

### અભિનયના એવરેસ્ટ પર ઝંડો લહેરાવનાર સંજીવ કુમારની આજે પુણ્યતિથિ નિમિત્તે સ્મરણની આચમની આપણી ફરજ છે

ભારતીય ચિત્રપટ સૃષ્ટિના ઓલટાઈમ ગ્રેટ એક્ટર્સની યાદીના પહેલા પાંચમા જેમનું નામ ગર્વની સાથે સામેલ કરી શકાય એ હરિભાઈ જરીવાલા - આપણા સહુના સંજીવ કુમારની આજે પુણ્યતિથિ છે. માત્ર અને માત્ર આલા દરજ્જાની એક્ટિંગના જોરે અભિનયના એવરેસ્ટ પર ઝંડો લહેરાવનાર મૂઠી ઊંચેરા આ અભિનેતાની કેટલીક રસપ્રદ વાતો જાણીએ....

સંજીવ કુમારની અભિનય યાત્રાનો પ્રારંભ રંગભૂમિથી થયો હતો એ જાણીતી વાત છે. એમણે યુવાનીમાં ઘણી વયસ્ક વ્યક્તિ (‘શોલે’ના ઠાકુર બલદેવસિંહ, ‘ત્રિશુલ’ના આર. કે. ગુપ્તા, ‘મૌસમ’ના ડૉ. અમરનાથ ગિલ)ની ભૂમિકા કરી હતી એ પણ સહુ કોઈને ખબર છે. મજાની વાત એ છે કે ‘બુઢાપાના બીજ’ ભર યુવાનીમાં ૨૧ વર્ષની ઉંમરે રોપાયા હતા. હવે જે વાત આવે છે એ બહુ ઓછા લોકો જાણતા હશે અને ‘મુંબઈ સમાચાર’ના વાચકો એ જાણીને હેરત પામશે અને હરખાઈ પણ જશે કે સંજીવ કુમારનો પહેલો ફુલ લેન્થ પ્લે (ત્રિઅંકી નાટક) હિન્દીમાં મંચસ્થ થયો હતો. તેલુગુ નાટક ‘ભયમ’નું હિન્દી રૂપાંતર ‘ડમરુ’ નામથી ભજવાયું હતું. આ નાટકમાં ૨૧ વર્ષના હરિભાઈએ છ બાળકોના પિતાનો રોલ કર્યો હતો. આ ભૂમિકામાં અભિનેતા એ હદે ઓતપ્રોત થઈ ગયા કે એમની તારીફના તોરણ બાંધવામાં આવ્યાં. ત્યારબાદ આર્થર મિલરના બ્રોડવે પર ભજવાયેલા સફળ નાટક ‘ઓલ માય સન્સ’ના હિન્દી અને ગુજરાતીમાં રૂપાંતરિત નાટકમાં સંજીવ કુમાર ૬૦ વર્ષના બિઝનેસમેનના પાત્રમાં જોવા મળ્યા. આ રોલ માટે એમને ‘બેસ્ટ એક્ટર’નો અવૉર્ડ મળ્યો હતો.




સંજીવ કુમારની અદાકારીની વાત આવે એટલે ફિલ્મ રસિકો ‘ખિલૌના’, ‘કોશિશ’, ‘આંધી’, ‘મૌસમ, ‘અંગુર’ વગેરે ફિલ્મોનો અચૂક ઉલ્લેખ કરે. જોકે, વર્ષો પહેલાના એક ઈન્ટરવ્યૂમાં ખુદ હરિભાઈએ અભિનયની દ્રષ્ટિએ પોતાની મનગમતી ફિલ્મોમાં ’નિશાન’, ’બાદલ’, ’શિકાર’, ’સંઘર્ષ’, ’ખિલૌના’ અને ’મન મંદિર’ નો ઉલ્લેખ કર્યો હતો. તારાચંદ બડજાત્યા - રાજશ્રી પ્રોડક્શનની ‘આરતી’ (૧૯૬૨)થી સંજીવ કુમારના હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લીડ રોલમાં શ્રી ગણેશ થતા થતા રહી ગયા. ફિલ્મમાં પ્રદીપ કુમારે જે રોલ કર્યો છે એને માટે સંજીવ કુમારનો સ્ક્રીન ટેસ્ટ લેવામાં આવ્યો હતો. ટેસ્ટ થયા પછી મિસ્ટર બડજાત્યાએ ટેસ્ટ વિશે સંજીવ કુમારને જ અભિપ્રાય પૂછ્યો તો આપણા હરિભાઈએ ભોળાભાવે કે પછી પ્રમાણિકપણે કહી દીધું કે ‘બરાબર નહોતો. હું હજી બહેતર કરી શક્યો હોત’ અને સંજીવ કુમારના નામ પર ચોકડી મુકાઈ ગઈ.

એ પછી ‘હમ હિન્દુસ્તાની’માં અલપ ઝલપ કહી શકાય એવો રોલ કર્યા પછી સંજીવ કુમારને દિનેશ રાવળ દિગ્દર્શિત અને પ્રબોધ જોશી લિખિત ગુજરાતી ફિલ્મ ‘રમત રમાડે રામ’માં સેકન્ડ લીડમાં મોકો મળ્યો. એ સમયના ગુજરાતી ફિલ્મોના અગ્રણી ગણાતા અભિનેતા અરવિંદ પંડ્યા અને મહેશ દેસાઈની હાજરી હોવા છતાં સંજીવ કુમારનું પરફોર્મન્સ ઊડીને આંખે વળગ્યું. ૧૯૩૦ના દાયકામાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા અસ્પી ઈરાનીનું ફિલ્મમેકર તરીકે મહત્ત્વનું યોગદાન રહ્યું છે, પણ એમની વિશિષ્ટ ઓળખ સંજીવ કુમારને પહેલી વાર લીડ રોલ આપનારા તરીકે છે. બન્યું એવું કે ‘રમત રમાડે રામ’ રિલીઝ થવા પૂર્વે એના કેટલાક સીન અસ્પી ભાઈએ જોયા અને સંજીવ કુમાર એમની આંખોમાં એવા વસી ગયા કે ‘નિશાન’ (૧૯૬૫)માં સંજીવ કુમારને હીરો અને વિલનનો ડબલ રોલ આપવામાં આવ્યો. ‘નિશાન’ રિલીઝ થઈ એના એક અઠવાડિયામાં જ હરિભાઈએ આઠ ફિલ્મ સાઈન કરી લીધી. સાચે જ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અસ્પી ઈરાનીની ઋણી છે, કારણ કે ‘નિશાન’ પછી સંજીવ કુમારની ગાડી પાટે ચડી અને પછી કેવી દોડી એ આપણે જાણીએ છીએ.

સંજીવ કુમારની અવિસ્મરણીય ફિલ્મોની યાદી બનાવતી વખતે ‘નયા દિન નઈ રાત’નું નામ ટોપ ફાઈવમાં મૂકવું જ પડે. ફિલ્મમાં સંજીવ કુમારએ નવ રસનું પ્રતિનિધિત્વ કરતા નવ રોલ કરી વિવેચકો- દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ ફિલ્મ આવી હતી ૧૯૭૪માં જ્યારે સંજીવ કુમારના ડંકા દસે દિશામાં વાગી રહ્યા હતા. જાણવા જેવી વાત એ છે કે એના આઠ વર્ષ પહેલા જ્યારે એક્ટર તરીકે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રભાવી ઓળખ નહોતી બની ત્યારે સંજીવ કુમારે વિવિધ ભૂમિકાના અખતરા કર્યા હતા. અસ્પી ઈરાનીની જ ‘બાદલ’ (૧૯૬૬)માં સંજીવ કુમારનો રોલ દેખાવડા, શિક્ષિત યુવાનનો છે, પણ એમની અભિનય પ્રતિભા ઓળખી ગયેલા મિસ્ટર ઈરાનીએ ‘બાદલ’માં એમને અલગ અલગ ચાર વેશમાં રજૂ કર્યા હતા. ફિલ્મમાં આઝાદ શાયર તરીકે પોતાની ઓળખ આપી સંજીવ કુમાર બોખા મુસ્લિમ સદગૃહસ્થ, જોગી અને એક મહિલાના વેશમાં સુધ્ધાં જોવા મળે છે.

એ. ભીમસિંહે (‘નયા દિન નઈ રાત’ના દિગ્દર્શક) ‘બાદલ’ જોયા પછી સંજીવ કુમારને સાઈન કરવાનું નક્કી કર્યું હોવાની સંભાવના નકારી ન શકાય. ૧૯૭૦માં આવેલી ‘ઉસ રાત કે બાદ’ ફિલ્મમાં સંજીવ કુમારે ડબલ રોલ (શ્રીમંત ઠાકુર અને એના પુત્ર) કર્યો હતો. ‘કોશિશ’ કે ‘મૌસમ’ કરતાં ‘ઉસ રાત કે બાદ’નો રોલ ખુદ સંજીવ કુમારને વધુ ચેલેન્જિંગ લાગ્યો હતો.

દર્શકોને સંજીવ કુમારની સ્ટાર વેલ્યૂમાં એમની ગ્લેમરસ ઈમેજમાં કોઈ દિલચસ્પી નહોતી. રસ હતો માત્ર એમની અદાકારીમાં- એમણે ભજવેલાં પાત્રોમાં એટલે જ ગુલઝારની ‘પરિચય’ (૨૦ ઓક્ટોબર, ૧૯૭૨)માં જયા ભાદુડીના પિતા તરીકે ચમક્યા બાદ ‘અનામિકા’ (૧૮ મે, ૧૯૭૩)માં જયાના પ્રેમીના રોલમાં અને ‘શોલે’ (૧૫ ઓગસ્ટ, ૧૯૭૫)માં જયાના સસરાના રોલમાં પણ સંજીવ કુમારની અફલાતૂન અદાકારી પર દર્શકો ઓવારી ગયા. પિતા અને પ્રેમીના રોલ વચ્ચે તો માત્ર સાત જ મહિનાનું અંતર હોવા છતાં કોઈ ઈમેજ આડી ન આવી એ સંજીવ કુમારની પ્રતિભાનો પ્રભાવ છે. ■

---




મહેશ નાણાવટી

# ચંદુલાલ શાહની ‘ગુણસુંદરી’નો જન્મ શી રીતે થયો?

હિન્દી ફિલ્મોમાં ‘સરદાર’નું બિરુદ પામનારા અને પ્રખ્યાત રણજિત સ્ટુડિયોની સ્થાપના કરીને ૧૫૦થી વધુ ફિલ્મો આપનારા દિગ્ગજ ગુજરાતી નિર્માતા નિર્દેશક ચંદુલાલ શાહની એક જમાનામાં ક્રાંતિકારી ગણાતી ‘ગુણસુંદરી’ નામની ફિલ્મનો જન્મ શી રીતે થયો એ જાણવું રસપ્રદ છે...બન્યું એવું કે મુંબઈની એક મજાની બપોરના મેટિની શોમાં બેસીને ચંદુલાલ શાહ એક અંગ્રેજી ફિલ્મની મજા માણી રહ્યા હતા ત્યારે થિયેટરના અંધારામાં પ્રવેશેલી એક વ્યક્તિએ એમની પાછળ પહોંચીને એમના ખભે ટપલી મારતાં કહ્યું :

‘જરા બહાર આવોને, તમારા માટે અગત્યનો સંદેશો છે.’ ફિલ્મ અધૂરી મૂકીને ચંદુલાલ શાહ બહાર આવ્યા ત્યારે ખબર પડી કે એ સંદેશો મોકલનાર ચંદુલાલે બનાવેલી પહેલી ફિલ્મના પ્રોડ્યુસર એટલે કે એ સમયના મુંબઈના ‘ઈમ્પિરીયલ’ થિયેટરના માલિકનો હતો. સંદેશો શું હતો?

સંદેશો એમ હતો કે નવી નવી ‘લક્ષ્મી ફિલ્મ કંપની’ના સ્થાપક બની ચૂકેલા એ ઈમ્પિરીયલ થિયેટરનાં માલિકે એક મોટા બજેટની ફિલ્મ બનાવી આપવા માટે ‘કોહિનૂર ફિલ્મ કંપની’ને એડ્વાન્સ રકમ પણ ચૂકવી આપી હતી, પરંતુ અહીં પ્રોબ્લેમ એ હતો કે કોહિનૂર કંપનીના ખાસ ડિરેક્ટર હોમી માસ્ટર, જે આ ફિલ્મનું ડિરેક્શન કરવાના હતા એમના પગમાં ફ્રેક્ચર થઈ ગયું હતું. એ જમાનામાં હાડકું ભાગે તો બે મહિનાનો ખાટલો નિશ્ચિત ગણાતો હતો, પરંતુ અહીં સમસ્યા એ હતી કે સામે આવી રહેલા તહેવારોમાં જ આ ફિલ્મ તૈયાર કરીને રિલીઝ કરવી પડે તેમ હતું. ઈમ્પિરીયલ થિયેટરના માલિક જુબાન આપી ચૂક્યા હતા, પણ પેલા હોમી માસ્ટરે ખાટલો પકડી લીધો હતો! ‘હવે ફિલ્મ બનાવે કોણ?’

ફિલ્મ તો કોઈપણ બીજો દિગ્દર્શક બનાવી શકે, પણ આ નિર્માતાને ચંદુલાલ શાહ જ કેમ યાદ આવ્યા? તો એના જવાબ માટે આ ફલેશબેકના પણ ફલેશબેકમાં જવું પડશે...


ફલેશબેકની શરૂઆત ત્યાંથી થાય છે જ્યારે ચંદુલાલ શાહ નામના આ ગુજરાતીને ફિલ્મોમાં કે ફિલ્મલાઈનમાં જરાય રસ નહોતો. એ તો શેરબજારમાં દલાલી કરીને કમાણી કરી જ


ચંદુલાલ શાહ

રહ્યા હતા, પરંતુ એમના મોટાભાઈ એ વખતે બની રહેલી મુંગી ફિલ્મોમાં સિનેરિયો લખવાનું કામ કરતા હતા. (ફિલ્મો મુંગી હતી એટલે સંવાદો નહોતા. પરંતુ કયાં દશ્યમાં શું બનશે અને વચ્ચે જરૂર પડે તો સંવાદ લખેલું જે કાર્ડ આવે તેનું લખાણ વગેરેને સિનેરિયો કહેતા.)

યુવાન ચંદુલાલ નવરા પડે ત્યારે મોટાભાઈના સ્ટુડિયોમાં લટાર મારવા જતા. એમનો જીવ એક તો ગુજરાતી, ઉપરથી વણિક એટલે એમનું ધ્યાન ધંધાદારી બાબતોમાં વધારે જતું હતું. એ મોટાભાઈને કહેતા : ‘તમારા સ્ટુડિયોમાં સમયનો બહુ બગાડ થાય છે, મજૂરો અને મિસ્ત્રીઓ નવરા બેસી રહે છે, લેબોરેટરીમાં અડધા દિવસોમાં કંઈ કામ નથી હોતું. કલાકારો બિનજરૂરી ભાવ ખાય છે.’ વગેરે. આવી જ લટારો દરમ્યાન ચંદુલાલને જાણવા મળ્યું કે અગામી દિવસોમાં જ્યાં દિવાળી અને ઈદ એકસાથે આવી રહી છે એ મોકાનો લાભ લેવા માટે મુંબઈના ઈમ્પિરિયલ થિયેટરના માલિક એક સારી ફિલ્મની શોધમાં હતા, જેને થિયેટરમાં લગાડી શકાય. !

ચંદુલાલ શાહે થિયેટર માલિક પાસે જઈને ઑફર મૂકી કે ‘હું તમને સાવ નવી ફિલ્મ માત્ર ૨૦ હજારમાં બનાવી આપું તો?’ ચંદુલાલે આખી પ્રપોઝલનાં ગણિત એવાં છટાદાર રીતે રજૂ કર્યાં કે થિયેટરના માલિકે ૧૦ હજાર રૂપિયા એડવાન્સ આપી દીધા! ચંદુલાલ શાહની એ પહેલી ફિલ્મનું નામ હતું ‘વિમલા,’ જે ઈમ્પિરિયલમાં સળંગ દસ અઠવાડિયા લગી ચાલતી રહેલી! પ્રોડ્યુસરે એ ફિલ્મ ભારતનાં બીજા થિયેટરોમાં રિલીઝ કરીને ખૂબ રૂપિયા કમાઈ લીધા. ચંદુલાલે પણ શેરબજાર છોડીને એ જ પ્રોડ્યુસરને વધુ બે ફિલ્મો બનાવી આપી: ‘પંચદંડ’ અને ‘કામકુંડલ’. જોકે વેપારી દિમાગ




ધરાવતા ચંદુલાલ સમજી ગયા કે ભલે પોતે ઝડપથી અને સારી ફિલ્મ ઓછા ખર્ચે બનાવી શકે છે, પરંતુ દિગ્દર્શક તરીકેની જે ‘મજૂરી’ મળે છે એમાં કંઈ માલ નથી. ‘ખરી કમાણી તો ત્યારે જ થાય જ્યારે પોતે પ્રોડ્યુસર હોય અને ડિસ્ટ્રિબ્યુશનમાં પણ પોતાનો ભાગ હોય..’.

આ બધું ગણિત જોયા પછી ચંદુલાલ ફિલ્મ લાઈનને બાય બાય કરીને ફરી પોતાની શેરબજારની લાઈનમાં જતા રહ્યા હતા. તો અહીં સવાલ એ થાય કે પેલા મેટિની શોમાં આવેલી ઑફરમાંથી પ્રખ્યાત ‘ગુણસુંદરી’નામની ફિલ્મનો જન્મ શી રીતે થયો? હંઅ, તો વાત એમ હતી કે ચંદુલાલે માત્ર વિવેક ખાતર પ્રોડ્યુસરનું માન રાખવા પેલા હોમી માસ્ટરની મુલાકાતે જવાની હા પાડી, પણ ત્યાં હોસ્પિટલમાં શું થયું?

હોમી માસ્ટર પલંગમાં સૂતા હતા. ચંદુલાલે વિચાર્યું હતું કે પોતે હોમી માસ્ટરને ઝટ સારા થઈ જવાની શુભેચ્છા આપીને ત્યાંથી નીકળી જશે, પરંતુ હોમી માસ્ટરે પોતાના ઓશિકા નીચેથી જાણે પોતાનો વ્હાલો દીકરો સોંપતા હોય એ રીતે ચંદુલાલના હાથમાં ફિલ્મની સ્ક્રિપ્ટ આપતા કહ્યું : ‘ચંદુલાલ, ચિંતા ન કરો, ફિલ્મની હીરોઈન ગોહરબાનો છે એટલે ફિલ્મ તો હિટ જ થશે.’ બસ! ગોહરબાનોનું નામ સાંભળતાં જ ચંદુલાલે પોતાનો વિચાર બદલી નાંખ્યો... કેમ કે એ જમાનામાં ગોહરબાનો ટોચની હીરોઈન ગણાતી હતી. ત્યાર બાદ જે કંઈ થયું તે ઈતિહાસ છે, કેમ કે ચંદુલાલે હોમી માસ્ટરની સ્ક્રિપ્ટ સાવ રદબાતલ કરીને રાતોરાત નવી લખી! સતત ૧૦૪ ડિગ્રી તાવ રહેતો હોવા છતાં દિવસે શૂટિંગ થાય, રાત્રે તેની પટ્ટીઓ લેબોરેટરીમાં ડેવલપ થાય અને બીજા દિવસે તો તેનું એડિટિંગ પણ થઈ જાય... એવી સુપર-ઝડપી મેથડથી આખી ફિલ્મ રેકોર્ડ ટાઈમમાં એમણે તૈયાર કરી દીધી!

‘ગુણસુંદરી’ ૧૯૨૭માં સુપરહિટ સાબિત થઈ અને એ પછી જતે દહાડે ગોહરબાનો અને ચંદુલાલની પાર્ટનરશીપમાં ‘રણજિત સ્ટુડિયો’ની સ્થાપના થઈ...જસ્ટ વિચાર કરો, જો તે દિવસે ચંદુલાલના હાથમાં સ્ક્રિપ્ટ આપતી વખતે હોમી માસ્ટર ‘ગોહરબાનો’નું નામ ના બોલ્યા હોત તો?! ■

---

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

# વિક્રાંતનો ક્રાંતિકારી નિર્ણય કે પછી...?



પહેલાં ‘ટ્વેલ્થ ફેલ’ અને હવે ‘ધ સાબરમતી રિપોર્ટ’ ફિલ્મોથી ચર્ચામાં આવનારા વિક્રાંત મેસ્સીએ હમણાં સોશિયલ મીડિયા પોસ્ટમાં પોતાની નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી, આ લખાય છે ત્યારે એણે પોતાની ‘નિવૃત્તિ’ પાછી ખેંચી લીધી છે ! એ હવે કહે છે કે લોકોએ મારી વાતનો ખોટો અર્થ લીધો છે! જોકે વિક્રાંતે બ્રેકની વાત કરી પછી ફિલ્મ રસિયાઓમાં એના મિશ્ર પ્રત્યાઘાત પડ્યા હતા. આમ તો વિક્રાંત વેબસિરીઝનો અદાકાર કહેવાય, પરંતુ ‘મિર્ઝાપુર’થી એ વધુ લાઇમલાઇટમાં આવ્યો અને ‘ટ્વેલ્થ ફેલ’ ફિલ્મ મળી એમાં છવાઈ ગયો.

વિક્રાંતની પોસ્ટમાં કરવામાં આવેલા નિવૃત્તિના દાવાના બે અર્થ લોકોએ કાઢ્યા હતા.. એક પક્ષ એવું માને છે કે વિક્રાંતની નિવૃત્તિ એણે લખ્યા મુજબ પરિવાર સાથે એ વધુ સમય વીતાવવા ઈચ્છે છે. તો બીજો પક્ષ એવું કહે છે કે ‘દયા, કુછ તો ગરબડ હૈ!’ ગરબડની વાત કરીએ તો એ શક્ય છે કે વિક્રાંતની આવનારી કોઈ ફિલ્મમાં નિવૃત્તિની વાત હોય. આથી તે ફિલ્મનું શૂટ શરૂ થાય તે પહેલા જ તેના પ્રચારમાં લાગી પડ્યો હોય. આવતા વર્ષે વિક્રાંતની બે ફિલ્મ આવે છે ‘યાર ગુસ્તાખી’ અને ‘આંખો કી ગુસ્તાખીયાં’. હવે આ કોઈ એવી મોટી ફિલ્મો નથી કે વિક્રાંતને પોતાની સમગ્ર કારકિર્દી વિષે સંતોષ થઇ જાય અને એ નિવૃત્તિ લઇ લે...


ટીકાકારો તો એમ પણ કહે છે કે વિક્રાંત કોઈ એવો જબરદસ્ત અદાકાર પણ ન કહેવાય કે તેના જવાથી બોલિવૂડને કોઈ ફરક પડે. એ પણ શક્ય છે કે ‘ટ્વેલ્થ ફેલ’ પછી વિક્રાંતને કદાચ મોટી ફિલ્મો મળવાની આશા હશે જે પૂર્ણ ન થતા એણે નિરાશામાં ‘નિવૃત્તિ’ નું આ નાટક કર્યું!

# ‘દુઆ’ મેં પ્લીઝ હમેં ભી યાદ કરો!

અભિજિત, નામ તો સુના હોગા... અરે, અભિજિત ભટ્ટાચાર્ય જે એક સમયે શાહરુખ ખાનનો અવાજ બની ગયો હતો. યાદ આવી ગયો ને? હાલમાં એ અને શાહરુખ બંને ચર્ચામાં છે. થોડા દિવસ પહેલા વિદેશી સિંગર દુઆ લીપાએ મુંબઈમાં પોતના શોમાં એક મેડલી રજૂ કરી હતી. આ મેડલીમાં એણે પોતાનાં ગીતો વચ્ચે શાહરુખ ખાનની ફિલ્મ ‘બાદશાહનું’ અભિજિત દ્વારા ગાવામાં આવેલું ગીત ‘વો લડકી જો સબ સે અલગ હૈ’ની ઓરિજિનલ ધૂન વગાડીને મુંબઈગરાઓને મોજ કરાવી દીધી હતી.


અભિજિત ભટ્ટાચાર્ય

જોકે, પછી જેમ બને છે તેમ બીજા દિવસથી સોશિયલ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં એ વીડિયો વાઇરલ થવા લાગ્યો અને ચાહકો બધે જ ‘શાહરુખ... શાહરુખની’ બૂમો પાડવા લાગ્યા. લોકોનું કહેવું હતું કે ‘બાદશાહ’ ફક્ત ભારતીયોમાં જ નહીં, વિદેશીઓમાં પણ એટલો જ પોપ્યુલર છે. જો એવું ન હોત તો દુઆ લીપાએ એનું જ ગીત કેમ ઉપાડ્યું?


શાહરુખ ખાન


આ બાજુ, આપણા અભિજિતદા અને એના દીકરાને આ જરા વધુ પડતું લાગ્યું. એ બન્નેએ વળતા જવાબ તરીકે શાહરુખના ફેન્સ અને મીડિયાની ટીકા કરી છે કે ફક્ત શાહરુખને ક્રેડિટ આપવાથી અમને અન્યાય થયો છે. જય ભટ્ટાચાર્યનું કહેવું છે કે સોશિયલ મીડિયા તો સમજ્યા, પણ મેન સ્ટ્રીમ મીડિયાએ પણ પોતાના ન્યૂઝમાં ફક્ત શાહરુખને ક્રેડિટ આપી છે અને આ ગીતનો અવાજ એટલે કે પોતાના ‘બાબા’ ( પપ્પા)ને’ અંગૂઠો દેખાડી દેવામાં આવ્યો છે, એઈ ચોલબે ના! બાકી, શાહરુખ-અભિજિતના અણબનાવ વિષે તો ઘણું ઘણું લખી શકાય છે, પણ ફરી ક્યારેક ...

# ‘પુષ્પા- ટુ’ એ બધાનું ટાઈમટેબલ ખોરવી નાખ્યું ...

‘પુષ્પા’નો બીજો ભાગ આવી ગયો છે. પહેલા ભાગના એક સંવાદને જાણે કે ચરિતાર્થ કરવામાં આવી રહ્યો હોય એમ આ પુષ્પાનો બીજો ભાગ પણ રિલીઝ થવા પહેલા જ ફલાવર નહીં, પણ ‘ફાયર’ સાબિત થઇ રહ્યો છે. વિકી કૌશલ અને ‘પુષ્પા- ટુ’ની જ હીરોઈન રશ્મિકા મંધાનાની ‘છાવા’ જે આ મહિનાના અંતે રિલીઝ થવાની હતી તેણે પોતાની રિલીઝ ડેટ આવતા વર્ષે ફેબ્રુઆરી સુધી ધકેલી દીધી છે. કારણ? ‘પુષ્પા- ટુ’નો જે ક્રેઝ જે રાતે સમગ્ર દેશમાં ફેલાઈ રહ્યો છે એ જોતાં નવી ફિલ્મોને દૂરથી પણ કોઈ સુંઘશે નહીં! જોકે ‘પુષ્પા -ટુ’ ને પણ એક ટેકનિકલ વાત નડી રહી છે. આમ તો એના નોર્મલ વર્ઝન સાથે 3D વર્ઝન પણ રિલીઝ થવાનું હતું , પણ અમુક કારણોસર હવે તે ૧૦ ડિસેમ્બરે રજૂ થશે એટલે ટેકનિકલી ‘પુષ્પા’ને પોતાનો ફાયર પણ નડી રહ્યો છે... બીજી તરફ એવું પણ નથી કે ‘પુષ્પા- ટુ’ ને કારણે બધા જ ફફડી ગયા છે. શાહીદ કપૂર અને પૂજા હેગડેની ‘દેવા’ હવે ફેબ્રુઆરીમાં નહીં, પરંતુ જાન્યુઆરીમાં રિલીઝ થશે એટલે કે ‘દેવા’ના નિર્માતા માને છે કે ‘પુષ્પા’એ મહિનામાં જેટલી કમાણી કરવી હોય કરી લે પછી અમે અમારા ‘દેવા’નું દેવું વસૂલ કરી લઈશું !

### ‘કટ’ એન્ડ ‘ઓકે’

ફિલ્મ નિર્માતા-નિર્દેશક હંસલ મહેતા પણ વિક્રાંત મેસ્સીની જેમ ૨૦૦૬માં ફિલ્મો બનાવવામાંથી બ્રેક લઈને લોનાવલા પાસે આવેલા મલવલી ગામમાં પરિવાર સહિત લાંબો સમય રહેવા જતા રહ્યા હતા... ■



# તૃપ્ત અતૃપ્ત

**પ્રકરણ ૧૫**

■ એચ. એન. ગોલીબાર

‘કેમ! મેં તમને મારા ઉઘાડા ફોટા ન પાડવા માટે કેટલા બધા સમજાવ્યા હતા - તમારી આગળ કેટલી કરગરી હતી! પણ તમે મારી એક પણ વાત માની? મારા કેટલા બધા ઉઘાડા ફોટા પાડીને તમે કૅલેન્ડરોમાં છપાવી નાખ્યા. હવે જાણો છો મારા એ ઉઘાડાં ચિત્રો આખી દુનિયાના લોકો જોશે. આખી દુનિયામાં મારી બદનામી થઈ જશે.’

‘પણ કજલી, જે થઈ ગયું તે થઈ ગયું. હવે આપણે કરી પણ શું શકવાના હતા? તું કહેતી હોય તો હવેથી હું તારી દરેક વાત માનવા તૈયાર છું. બોલ! હવે તો રાજીને!’

‘સાચ્ચે જ...! તમે મારું બધું જ કહ્યું માનશોને?’

‘હા, એક વખત હુકમ તો કરી જો.’

‘તો મારાં એ બધાં જ ચિત્રો ફાડી નાખો. એ બધા જ ચિત્રોને ઉઘરાવી-ઉઘરાવીને એમને સળગાવી નાખો. આખી દુનિયામાં મારું એક પણ ચિત્ર ન રહે એવું કરી નાખો.’

‘એવું તો કાંઈ બનતું હશે... હું તે કાંઈ જાદુગર છું...?’ કહેતાં જીમીએ એકદમ દાંત ભીંસી લીધા. ‘તારાં ચિત્રો તો ક્યારનાંય છપાઈને વેચાઈ ગયાં છે. હું ક્યાં-ક્યાં ઠોકરો ખાતો એ ચિત્રોને ફાડતો રહીશ - કેટલા -કેટલા ચિત્રો ઉઘરાવીને એમને સળગાવતો રહીશ કજલી! આ અશક્ય છે અશક્ય...! તું કહેતી હોય તો હું મારી પાસેનાં બધાં જ ચિત્રો સળગાવવા તૈયાર છું.’

‘જીમી! જે થયું છે, એ સારું નથી થયું. મારી કાલીમા એનાથી ખૂબ જ નારાજ છે. હજી પણ સમય છે તમે મારું કહેવું માનીને એ ચિત્રોને ઠેકાણે પાડી દો.’

‘કજલી! હું ક્યાંક પાગલ ન થઈ જાઉં. તું મારી વાતને સમજતી કેમ નથી? તું જે કહે છે એ કામ બિલુકલ અશક્ય છે. તું કહેતી હોય તો હું હજી પણ મારી પાસેના બધાં જ ચિત્રો સળગાવી નાખવા તૈયાર છું.’

‘ના! હવે એ ચિત્રો સળગાવવાની કોઈ જરૂર નથી. હવે એના માટે મારે જ કંઈક વિચારવું પડશે.’ કહેતાં કજલીએ પલંગ પર જ લંબાવી દીધું જીમી પણ અત્યારે બધું ભૂલીને એની બાજુમાં સૂઈ ગયો.

અને એ પછી લગભગ આઠ દિવસનો સમય વીતી ગયો. એ સમય દરમિયાન કજલી જીમીથી ખૂબ જ નારાજ અને છંછેડાયેલી રહેતી હતી. કજલીના એવા વર્તનથી કોણ જાણે જીમીને પણ શું થયું હતું કે એ અઠવાડિયા દરમિયાન જીમી પર કજલી તરફનું આકર્ષણ ઘટતું જતું હતું. કોણ જાણે કેમ હવે એ કજલીથી છુટકારો મેળવવા સુધીના વિચારો કરવા લાગ્યો હતો.

અને એ પછીના બે દિવસ જીમી માટે પહાડ તૂટવા બરાબર હતા. એ બે દિવસમાં જાણે કોઈએ એની પર બૉમ્બમારો ચલાવ્યો હોય એવું એને લાગ્યું. એક પછી એક આવતી ટપાલોના ઢગલાથી એ ગાંડો-ગાંડો થઈ ગયો હતો. એને આશ્ચર્ય પણ થતું હતું અને રડવું પણ આવતું હતું. જેટલી ટપાલ આવતી એ બધી જ કૅલેન્ડરવાળી કંપનીઓની નીકળતી. બધી જ ટપાલમાં ખૂબ નવાઈભરી અને ન માની શકાય એવી વાત લખેલી રહેતી. એ બધી જ ટપાલોમાં લખ્યું હતું કે, એ કૅલેન્ડરોમાંના છાપેલા બધાં જ ચિત્રોમાંથી કજલી ગાયબ હતી, અને એની સાથેના ફક્ત કુદરતી દૃશ્યો જ મોજૂદ હતાં. ચિત્રોમાં જે જગ્યાએ કજલી ઊભી હતી ત્યાં કજલીનું નામોનિશાન મટીને ફક્ત કાળો ધબ્બો થઈ ગયો હતો. બીજું બધું તો ઠીક પણ જીમીએ એ અસલી ચિત્રો આપ્યાં હતાં એમાંથી પણ કજલી ગાયબ હતી.’

આવી અનેક ટપાલો વાંચીને જીમીના આખા શરીરે પરસેવો વળી ગયો. પોતાનું માથું સજ્જડ રીતે પકડીને એ બેસી ગયો. એને તો સપનામાંય નહોતું કે આવો ચમત્કાર સર્જાશે અને પોતાના હાલબેહાલ થઈ જશે. દોલત કમાવવાનાં પોતાનાં સપનાં એને ચકનાચૂર થતાં લાગ્યાં અને હવે તો એને ચોક્કસ ખાતરી થઈ ગઈ હતી કે પોતે જરૂર કોઈ પ્રેતાત્માની ચુંગાલમાં ફસાઈ ચૂક્યો છે અને એ પ્રેતાત્મા ફક્ત એક જ હોઈ શકે છે - ફક્ત એક જ! કજલી...!

હા, એ જ કજલી જેની સાથે એ ઊઠતો, બેસતો અને સૂતો હતો. મતલબ એ એની પ્રેમિકા હતી - એની પત્ની હતી. પણ ના, હવા એને ખ્યાલ આવી ગયો હતો કે પોતે પોતાની પ્રેમિકા સાથે નહોતો રહેતો, પોતાની પત્ની સાથે નહોતો સૂતો, પણ એક પ્રેતાત્મા સાથે એ રહેતો અને સૂતો હતો.

આવો ખ્યાલ આવતાં જ એના શરીરે એક આછી ધ્રુજારી ફેલાઈ ગઈ. એના શરીરમાંથી પરસેવો નીતરવા લાગ્યો અને એને ચક્કર-ચક્કર આવતાં હોય એવું લાગવા માંડ્યું...

ટપાલોના ઢગલા વચ્ચે બેઠેલો જીમી હજી પણ વિચારી રહ્યો હતો. પોતે હવે શું કરવું જોઈએ? પોતે એક પ્રેતાત્માની ચુંગાલમાં તો ફસાઈ ચૂક્યો હતો. હવે એને એ પ્રેતાત્મા છોડે એમ નહોતી. પોતે હવે કોઈ સાધુ-ફકીર કે ઇલમના જાણકાર પાસે પણ જઈ શકે હેમ નહોતો. કારણ કે, કજલી હવે એની સાથે એક પડછાયાની માફક જ રહેતી હતી. એ ક્યારેક રૂપા બનીને તો ક્યારેક મેરી બનીને એ કોઈ ને કોઈ રૂપે એની સામે આવીને ઊભી રહી જતી. એવા સમયે એણે ખૂબ જ સમજદારીથી કામ લેવું જોઈએ. જો પોતે કજલી સાથે ખોટો વહેવાર કરીને કે એની સાથે સખ્તાઈથી કામ લેવા જશે તો કજલી પોતાના કરતાં વધુ બળવાન છે. એ વળી કોઈ નવો ચમત્કાર સર્જીને પોતાને વધુ મુશ્કેલીમાં મૂકી દેશે.

એના કરતાં પોતે અત્યારે ખરેખર તો કજલી સામે પ્રેમભર્યો વહેવાર કરવો જોઈએ. એને પૂરા વિશ્વાસમાં લઈને પછી એક દિવસ લાગ જોઈને પોતે દૂર-દૂર ક્યાંક સારી નોકરી શોધીને જતાં રહેવું જોઈએ. પોતે એવી જગ્યાએ જતો રહેશે જ્યાં કજલી તો શું પણ કજલીનો પડછાયો પણ ન આવી શકે.

આવી તો અનેક યોજનાઓ ઘડતાં જીમીને ક્યારે ઝોકું આવી ગયું એની એને ખબર ન પડી અને એ ત્યાં જ સૂઈ ગયો. એ પછી લગભગ ચારપાંચ દિવસનો સમય વીતી ગયો. એ દરમ્યાન જીમીએ કજલી સાથે ખૂબ જ સારો વહેવાર કર્યો અને એને ખૂબ જ પ્રેમથી રાખી. કજલી પણ એની સાથે ખૂબ જ પ્રેમથી રહેતી હતી.

એક દિવસ બન્ને જણાં ફરતાં-ફરતાં છેક ઉપર, પહાડ પર પહોંચી ગયાં. ત્યાં બન્ને પ્રેમની મીઠી-મીઠી વાતો કરી રહ્યાં હતાં. અચાનક જીમીએ કજલીને પોતાના બાહુપાશમાં જકડી લીધી અને કહ્યું: ‘કજલી! તું આટલી બધી શક્તિશાળી હોઈશ એનો તો મને સપનેય ખ્યાલ નહોતો. તેં મારા કૅલેન્ડર ઉપરથી તારા છપાયેલા ફોટા કઢાવવાનો ચમત્કાર કરી ખૂબ જ સારું કામ કર્યું છે. ખરેખર તો પહેલાં મારી જ ભૂલ હતી. મારે તારા એવા ફોટા પાડવા જ ન જોઈએ. કજલી! હવે એનું મને ભાન થઈ ગયું છે. હવે મને માફ કરી દે, કજલી મને માફ કરી દે!’

‘બસ! હું તમારા મોઢે, આ જ સાંભળવા માંગતી હતી.’ ખુશીના આવેશમાં આવી જઈને કજલી બોલી: ‘હું તમારી પત્ની છું જીમી! અને પત્નીની પવિત્રતા પર કોઈ કાળો ડાઘ ન લાગવો જોઈએ. એ જ તમારી અને મારી ફરજ છે. આજે તમને એટલો ખ્યાલ આવી ગયો એ પણ મારા માટે ઘણું છે. અને હા જીમી....!’ કજલી જીમીના બાવડામાંથી પોતાને છોડાવતાં પોતાના બન્ને હાથ જીમીના ગાલ પર મૂકીને બોલી: ‘હું તમને એક ખુશખબર સંભળાવવા માગું છું.’

‘હા, હા, સાંભળાવને!’ જીમીએ પોતાના ચહેરા પર બનાવટી ખુશી દેખાડતાં કહ્યું.

‘હું તમારા બાળકની મા બનવાની છું....!’

‘મા....!’ પોતાના ગાલ પરથી કજલીના બન્ને હાથ ખસેડતાં જીમીના મોઢામાંથી એક ઝીણી ચીસ નીકળી ગઈ.

‘હા, હું તમારા બાળકની મા બનવાની છું. કેટલીયે સદીઓથી હું બાળકની મા બનવાની વાટ જોઈ રહી હતી. અને હવે મારી એ ઇચ્છા પૂરી થવાની છે.’ કહેતાં કજલીએ જીમીને ફરી પોતાના ગળે વળગાડી લીધો.

> **એક તો પોતે આ કજલીની જાળમાં ફસાયેલો હતો, એક પ્રેતાત્માની ચુંગાલમાં લપેટાઇ ગયો હતો, અને હવે આ બાળક! કજલીનું બાળક! એક પ્રેતાત્માનું બાળક!**

જીમીને લાગ્યું કે હમણાં પોતે નીચે પટકાઈ પડશે. એક તો પોતે આ કજલીની જાળમાં ફસાયેલો હતો, એક પ્રેતાત્માની ચુંગાલમાં લપેટાઈ ગયો હતો, અને હવે આ બાળક! કજલીનું બાળક! એક પ્રેતાત્માનું બાળક!

ના, ના, ના....! આવું ક્યારેય નહીં બને-ક્યારેય નહીં, પોતે કજલીની ચુંગાલમાંથી છૂટવા માંગે છે ત્યાં આ વળી એના બાળકની મુસીબત ક્યાં આવી પડી? પોતે હવે જેમ બને એમ કજલીથી ક્યાંક દૂર-દૂર ભાગી જવું જોઈએ. જોકે, પોતે હવે અહીંથી ભાગીને મુંબઈ પણ જઈ શકે એમ નહોતો. કારણ કે મુંબઈમાં તો એ પોતે જીવતો બચે એમ જ નહોતો. પોતે કૅલેન્ડરવાળી કંપનીઓ પાસેથી ચિત્રોના પૈસા લઈ ચૂક્યો હતો. જ્યારે કૅલેન્ડરમાંથી કજલી તો ગાયબ થઈ ગઈ હતી. કંપનીવાળાઓએ ટપાલમાં એમના ચિત્રોના પૈસા પાછા આપવાની ધમકીઓ લખેલી હતી. પણ પોતે એમને કઈ રીતે સમજાવી શકે કે એમાં પોતાનો કોઈ વાંક નહોતો. એ લોકો તો પોતાને કોઈ જાદુગર સમજીને પોતે કોઈ મોટી ઠગાઈ કરી હોય એમ જ સમજતો હતો, આવી હાલતમાં પોતે મુંબઈ કઈ રીતે જઈ શકે?

જોકે, હવે આ બધી મુસીબતોમાંથી કોઈ પણ હિસાબે છુટકારો મેળવવો પડશે. પોતે ગમે તે ભોગે પહેલાં તો અહીંથી નીકળવું પડશે. અને એ માટે પોતાને કજલીથી છૂટકારો મેળવવો પડશે. કજલીની જાળમાંથી અને એના આવનાર બાળમની મુસીબતમાંથી છટકવું પડશે. અને એ માટે એની પાસે એક જ રસ્તો હતો. હા, ફક્ત એક જ રસ્તો.

પોતે કજલીને ખતમ કરી નાંખે! એનું નામોનિશાન મિટાવી દે. જેથી ન રહે વાંસ કે ન વાગે વાંસળી.

અને અચાનક કોણ જાણે જીમીમાં ક્યાંથી એટલી બધી શક્તિ આવી ગઈ કે પહેલાં તો એણે કજલીને પોતાના શરીર સાથે એકદમ ભીંસી લીધી અને પછી પોતાના બન્ને હાથે કજલીને કમ્મરેથી પકડીને એણે અધ્ધર કરી લીધી. કજલી પોતાની ભૂરી-ભૂરી આંખે બિલકુલ નિર્દોષ ભાવે જીમીને જોઈ રહી હતી. એના ચહેરા પર આછું હાસ્ય મલકી રહ્યું હતું. એને એમ હતું કે જીમી પોતાને આ રીતે ઊંચકીને વહાલ-પ્રેમ બતાવી રહ્યો છે. હજી કજલી પોતાના પ્રેમનો સામો જવાબ આપવા માટે પોતાના બન્ને હાથ જીમીના ગળે વીંટાળે એ પહેલાં તો જીમીએ પોતાના મજબૂત બાવડાથી કજલીને પોતાના માથા કરતાં પણ વધુ અધ્ધર ઊંચકી લીધી, અને પછી એક ઝાટકા સાથે એણે કજલીના એ નાજુક અને આરસપહાણ જેવા શરીરને પહાડની ટોચેથી નીચે ફંગોળી દીધું.

કજલીના મોઢામાંથી ભયાનક ચીસ નીકળી અને એ ભયાનક ચીસ આખા વાતાવરણમાં ગુંજી ઊઠી. પહાડોની વચ્ચે બધે જ એ ચીસના અવાજના પડઘા ટકરાવાની સાથે કજલીનું શરીર પણ ખરબચડા પહાડો સાથે ટકરાતું-ટકરાતું ફૂટબૉલની માફક ઊછળતું હતું. એના શરીરના હાથ-પગ અને બીજાં બધાં જ અંગો અલગ-અલગ થઈને જુદાં-જુદાં પડતાં જતાં હતાં. અને પછી છેક નીચે બાકી બચેલા શરીરનો ટકરાવવાનો ધબ્બ કરતાં ધીમો અવાજ આવ્યો, અને એ સાથે જ ચીસનો અવાજ પણ શાંત થઈ ગયો.

જીમીના ધ્રૂજતા શરીરના ચહેરા પર એક ભયાનક અને લુચ્ચું હાસ્ય ફરકી ઊઠ્યું. એણે રાહતનો ઊંડો શ્વાસ લીધો. પોતાના વિશ્વાસ ખાતર ફરી એક વખત નીચે જોવા માટે એ નમ્યો જ્યાં કજલીનું શરીર પડ્યું હતું. અને નીચે જોતાં જ એ ફરી એક વખત ચમક્યો. ચમકતાંની સાથે જ એ બે ડગલાં પાછળ ખસકી ગયો. આશ્ચર્યની સાથે એની આંખના ડોળા બહાર નીકળી આવ્યા. એના ચહેરા પર ગભરાટ ફેલાઈ ગયો.

પોતે હમણાં જ - થોડી વાર પહેલાં જ નીચે ફેંકેલું કજલીનું શરીર અત્યારે નીચે હતું જ નહીં. કંઈ જ બન્યું ન હોય એમ ત્યાં કંઈ હતું જ નહીં.

થોડી વાર પહેલાં જીમીના ચહેરા પર ફરતું હાસ્ય એકદમ ગાયબ થઈ ગયું.

અચાનક એણે તાત્કાલિક કંઈક નિર્ણય લઈ લીધો, અને એ તરત જ ત્યાંથી દોડ્યો. વચ્ચે ક્યાંય પણ રોકાયા વગર એ દોડતો-દોડતો સીધો પોતાના ગેસ્ટ હાઉસ પર પોતાના કમરામાં ઘૂસી ગયો. કમરામાં ઘૂસતાં જ એણે જલદી જલદી પોતાની બૅગ કાઢીને બધો સમાન ભેગો કરીને જેમ આવે એમ બૅગમાં ભરવા માંડ્યો. આખી બૅગ તૈયાર થવામાં ફક્ત દશ જ મિનિટ થઈ.

બૅગ હાથમાં લઈને એ તરત જ રૂમની બહાર જવા માટે ઊપડ્યો. પણ ત્યાં જ અચાનક એને હોટલનો મૅનેજર યાદ આવી ગયો, જો હિસાબ કરતી વખતે મૅનેજરની નજર પોતાની પર પડશે અને પોતાને હાંફળો-ફાંફળો જોઈને એના મનમાં ક્યાંક શંકાનો કીડો સળવળશે, અને એ વખતે એ પોતાની પત્ની કજલી ક્યાં ગઈ એવી કોઈ પૂછપરછ કરશે અને પોતે જવાબ આપવામાં કંઈક લોચા વાળશે તો નકામી કોઈ બીજી આફત આવીને ઊભી રહેશે. એવું વિચારીને જીમી તરત જ રૂમમાં પાછો વાળ્યો. એણે બૅગ ત્યાં જ મૂકી દઈને પોતે હાથમોઢું ધોઈને પોતાના વાળ સરખા કરી લીધા. પોતાના હાંફતા શ્વાસને એણે પલંગ પર બેસીને હેઠો બેસવા દીધો. અને પછી બિલકુલ બેફિકરાઈથી પોતાના ચહેરા પર તાજગી લાવીને એણે મૅનેજર સાથે બધો જ હિસાબ પતાવી લીધો. મૅનેજરે કજલી બાબતની કોઈ પૂછપરછ કરવાનું ડહાપણ કર્યું નહીં.

મૅનેજર સાથે હિસાબ પતાવીને એ સીધો જ રેલવે સ્ટેશન પર આવી ગયો. એના સારા નસીબે એક ટ્રેન પ્લૅટફૉર્મ પર ઊભી જ હતી. અને ઊપડવાની તૈયારીમાં જ હતી. ટ્રેન ક્યાં જઈ રહી છે એની કોઈ લપ્પન-છપ્પન કર્યા વિના એ સીધો જ ટ્રેનના ડબ્બામાં ચઢી ગયો.

(ક્રમશઃ)■



## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| ज़र्द | કાટ |
| जंग | તપાસ |
| जफा | પીળું |
| ज़र्रा | જુલમ |
| जांच | કણ |

### ઓળખાણ પડી?

‘શોલે’ ઉપરાંત વિશ્વની કેટલીક ફિલ્મોની પ્રેરણાસ્થાન માનવામાં આવતી અકિરા કુરોસાવાની જગવિખ્યાત ફિલ્મની ઓળખાણ પડે છે?



અ) Rashomon બ) The Hidden Fortress ક) Seven Samurai ડ) Scandal

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ વ | ૩ રો | ધ | | ૪ વિ | ૫ વ | ૬ શ | તા | |
| ૭ સ | હે | જ | | ૮ અ | | ૯ ખ | ર | | ૧૦ સુ |
| મા | | ૧૧ બ | ળ | જ | ૧૨ બ | રી | | ૧૩ ભા | રા |
| ન | | રો | | ૧૪ બ | ળ | | | ૧૫ ત | વ |
| ૧૬ તા | ૧૭ રા | જ | | ગ | | ૧૮ ટી | ૧૮અ પ | | ટ |
| | ડ | | ૧૯ ભ | જ | ન | | ૨૦ ના | ૨૧ મ | |
| ૨૨ જ | | ૨૩ ફ | રે | બ | | ૨૪ ત | હ | ખા | ૨૫ ના |
| ૨૬ મ | કા | ઈ | | | ૨૭ ડા | ળ | | ૨૮ ના | ચ |
| રુ | | | ૨૯ કા | ૩૦ વા | | ૩૧ પ | ૩૨ ટ | | ના |
| ૩૩ ખ | ળ | ભ | ળા | ટ | | ૩૪ દી | ન | વા | રી |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | | ૮ | | | | | |
| ૯ | | | ૧૦ | | | ૧૦-અ | | | |
| | | ૧૧ | | | | | | ૧૨ | |
| ૧૩ | ૧૪ | | ૧૫ | | | | ૧૬ | | ૧૭ |
| ૧૮ | | ૧૮-અ | | | | ૧૯ | | | |
| | | ૨૦ | | | ૨૧ | | | | |
| ૨૨ | | | | ૨૩ | | ૨૪ | ૨૫ | ૨૬ | |
| | | ૨૭ | | | ૨૮ | | ૨૯ | | |
| | | | | ૩૦ | | | | | |

**આડી ચાવી**

૧. હારની માળા (૪)
૪. દેખીતા વિરોધવાળું (૫)
૭. કાળજી, માવજત (૩)
૮. સાહેબ, માથું (૨)
૯. જલદી સળગી ઉઠે એવો પદાર્થ (૨)
૧૦. પ્રકાશવું (૫)
૧૧. મુકામ, છાવણી (૩)
૧૩. એક ફૂલ (૨)
૧૫. ફળ આપે એવું (૩)
૧૬. સિંહ (૩)
૧૮. રીત, રિવાજ (૩)
૧૯. વિચિત્ર અદ્ભુત, નવતર (૪)
૨૦. શિવજીના દૂત (૨)
૨૧. બળતરા, અગન (૨)
૨૨. ગામનો --- એટલે ભૂંડો માણસ (૩)
૨૪. મદિરાલય (૪)
૨૭. મહાદેવ (૪)
૨૯. મુખ્ય, શ્રેષ્ઠ, સભાપતિ (૩)
૩૦. જપ, રટવું તે (૩)

**ઊભી ચાવી**

૧. સાક્ષાત, પ્રત્યક્ષ (૬)
૨. વજનનું એક માપ (૩)
૩. આદર (૨)
૪. જુદાઇનું દુઃખ (૩)
૫. માનવું, અટકળ કરવી (૩)
૬. છાંટા, ફરફર (૩)
૮. સળવળવું તે (૫)
૧૦. ઝબ, ઝટ (૩)
૧૦-અ. અહીં ‘માળ’ ઉંધુ લખાયું છે (૨)
૧૨. હોમ, યજ્ઞ (૩)
૧૪. ખાટલાના બે પાયાને જોડતું લાકડું (૨)
૧૬. તદ્દન, બિલકુલ, સંપૂર્ણપણે (૨)
૧૭. જુમ્મેદારી, જોખમદારી (૫)
૧૮-અ. મોટો મગર (૫)
૧૯. અભિમાન, હું પદ, અહંકાર (૩)
૨૨. એક દિશા (૩)
૨૩. અપનાવવું તે, (૩)
૨૫. હા (અં.) (૨)
૨૬. ઘટતી કિંમત કરવી તે (૩)
૨૮. કવિઓ પ્રિયતમાની ---માં અટવાય (૨)

### ગુજરાત મોરી મોરી રે

‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ના પ્રખ્યાત અભિનેતા દિલીપ જોશી અભિનીત ગુજરાતી ફિલ્મનું નામ આપેલા વિકલ્પમાંથી શોધી જણાવો.

અ) પંખીડા ઓ પંખીડા બ) હું હુંશી હુંશીલાલ ક) ભવની ભવાઈ ડ) કંકુ

### જાણવા જેવું

દિના પાઠકે ફિલ્મો ઉપરાંત રાજકીય-સામાજિક પ્રતિબદ્ધતા ધરાવતાં નાટકોમાં કામ કરવાને પ્રાધાન્ય આપ્યું. જયશંકર ‘સુંદરી’, જશવંત ઠાકર વગેરે સાથે નાટ્ય મંડળી સ્થાપી અનોખાં નાટક કર્યાં. ‘મિથ્યાભિમાન’, ‘અલ્લાબેલી’, ‘મેના ગુર્જરી’ અને ‘ઢીંગલી ઘર’ જેવાં વૈવિધ્યપૂર્ણ નાટકોએ દીના બહેનને ઊંચા આસન પર બેસાડી દીધાં.

### સુડોકુ-૭૦૫૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | ૧ | | ૩ | | | ૪ |
| ૬ | | | | | | | | ૨ |
| ૭ | | ૮ | ૬ | | ૨ | ૫ | | ૧ |
| ૩ | ૬ | | | ૧ | | | ૫ | ૮ |
| | | | ૫ | | ૮ | | | |
| ૯ | ૮ | | | ૨ | | | ૧ | ૩ |
| ૧ | | ૨ | ૪ | | ૯ | ૩ | | ૬ |
| ૮ | | | | | | | | ૫ |
| ૫ | | | ૩ | | ૧ | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૫૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૯ | ૩ | ૮ | ૬ | ૪ | ૧ | ૭ |
| ૬ | ૭ | ૮ | ૨ | ૪ | ૧ | ૫ | ૩ | ૯ |
| ૩ | ૧ | ૪ | ૭ | ૯ | ૫ | ૬ | ૮ | ૨ |
| ૫ | ૯ | ૬ | ૧ | ૨ | ૩ | ૮ | ૭ | ૪ |
| ૭ | ૪ | ૨ | ૯ | ૫ | ૮ | ૧ | ૬ | ૩ |
| ૮ | ૩ | ૧ | ૪ | ૬ | ૭ | ૨ | ૯ | ૫ |
| ૧ | ૮ | ૩ | ૫ | ૭ | ૪ | ૯ | ૨ | ૬ |
| ૪ | ૨ | ૭ | ૬ | ૧ | ૯ | ૩ | ૫ | ૮ |
| ૯ | ૬ | ૫ | ૮ | ૩ | ૨ | ૭ | ૪ | ૧ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

૧૯૫૦ - ૬૦ના દાયકામાં દિલીપ કુમાર - વૈજયંતિમાલાએ કેટલીક ફિલ્મોમાં જોડી જમાવી હતી. કઈ ફિલ્મમાં તેઓ સાથે જોવા નહોતાં મળ્યાં એ જણાવો.

અ) નયા દૌર બ) મધુમતી ક) દુનિયા ડ) સંઘર્ષ

### નોંધી રાખો

નફરતને નફરતથી ખતમ કરવા જશો તો એનો સરવાળો થશે, પણ જો પ્રેમથી મિટાવવાની કોશિશ કરશો તો એ કાયમ માટે દૂર થઈ જશે.

### માઈન્ડ ગેમ

હિન્દી ચિત્રપટ સૃષ્ટિમાં કઈ હિન્દી ફિલ્મમાં નાયક-નાયિકાએ અભિનય ઉપરાંત ગાયકીની જવાબદારી પણ સંભાળી હતી એ કહી શકશો?

અ) બાબુલ બ) અનમોલ ઘડી ક) સમાધિ ડ) બાવરે નૈન

### ગયા શુક્રવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| निर्वाचन | ચૂંટણી |
| निकाह | લગ્ન |
| निधन | અવસાન |
| नियति | નસીબ |
| निवाला | કોળિયો |

ગુજરાત મોરી મોરી રે: મનહર રસકપૂર

ઓળખાણ પડી?: Sophia Loren

માઈન્ડ ગેમ: પહેલી

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: દુલ્હે રાજા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુરેખા દેસાઈ (૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતિ ભારતી કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) ધિરેન્દ્ર ઉદ્દેશી (૧૧) ગીતા ઉદ્દેશી (૧૨) પ્રતિમા પામાણી (૧૩) વિભા મહેશ્વરી (૧૪) ખુશરૂ કાપડીયા (૧૫) હર્ષા મહેતા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) મીનળ કાપડિયા (૧૯) નૂતન વિપિન (૨૦) મહેન્દ્ર લોઢવિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) ભાવના કર્વે (૨૩) મહેશ દોશી (૨૪) જ્યોતિ ખાંડવાલા (૨૫) કલ્પના આશર (૨૬) વિના સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) જગદીશ ઠક્કર (૨૯) અંજુ ટોલિયા (૩૦) શિલ્પા શ્રોફ (૩૧) મનીષા શેઠ (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) દિલીપ પરીખ (૩૫) નિતિન બજારિયા (૩૬) અરવિંદ કામદાર (૩૭) અશોક સંઘવી (૩૮) પુષ્પા ખોના (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) હિનાબેન દલાલ (૪૫) શિલ્પા શ્રોફ (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૭) પ્રવીણ વોરા (૪૮) દિલીપ પરીખ (૪૯) રસિક જુઠાણી (ટોરન્ટો - કેનેડા) (૫૦) શિલ્પા શેઠ (૫૧) ગિરીશ શેઠ (૫૨) હિંમતલાલ પી. ખોલીયા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) કહો ના પ્યાર હૈ ૨) કયામત સે કયામત તક ૩) મૈને પ્યાર કિયા ૪) બરસાત ૫) સાંવરિયા ૬) વિકી ડોનર ૭) દીવાના
આ બધા હીરોને Debut- ડેબ્યૂ બેસ્ટ હીરોનો ‘ફિલ્મફેર’ એવૉર્ડ મળ્યો હતો.

**ક્વિઝ (બ)** ૧) મોહ મોહ કે ધાગે તેરી ઉંગલિયો પે જા ઉલજે ૨) ચોરી ચોરી કોઈ આયે ચુપકે ચુપકે ૩) ધક ધક કરને લગા, મોરા જીયરા ડર ને લગા ૪) ધીરે ધીરે સે મેરી જિંદગી મેં આના, ધીરે ધીરે ૫) આજા આજા મૈં હું પ્યાર તેરા આજા આજા ૬) રુકી રુકી થી જિંદગી ઝટ સે ચાલ પડી હુઈ ખુશી ૭) પલ પલ દિલ કે પાસ તુમ રેહતી હો જીવન મીઠી

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# અલવિદા, સિનેમા...!

## જાણો ફિલ્મ ઈન્ડસ્ટ્રીને અચાનક ‘આવજો’ કહી દેનારા કલાકારોનાં મનની વાત

૨૦૨૩ના વર્ષની સફળ ફિલ્મ્સમાંની એક એટલે વિધુ વિનોદ ચોપરા દિગ્દર્શિત ‘ટ્વેલ્થ ફેલ’. ફિલ્મના મુખ્ય એક્ટર વિક્રાંત મેસ્સીની આ વર્ષે પણ ચારેક ફિલ્મ્સ રિલીઝ થઈ ચૂકી છે અને તેમાં પણ એનાં કામને ખૂબ વખાણવામાં આવ્યું છે. ટીવી એક્ટર



વિક્રાંત મેસ્સી

તરીકે શરૂઆત કરીને ફિલ્મ્સમાં નાના કિરદારથી, સહાયક કિરદાર અને પછી મુખ્ય કિરદાર સુધી પહોંચીને સફળતા પામેલા વિક્રાંતની સફર પ્રેરણાદાયક રહી છે, પણ હજુ થોડા દિવસ પહેલાં જ એણે એક્ટિંગ ક્ષેત્રમાંથી નિવૃત્તિ જાહેર કરીને સૌને ચોંકાવી દીધા છે.

જોકે એની આ નિવૃત્તિની વાતની હજુ તો સહી પણ નહોતી સૂકાય ત્યાં વિક્રાંતસાહેબે ફિલ્મ જગતને બીજો આંચકો આપતાં કહ્યું છે કે ‘ના, મારી વાત મીડિયામાં ખોટી રીતે લેવામાં આવી છે. હું અભિનયમાંથી રિટાયર નથી થતો. એ તો મેં કામચલાઉ બ્રેક જ લીધો છે!’

સિનેમાના આ ગ્લેમર વર્લ્ડમાં કલાપ્રેમ, પૈસા કે પ્રસિદ્ધિના સહારે કે લાલચે લોકો છેક શરીર સાથ આપે ત્યાં સુધી કામ કર્યે જતા હોય છે. હા, પડદા પાછળ કામ કરનારા એવા ઘણા હોવાના જે કોઈક ને કોઈક કારણસર કામ ઓછું કે બંધ કરી દે. જોકે કોઈ એક્ટર આવી જાહેરાત કરે ત્યારે દર્શકોમાં તેની ખૂબ ચર્ચા થતી હોય છે. પૈસા અને પ્રસિદ્ધિનો મોહ છોડીને આવા નિર્ણય લેવા પાછળ એમના કેવા વિચારો હોય છે એ સમજવા માટે ચાલો, આજે એક્ટર્સના નિવૃત્તિ વખતનાં રસપ્રદ વિધાનમાં ડોકિયું કરીએ.

પોતાની કહેવાતી ‘નિવૃત્તિ’ વખતે વિક્રાંતે જાહેર કરેલી લાંબી-પહોળી વાતની અહીં હવે ચર્ચા કરવાની જરૂર નથી રહેતી, પણ ત્રણ-ત્રણ વખત બેસ્ટ એક્ટર માટેનો એકેડમી એવોર્ડ જીતનાર અમેરિકન એક્ટર ડેનિયલ ડે લુઈસનો એક્ટિંગમાંથી નિવૃત્તિ સાથેનો નાતો રોચક રહ્યો છે. એમણે તો એકથી વધુ વખત નિવૃત્તિ કે બ્રેક લીધા છે (જે અલાયદા લેખનો વિષય છે).


ડેનિયલ ડે લુઈસ

૨૦૧૭માં રિલીઝ થયેલી એમની છેલ્લી ફિલ્મ ‘ફેન્ટમ થ્રેડ’ વખતે નિવૃત્તિ લેતી વખતે ડેનિયલે કહ્યું હતું કે ‘હું ખુદ હજુ સુધી પૂરું કારણ જાણી શક્યો નથી, પણ આ વિચાર મારી અંદર ઘર કરી ગયો છે. મારું કામ મને ગમે છે. મને તેના પ્રત્યે ખેંચાણ છે, પરંતુ છેલ્લાં થોડાક સમયથી હું એ સંપૂર્ણપણે અનુભવી નથી રહ્યો. આ છેલ્લી ફિલ્મ કરતી વખતે જ મારી અંદર કંઈક બદલાયું છે માટે મારે હવે બીજા કોઈ પ્રોજેક્ટ તરફ જવું નથી. મેં હંમેશાં કહ્યા કર્યું છે કે મારે એક્ટિંગ છોડી દેવી છે, પણ આ વખતે હું એ સાચે જ કરી રહ્યો છું.’


ઝાયરા વસીમ

‘દંગલ’ ફિલ્મની અભિનેત્રી ઝાયરા વસીમે ત્રણ ફિલ્મમાં કામ કરીને જ્યારે ૨૦૧૯માં નિવૃત્તિ જાહેર કરી ત્યારે એનાં વિધાનના કારણે વિવાદ પેદા થયો હતો. જોકે, અહીં આપણો મુદ્દો એ વિવાદ નથી એટલે આપણે માત્ર તેના વિચારના અંશ પર ધ્યાન આપીએ. ઝાયરાએ તો સામાજિક માધ્યમોમાં લાંબી પોસ્ટ મૂકી હતી, જેનો સાર આ પ્રમાણે છે - પાંચ વર્ષ પહેલાં જ્યારે ફિલ્મ ક્ષેત્રે કામ કરવા મળ્યું ત્યારે મને ખૂબ સફળતા અને લોકપ્રિયતા મળ્યાં. લોકો મને રોલ મોડલ તરીકે જોવા લાગ્યાં, પણ સફળતા અને નિષ્ફળતા વિશેના મારા વિચારો અલગ છે. હું અત્યારની મારી ઓળખ અને કાર્યક્ષેત્રથી ખુશ નથી. મને એવું લાગવા માંડ્યું છે કે જે હું નથી તે બનવા હું કોશિશ કરી રહી છું.


સના ખાન

મને લાગે છે કે મારો સમય, મહેનત અને લાગણી એક નવી જ જીવનશૈલીમાં વેડફાઈ રહ્યાં છે. આ જગ્યા મારા માટે છે જ નહીં.’

અન્ય ભારતીય અભિનેત્રી સના ખાને પણ ઇન્ડસ્ટ્રીને અલવિદા કહેતી વખતે કહ્યું હતું કે ‘મને શોબીઝથી ઈજ્જત અને પૈસા ખૂબ મળ્યા છે, પણ લાંબા સમયથી મને એ પ્રશ્ન થઈ રહ્યો છે કે શું મનુષ્યનો જન્મ આ જ માટે હોય છે? શું મનુષ્યે અન્ય કમજોર લોકોની મદદ ન કરવી જોઈએ? મનુષ્યનું મૃત્યુ પછી શું થાય ને મને મારા ધર્મમાંથી


એવેન્જલીન લીલી

જવાબ મળ્યો કે મૃત્યુ પછીના સમયને બહેતર કરવા માટે જન્મને બહેતર કરવો જરૂરી છે. એટલે હું શોબીઝની જિંદગી છોડીને સર્જનહારના રસ્તાને પસંદ કરું છું.’

હજુ ગયા જૂન મહિનામાં જ માર્વેલ સ્ટુડિયોની ‘એન્ટમેન’ ફિલ્મ સિરીઝની મુખ્ય અભિનેત્રી એવેન્જલીન લીલીએ પણ અચાનક નિવૃત્તિ જાહેર કરતાં કહ્યું કે ‘ઈશ્વરના મારા પરના આશીર્વાદથી હું અત્યંત ખુશ છું. પૈસા અને પ્રસિદ્ધિથી દૂર થવું એ ડરની લાગણી તો પેદા કરે, છતાં પણ એ છોડીને ધર્મના રસ્તાને અપનાવવાનો વિચાર એ ડરને ભગાવી દે છે. હું હોલિવૂડ તરફ પાછી ફરી શકું છું, પણ અત્યારે તો હું ક્યાંક બીજે જ મને જોઈ રહી છું ને એમાં હું ખુશ છું!’

આ ઉપરાંત અભિનેતા ઇમરાન ખાને પણ


ઇમરાન ખાન

૨૦૧૩માં નિવૃત્તિ લીધી હતી અને હવે ફરી એને સિનેમા ક્ષેત્રે પાછા ફરવાની ઇચ્છા થઈ છે. એવાં અનેક નામ છે કે જેમણે ફિલ્મ ઇન્ડસ્ટ્રીને ‘આવજો’ કહીને જીવનમાં અન્ય દિશા પકડી હોય, પણ એ વિશે વાત ફરી ક્યારેક! ■

### લાસ્ટ શોટ

દિગ્દર્શક કવેન્ટીન ટેરેન્ટિનોએ એવી જાહેરાત કરેલી છે કે એ દસ ફિલ્મ પછી નિવૃત્તિ લેશે. એમની નવ ફિલ્મ્સ આવી ચૂકી છે અને દર્શકો દસમીની રાહ જોઈ રહ્યા છે.

રાજ કપૂર @ ૧૦૦
રશ્મિ શુકલ

# શો મસ્ટ ગો ઓનઃ સો વર્ષ પછી પણ શો ચાલુ છે

## રાજ કપૂરના વારસાની ઉજવણી કરો... એમની કેટલીક ક્લાસિક ફિલ્મ્સ જુઓ થિયેટરમાં

આરકે ફિલ્મ્સ, ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન, એનએફડીસી, એનએફએઆઈ અને સિનેમાએ સુપ્રસિદ્ધ રાજ કપૂરની ૧૦૦મી જન્મજયંતી પર સંયુક્ત રીતે ઉજવણીનું આયોજન કર્યું છે. તેનું શીર્ષક છે ‘રાજ કપૂર ૧૦૦ - સેલિબ્રેટિંગ ધ સેન્ટેનરી ઑફ ધ ગ્રેટેસ્ટ શોમેન’. ત્રણ દિવસીય ઉત્સવ ૧૩ ડિસેમ્બરથી શરૂ થશે અને ૧૫ ડિસેમ્બર સુધી ચાલશે. આ અંતર્ગત રાજ કપૂરની ૧૦ ફિલ્મો ૪૦ શહેરો અને ૧૩૫ થિયેટરોમાં પ્રદર્શિત કરવામાં આવશે. સમગ્ર PVR-INOX અને સિનેપોલિસ સિનેમાઘરોમાં સ્ક્રિનિંગ થશે, જેથી પ્રેક્ષકો દેશભરનાં અત્યાધુનિક સ્થળોએ આ શ્રદ્ધાંજલિનો અનુભવ કરી શકે. ખાસ વાત એ છે કે દરેક સિનેમાઘરમાં ટિકિટની કિંમત માત્ર ₹૧૦૦ રાખવામાં આવી છે, જેથી દરેક લોકો આ જાદુઈ સફરનો ભાગ બની શકે.

રાજ કપૂર (૧૯૨૪-૧૯૮૮)ને ભારતીય સિનેમાના મહાન ફિલ્મ નિર્માતાઓમાંના એક ગણવામાં આવે છે, જેમણે વિશ્વ સિનેમા પર અમીટ છાપ છોડી છે. ‘ધ ગ્રેટેસ્ટ શોમેન’ તરીકે જાણીતા રાજ કપૂરે ફિલ્મ નિર્માણ, અભિનય અને દિગ્દર્શનમાં એવું અદ્ભુત કામ કર્યું કે તે આજે પણ પ્રેરણા આપે છે. પોતાના પિતા પૃથ્વીરાજ કપૂરના પગલે ચાલીને રાજ કપૂરે પોતાની અલગ ઓળખ બનાવી. તેમણે ઈન્કિલાબ (૧૯૩૫)માં બાળ કલાકાર તરીકે કામ કર્યું હતું. આ પછી, ૧૯૪૮ માં તેઓએ આર.કે. ફિલ્મ્સ સ્ટુડિયોની સ્થાપના કરી અને ઘણી ઐતિહાસિક ફિલ્મો બનાવી. તેમની ફિલ્મોમાં આઝાદી પછીના ભારતના સામાન્ય માણસનાં સપનાં, ગામ અને શહેર વચ્ચેનો સંઘર્ષ અને ભાવનાત્મક વાર્તાઓ જીવંત થઈ. આવારા (૧૯૫૧), શ્રી ૪૨૦ (૧૯૫૫), સંગમ (૧૯૬૪) અને મેરા નામ જોકર (૧૯૭૦) જેવી ફિલ્મો આજે પણ સિનેમાપ્રેમીઓના હૃદયમાં જીવંત છે. તેમનું પ્રસિદ્ધ પાત્ર, ચાર્લી ચેપ્લિનથી પ્રેરિત ‘આવારા’, સમગ્ર વિશ્વમાં, ખાસ કરીને સોવિયેત યુનિયનમાં લોકપ્રિય બન્યું હતું.

રાજ કપૂરને પદ્મ ભૂષણ (૧૯૭૧), દાદા સાહેબ ફાળકે પુરસ્કાર (૧૯૮૮) અને અનેક ફિલ્મફેર પુરસ્કારોથી નવાજવામાં આવ્યા હતા. આવારા અને બૂટ પોલિશ જેવી તેમની ફિલ્મો



કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ દર્શાવવામાં આવી હતી અને જાગતે રહો એ કાર્લોવી વેરી ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં ક્રિસ્ટલ ગ્લોબ જીત્યો હતો. અભિનેતા અને ફિલ્મ નિર્માતા રણધીર કપૂર માને છે, ‘રાજ કપૂર માત્ર એક ફિલ્મ નિર્માતા ન હતા, તેઓ એક સ્વપ્નદ્રષ્ટા હતા જેમણે ભારતીય સિનેમાની ભાવનાત્મક પરંપરાને આકાર આપ્યો. તેમની વાર્તાઓ માત્ર ફિલ્મો નથી, પરંતુ ભાવનાત્મક સફર છે જે પેઢીઓને જોડે છે. આ ઉત્સવ તેમને અમારી નાની શ્રદ્ધાંજલિ છે.’ અભિનેતા રણબીર કપૂર કહે છે કે, ‘અમારી પેઢી એક એવા દિગ્ગજના ખભા પર ઊભી છે કે જેમની ફિલ્મો તેમના સમયની ભાવનાને પ્રતિબિંબિત કરે છે અને દાયકાઓ સુધી સામાન્ય માણસના અવાજને વ્યક્ત કરે છે, પ્રેરિત કરવાનું ચાલુ રાખે છે અને આ ઉત્સવ એ જાદુનું સન્માન કરવાની અને દરેકને તેના વારસાને મોટા પડદા પર જોવા માટે આમંત્રિત કરવાની અમારી રીત છે!’

**આ ઉત્સવમાં રાજ કપૂરની સૌથી પ્રખ્યાત ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવશે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ**

આગ (૧૯૪૮), બરસાત (૧૯૪૯), આવારા (૧૯૫૧), શ્રી ૪૨૦ (૧૯૫૫), જાગતે રહો (૧૯૫૬), જીસ દેશ મે ગંગા બહતી હૈ (૧૯૬૦), સંગમ (૧૯૬૪), મેરા નામ જોકર (૧૯૭૦), બોબી (૧૯૭૩), રામ તેરી ગંગા મૈલી (૧૯૮૫)


તો આવો, ૨૦૨૪ની ૧૩થી ૧૫ ડિસેમ્બર સુધી રાજ કપૂરના જાદુઈ સફરને ફરી જીવંત કરીએ અને ભારતના આ મહાન શોમેનના અદ્ભુત વારસાની ઉજવણી કરીએ.

ફોકસ
નિધિ ભટ્ટ

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સિનેમામાં લાવશે બદલાવ

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની આજે સર્વત્ર બોલબાલા છે. દરેક ક્ષેત્રમાં તેણે પ્રવેશ કરી લીધો છે. સિનેમામાં પણ આ ટૅક્નિક પરિવર્તન લાવશે. આ ટૅક્નિકથી સમયની સાથે પૈસાની પણ બચત થશે. માનવ સર્જનાત્મકતા અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વચ્ચેનો સહયોગ સ્ટોરી કહેવાના અને સિનેમેટિક શ્રેષ્ઠતાના નવા યુગની શરૂઆત કરવા માટે તૈયાર છે.

ફિલ્મમેકર સુધીર મિશ્રાનું કહેવુ છે કે આ નવી ટૅક્નોલોજીને અપનાવવી જરૂરી છે. સુધીર મિશ્રાએ ‘ઈસ રાત કી સુબહ નહીં’, ‘ન્યાય’, ‘ચમેલી’, ‘અફવા’ અને ‘હઝારોં ખ્વાહીશે ઐસી’ જેવી અનેક ફિલ્મો બનાવી છે.




હાલમાં તેમની વેબ-સિરીઝ ‘તનાવ ૨’ ચર્ચામાં છે. તેઓ ચાર દાયકાથી ફિલ્મ-ઇન્ડસ્ટ્રીમાં સક્રિય છે. એવામાં ફિલ્મો સિંગલ સ્ક્રીનથી મલ્ટિપ્લેક્સમાં બદલાઈ ગઈ છે. એવામાં આ પરિવર્તનને પણ તેમણે અપનાવ્યું છે. એ વિશે સુધીર મિશ્રાએ કહ્યું કે, ‘હું એક મૅથેમેટિશ્યનનો દીકરો છું અને મારો ઉછેર જ એવી રીતે થયો છે કે હું દરેક બાબતમાં શક્યતા જોઉં છું. ક્યારે પણ કાંઈપણ થઈ શકે છે. નવી-નવી વસ્તુઓ આવતી રહેશે. શિક્ષીત હોવાનો ફાયદો એ થાય છે કે ભવિષ્યમાં નવું શું આવશે એનો તમને અંદાજ હોય છે. ઉદાહરણ તરીકે વિશ્વ આજે અઈ એટલે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનું વર્ચસ્વ ખૂબ વધી ગયું છે.

આગામી પાંચ-દસ વર્ષમાં એઆઇ ખળભળાટ મચાવશે. એને કારણે સિનેમા જ રી-ઇન્વેન્ટ થઈ જશે. દુનિયાના કોઇપણ ખૂણામાં બેઠેલી વ્યક્તિ ફિલ્મ બનાવશે અને સીધી કાન ફિલ્મ-ફેસ્ટિવલમાં પહોંચી જશે, કેમ કે ત્યાં બેસીને તે દુનિયા સાથે કનેક્ટેડ રહેશે.

આવો બદલાવ આવશે અને તમારે ટકી રહેવું હોય તો એની સાથે કદમ મિલાવીને ચાલવું પડશે. હું ટકી રહેવા માગું છું. હું સતત ફિલ્મો બનાવવા માગું છું. હું રિટાયર્ડ નથી થવા માગતો.’ ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

**આ કલાકારોની હીરો તરીકે પ્રથમ ફિલ્મ કઈ હતી અને એ બધામાં કોમન શું છે ?**

૧) હૃતિક રોશન

૨) આમિર ખાન

૩) સલમાન ખાન

૪) બોબી દેઓલ

૫) રણબીર કપૂર

૬) આયુષ્યમાન ખુરાના

૭) શાહરુખ ખાન

### ક્વિઝ (બ)

**આ ફિલ્મોમાં એક ગીતનો પહેલો શબ્દ બે વાર આવે છે. એ ગીત જાણો છો ?**

૧) દમ લગા કે હૈશા

૨) નૂરી

૩) બેટા

૪) આશિકી

૫) તીસરી મંઝિલ

૬) મસ્ત

૭) બ્લેક મેલ

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

# બૅન્કની પૉલિસીની જાહેરાત પૂર્વે આઈટી શૅરોની આગેવાની હેઠળ સેન્સેક્સમાં ૮૦૯ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૨૪૧ પૉઈન્ટનો ઉછાળો

## વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ₹ ૮૫૩૯ કરોડની લેવાલી સામે સ્થાનિક ફંડોની ₹ ૨૩૦૩ કરોડની વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાનાં બજારોમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૭૯૭.૬૦ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલ ઉપરાંત આજે પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૪,૭૧૬.૭૮ કરોડની ખરીદી સામે રૂ. ૧૬,૧૭૬.૮૭ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૮૫૩૯.૪૧ કરોડની ચોખ્ખી ખરીદી રહેતાં તેજીને ઈંધણ મળ્યું હતું. જોકે, તેની સામે આજે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૩૦૩.૬૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.

આવતીકાલે સમાપન થનારી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મૉનિટરી પૉલિસીની કમિટીની નાણાનીતિની સમીક્ષાની બેઠકની ફળશ્રુતિ પૂર્વે આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ખાસ કરીને આઈટી શૅરોની આગેવાની હેઠળ બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સ અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૮૦૮.૫૩ પૉઈન્ટનો અને ૨૪૦.૯૫ પૉઈન્ટનો ઉછાળો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક ગઈકાલના ૮૦,૯૫૬.૩૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૧,૧૮૨.૭૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૦,૪૬૭.૩૭ અને ઉપરમાં ૮૨,૩૧૭.૭૪ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૮૦૯.૫૩ પૉઈન્ટ અથવા તો એક ટકાના સુધારા સાથે ૮૧,૭૬૫.૮૬ના મથાળે બંધ રહ્યો હતો. જોકે સત્ર દરમિયાન સેન્સેક્સે એક તબક્કે ૧૩૬૧.૪૧ પૉઈન્ટનો ઉછાળો નોંધાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે છેલ્લાં પાંચ સત્રમાં સેન્સેક્સમાં ૩.૪૪ ટકાનો અથવા તો ૨૭૨૨.૧૨ પૉઈન્ટનો ઉછાળો જોવા મળ્યો છે. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૪૬૭.૪૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૨૪,૫૩૯.૧૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૨૯૫.૫૫ અને ઉપરમાં ૨૪,૮૫૭.૭૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૯૮ ટકા અથવા તો ૨૪૦.૯૫ પૉઈન્ટના સુધારા સાથે ૨૪,૭૦૮.૪૦ના મથાળે બંધ રહ્યો હતો. તેમ જ આજે નિફ્ટીમાં સત્ર દરમિયાન ૩૯૦.૩૦ પૉઈન્ટની તેજી જોવા મળી હતી.



પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ ખાતે કુલ ૪૦૮૩ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાંથી ૨૧૩૦ શૅરના ભાવ વધીને, ૧૮૪૧ શૅરના ભાવ ઘટીને અને ૧૧૨ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૨૩૭ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૧૨ શૅરના ભાવ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા અને ૪૦૭ શૅરમાં ઉપરની તથા ૧૯૯ શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી.

અમેરિકામાં મજબૂત આર્થિક વૃદ્ધિ અને ફુગાવામાં ઘટાડાના સંકેતોને ટેકે ડાઉ જૉન્સે ગઈકાલે ૪૫,૦૦૦ની સપાટી પાર કરી હોવાના નિર્દેશોએ સ્થાનિક બજારમાં તેજી જોવા મળી હતી. વધુમાં ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે અમેરિકી અર્થતંત્ર મજબૂત રહ્યું હોવાના અણસારો આપતાં તેજીના ખેલાડીઓને પ્રેરકબળ મળ્યું હોવાનું જિઓજિત ફાઈનાન્સિયલ સર્વિસીસનાં ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવ્યું હતું.

આવતીકાલે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મૉનૅટરી પૉલિસી કમિટીની બેઠક સમાપન થઈ રહી છે અને રિઝર્વ બૅન્કના નિર્ણય પૂર્વે જ બજારમાં અમેરિકી બજારના પ્રોત્સાહક અહેવાલે મુખ્યત્વે આઈટી અને બૅન્કિંગ ક્ષેત્રના શૅરોમાં લેવાલીને ટેકે તેજીનું વલણ જોવા મળ્યું હોવાનું રેલિગેર બ્રોકિંગ લિ.ના રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર એનટીપીસી, એશિયન પેઈન્ટ્સ અને ઈન્ડ્સઈન્ડ બૅન્કના શૅરના ભાવમાં અનુક્રમે ૦.૯૮ ટકાનો, ૦.૩૦ ટકાનો અને ૦.૧૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આ સિવાયના તમામ ૨૭ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા, જેમાં મુખ્યત્વે ટીસીએસમાં ૨.૩૯ ટકાનો, ઈન્ફોસિસમાં ૨.૩૩ ટકાનો, ટિટાનમાં ૨.૨૩ ટકાનો, ભારતી ઍરટેલમાં ૧.૯૫ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૧.૬૮ ટકાનો અને આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૧.૬૦ ટકાનો ઉછાળો આવ્યો હતો. તે જ પ્રમાણે આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૪૧ શૅરના ભાવ વધીને અને નવ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. તેમ જ આજે બીએસઈ ખાતે સ્મોલકેપ અને મિડકેપ ઈન્ડેક્સમાં પણ અનુક્રમે ૦.૧૬ ટકાનો અને ૦.૨૭ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. વધુમાં આજે બીએસઈ ખાતેના તમામ સેક્ટોરિયલ ઈન્ડેક્સ પૈકી એકમાત્ર રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૦.૩૦ ટકાનો ઘટાડો આવ્યો હતો અને અન્ય તમામ ઈન્ડેક્સમાં ૦.૨૦ ટકાથી ૧.૯૨ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો, જેમાં સૌથી વધુ ટૅક્નોલૉજી ઈન્ડેક્સમાં ૧.૯૨ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૧.૮૧ ટકાનો, ટેલિકોમ ઈન્ડેક્સમાં ૦.૯૫ ટકાનો, બૅન્કેક્સમાં ૦.૬૮ ટકાનો, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૬૬ ટકાનો અને એનર્જી ઈન્ડેક્સમાં ૦.૬૪ ટકાનો સુધારો આવ્યો હતો.

દરમિયાન આજે એશિયન બજારોમાં ટોકિયો અને શાંઘાઈની બજાર સુધારા સાથે બંધ રહી હતી, જ્યારે સિઉલ અને હૉંગકૉંગની બજાર નરમાઈના ટોને બંધ રહી હતી. તેમ જ આજે યુરોપની બજારોમાં મધ્યસત્ર દરમિયાન સુધારો દર્શાવાઈ રહ્યો હતો. આ સિવાય આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૩ ટકા વધીને બેરલદીઠ ૭૨.૬૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

# ડૉલર સામે રૂપિયો ચાર પૈસાના સુધારા સાથે ઐતિહાસિક તળિયેથી પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી તેમ જ ગઈકાલે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ચાર પૈસાના સુધારા સાથે ઐતિહાસિક નીચી ૮૪.૭૫ની સપાટીએથી પાછો ફરીને ૮૪.૭૧ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૭૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૪.૭૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૭૪ અને ઉપરમાં ૮૪.૭૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ચાર પૈસા વધીને ૮૪.૭૧ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો ઘટાડો જોવા મળ્યો હતો. તાજેતરમાં સ્થાનિક સ્તરે આર્થિક વૃદ્ધિ મંદ પડવાની ભીતિ અને ડૉલર ઈન્ડેક્સની મજબૂતીને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્સ શૅરખાનના રિસર્ચ એનાલિસ્ટ અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે જો વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડો થાય અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો આંતરપ્રવાહ જોવા મળે તો રૂપિયાને અમુક અંશે ટેકો મળે તેવી શક્યતા નકારી ન શકાય. અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૪.૫૦થી ૮૪.૯૫ની રેન્જમાં રહે તેમ જણાય છે.

વધુમાં તાજેતરમાં ફુગાવામાં જોવા મળેલા વધારાને ધ્યાનમાં લેતા આજે ટ્રેડરોની નજર આવતીકાલે સમાપન થઈ રહેલી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મૉનૅટરી પૉલિસી કમિટીની બેઠક પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૬ ટકા ઘટીને ૧૦૬.૧૫ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના ઘટ્યા મથાળેથી ૦.૫૩ ટકા વધીને બેરલદીઠ ૭૨.૬૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

# ચાંદીમાં ₹ ૧૧૮૫નો ચમકારો, સોનામાં ₹ ૬૧નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોના અને ચાંદીના ભાવમાં સાધારણ સુધારાતરફી વલણ રહ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે ખાસ કરીને હાજર સોનામાં વધ્યા મથાળેથી ટકેલું વલણ અને વાયદામાં ૦.૧ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં ધીમો સુધારો આગળ ધપ્યો હતો. આમ વૈશ્વિક ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં આજે ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૧૮૫નો ચમકારો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૯થી ૬૧નો મામૂલી સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ઘટ્યા મથાળેથી ચાર પૈસાનો સુધારો દર્શાવાઈ રહ્યો હોવાથી સોનાની આયાત પડતર ઘટી આવતા સોનામાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૮૫ વધીને રૂ. ૯૧,૨૧૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જેમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૯ વધીને રૂ. ૭૬,૧૪૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૧વધીને રૂ. ૭૬,૪૫૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટો, રોકાણકારો અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલી છૂટીછવાઈ અને રિટેલ સ્તરની લગ્નસરાની માગ જળવાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



અમેરિકી ફેડરલ રિઝર્વનાં વ્યાજદરમાં કપાત અંગેના નિર્ણયમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર અમેરિકાના પે રૉલ ડેટાની આવતીકાલે થનારી જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના વલણ વચ્ચે હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૨૬૪૯.૬૯ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા, જ્યારે વાયદામાં સોનાના ભાવ ગઈકાલના વધ્યા મથાળેથી સાધારણ ૦.૧ ટકાના ઘટાડા સાથે ૨૬૭૩.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૦.૧ ટકો વધીને ઔંસદીઠ ૩૧.૩૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

હાલને તબક્કે વૈશ્વિક સોનામાં ખાસ કરીને વૈશ્વિક રાજકીય-ભૌગોલિક તણાવ, ડિ ડૉલરાઈઝેશન અને કેન્દ્રવર્તી બૅન્કની લેવાલીથી ઔંસદીઠ ૨૬૦૦ ડૉલર આસપાસની સપાટીએ ટેકો મળી રહ્યો છે તેમ જ આગામી આગામી માર્ચ, ૨૦૨૫ સુધીમાં ભાવ વધીને ૩૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા કેડિયા કૉમૉડિટીઝનાં ડિરેક્ટર અજય કેડિયાએ વ્યક્ત કરી હતી. સામાન્યપણે રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતા અને વધતા ફુગાવામાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં લેવાલી નીકળતી હોય છે, પરંતુ જ્યારે વ્યાજદર ઊંચી સપાટીએ હોય ત્યારે સોનામાં માગ નબળી પડતી હોય છે. વ્યાજદરમાં કપાતની સાથે સપ્ટેમ્બર મહિનામાં અમેરિકી અર્થતંત્રમાં ફેડરલની અપેક્ષા કરતાં વધુ મજબૂતી હોવાનું ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે જણાવવાની સાથે ભવિષ્યમાં વ્યાજદરમાં કપાતની ગતિ ધીમી રહેવાના સંકેત આપ્યા હતા. તેમ જ સાન ફ્રાન્સિસ્કો ફેડનાં પ્રમુખ મેરી ડેલેએ પણ વ્યાજદરમાં કપાત કરવામાં ઉતાવળ કરવાનો કોઈ અર્થ ન હોવાનું જણાવ્યું હતું.

આગામી ૧૭-૧૮ ડિસેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૭૪ ટકા શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા હતા. વર્તમાન કેલૅન્ડર વર્ષમાં સોનાએ આકર્ષક કામગીરી દાખવ્યા બાદ હવે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન તેજી થાક ખાય તેવી શક્યતા એએનઝેડે એક નોટ્સમાં જણાવ્યું હતું.

# વિશ્વ વેપાર સંગઠનની બેઠકમાં થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયાએ અમુક ભારતીય ચીજોની ગુણવત્તાના નિયંત્રણોની ચિંતા વ્યક્ત કરી

નવી દિલ્હીઃ થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયાએ વિશ્વ વેપાર સંગઠન (વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન) સમક્ષ ભારતનાં અમુક ઉત્પાદનો પરનાં ગુણવત્તાને લગતાં નિયંત્રણોના ઓર્ડર અંગે ચિંતા વ્યક્ત કરવાની સાથે તેને કારણે તેઓની નિકાસ પર માઠી અસર પડી રહી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે તાજેતરની જીનિવા ખાતેની ગૂડ્સ કાઉન્સિલની બેઠકમાં વેપારને લગતી આ સમસ્યાની રજૂઆત કરવામાં આવી હતી. આ મુદ્દે ભારતે જણાવ્યું હતું કે ભારત ઉત્પાદનની ગુણવત્તા, ઉપભોક્તાઓની સુરક્ષા ઉપરાંત માનવ, પ્રાણી અને છોડવાઓના સ્વાસ્થ્યની સલામતી સહિત ભારત આંતરરાષ્ટ્રીય વેપારને સરળ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. જોકે, ભારત થાઈલેન્ડના સત્તાવાળાઓ સાથે આ મુદ્દે દ્વીપક્ષીય બેઠકનું આયોજન કરશે, એમ અધિકારીએ ઉમેર્યું હતું.

થાઈલેન્ડે આક્ષેપ કર્યો હતો કે ભારતથી ખાસ કરીને કોપરના ઉત્પાદનો, લાકડાં આધારિત બોર્ડ અને ટાયર માટેનાં સ્ટાન્ડર્ડ માર્ક અને લાઈસન્સ મેળવવામાં વિલંબ થઈ રહ્યો જેનાથી અયોગ્ય આયાત નિયંત્રણો આવે છે. થાઈલેન્ડના ઉત્પાદકોએ તમામ પ્રક્રિયાઓ પૂરી કરવાની સાથે માલની ચુકવણી પણ આગોતરી કરી હોવા છતાં બ્યૂરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડસ (બિસ) જરૂરી સાઈટ ઈન્સ્પેક્શન કરવામાં નિષ્ફળ જઈ રહી છે અને વિલંબ બદલ કોઈ તાર્કિક કારણ નથી આપવામાં આવતું કે તેના ઉકેલની કોઈ સમયમર્યાદા નથી આપવામાં આવતી, એમ જીનિવાસ્થિત એક અધિકારીએ જણાવ્યું હતું.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે બિસની ઈન્સ્પેક્શનની નિષ્ફળતાની અસર આયાત નિયંત્રણ જેવી થતી હોવાથી થાઈલેન્ડના વેપાર પર માઠી અસર પડી રહી છે. આથી થાઈલેન્ડે ભારતને અનુરોધ કર્યો હતો કે જ્યાં સુધી એજન્સી આયાતકારો અને ઉત્પાદકો માટેની પ્રક્રિયાઓ સમયસર પૂર્ણ કરવા પ્રતિબદ્ધ ન થાય ત્યાં સુધી ગુણવત્તાના નિયંત્રણોનો અમલ મોકૂફ રાખવા અથવા નિયંત્રણો પાછાં ખેંચવા જોઈએ.

તે જ પ્રમાણે ઈન્ડોનેશિયાએ પણ ભારતનાં ક્વૉલિટી કંન્ટ્રોલ ઓર્ડર વેપારમાં અંતરાય સર્જતા હોવાનું જણાવતાં ચિંતા વ્યક્ત કરી હતી. તેમ જ જણાવ્યું હતું કે બ્યૂરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ દ્વારા અપનાવાયેલાં ધોરણો અને પ્રક્રિયાઓ લાંબી છે અને સર્ટિફિકેશનની પ્રક્રિયા પણ અપારદર્શક હોવાની સાથે ફેક્ટરી ઈન્સ્પેક્શનની સમયમર્યાદા અને લાઈસન્સ જારી કરવાની સમયમર્યાદાના અભાવવાળી છે. ભારતનાં ગુણવત્તાનાં નિયંત્રણોને કારણે ઈન્ડોનેશિયાની સ્પન યાર્ન અને ફેબ્રિક્સ, પ્લાયવુડ અને લાકડાના શટર, ફૂટવેઅર, મેડિકલ ટેક્સ્ટાઈલ તથા અન્ય ચીજોની આયાત પર માઠી અસર પડી હોવાનું જણાવતાં ઉમેર્યું હતું કે ઈન્ડોનેશિયાના મતે આ ક્વૉલિટી કન્ટ્રોલ ઓર્ડર એ વેપારી અંતરાયો હોવાની સાથે સાથે વિશ્વ વેપાર સંગઠનના એગ્રીમેન્ટ ઓન ટેક્નિકલ બેરિયર ટૂ ટ્રેડ સહિતની અમુક જોગવાઈઓનો ભંગ પણ થઈ રહ્યો છે. જોકે, આ સંદર્ભે પણ ભારતે જણાવ્યું હતું કે અમે ઈન્ડોનેશિયા સાથે દ્વીપક્ષીય વાટાઘાટો કરી રહ્યા છીએ.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ ૪૪નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની નબળી ગુણવત્તા આવતા ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મથકો પાછળ મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૪નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના ઘટાડા સાથે રૂ. ૩૫૫૦થી ૩૬૫૨માં થયા હતા. તેમ જ મથકો પરના નિરુત્સાહી અહેવાલે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૪ના ઘટાડા સાથે રૂ. ૩૫૫૬થી ૩૮૦૨માં થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૭૦થી ૩૫૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૪૦થી ૩૬૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# આયાતી તેલમાં મિશ્ર વલણ, વેપાર છૂટાછવાયા

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૪ રિંગિટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં ૭૨ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહ્યા હોવાથી હાજર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૧૦નો સુધારો અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૦નો ઘટાડો જોવા મળ્યો હતો. આ સિવાય અન્ય તમામ તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. દરમિયાન ઓ સરકારે ડૉલર સામે રૂપિયાના આંતરરાષ્ટ્રીય વિનિમય દર જે અગાઉ ૮૫.૩૫ હતા તે વધારીને ૮૫.૬૫ કરતાં સ્થાનિકમાં આયાતી તેલની જકાતમાં વધારો થયો હતો, જેમાં ટનદીઠ ધોરણે ક્રૂડ પામતેલ અને સોયા ડિગમની જકાતમાં રૂ.૯૨નો અને આરબીડી ઓલિનની જકાતમાં રૂ. ૧૨૧નો વધારો થયો હતો. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે કામકાજો નિરસ રહ્યા હતા અને તેમાં પણ અમુક રિફાઈનરોનું આરબીડી પામોલિનમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૮૫ના ભાવથી બાયબેક જોવા મળ્યું હતું. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સિંગતેલના રૂ. ૧૫૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ અને સરસવના રૂ. ૧૪૧૦ના મથાળે રહ્યાના અહેવાલ હતા. આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની તથા સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૨૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૫૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. રાજસ્થાનના મથકો પર ૯૫,૦૦૦ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૫૭૫થી ૬૬૦૦માં થયા હતા. સિવાય સરસવ એક્સપેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૨માં અને કચ્ચી ઘાણીના રૂ. ૧૩૫૨ના મથાળે રહ્યા હતા, સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૩૦૦થી ૨૩૦૫માં થયાના અહેવાલ હતા.

# સ્ટોકિસ્ટોની લેવાલીએ ટીનમાં ₹ ૧૭નો ઉછાળો, અન્ય ધાતુમાં પાંખાં કામકાજે મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હતાં. જોકે, આજે સતત બીજા સત્રમાં ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૭નો ઉછાળો આવ્યો હતો, જ્યારે બ્રાસ શીટ કટિંગ્સ, કોપર વાયરબાર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ત્રણનો સુધારો આવ્યો હતો. તેની સામે નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨નો અને નિરસ માગે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સતત બીજા સત્રમાં ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૨૫૪૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૫૬૫ અને કોપર વાયરબાર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૨૫, રૂ. ૨૫૧ અને રૂ. ૨૯૪ના મથાળે રહ્યા હતા.

વધુમાં છેલ્લાં બે સત્રમાં નિકલના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૯નો વધારો આવ્યા બાદ આજે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી અને નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૧૩૭૦ના મથાળે અને નિરસ માગે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૫૧૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે કોપરની અન્ય તમામ વેરાઈટીઓ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.




**રાજકોટમાં હિન્દુ અસ્મિતા મંચની મૌન રેલીઃ**
બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચારના વિરોધમાં આજે રાજકોટના બહુમાળી ભવન ચોક ખાતે સાંજે વિશ્વ હિન્દુ પરિષદ તેમ જ સાધુ સમાજના લોકો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને કલેક્ટર કચેરી સુધી પ્લે કાર્ડ દર્શાવી મૌન રેલી કાઢી હતી. જેમાં સાધુ સમાજના અને આર્ષ વિદ્યામંદિરના પરમાત્માનંદ સરસ્વતીએ યુનાઈટેડ નેશન્સને બાંગ્લાદેશમાં અત્યાચાર બંધ કરાવવા માગ કરી હતી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી યોગ્ય સમયે કાર્યવાહી કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. (તસવીર, પ્રવીણ સેદાણી રાજકોટ)

# બનાસકાંઠાના દાંતિવાડાથી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ રવી કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આ વર્ષે રવી કૃષિ મહોત્સવનું બહુ આયામી આયોજન કરવામાં આવ્યું છે. બેદિવસીય કૃષિ મહોત્સવમાં વિવિધ ટેક્નિકલ માર્ગદર્શન સેમિનાર, પ્રાકૃતિક ખેતીનું નિદર્શન, આધુનિક કૃષિ ટેકનોલોજીનું નિદર્શન-પ્રદર્શન, પ્રાકૃતિક કૃષિના મૉડેલ ફાર્મની મુલાકાત અને પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યના પ્રગતિશીલ ખેડૂતોને સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર તથા આત્મા બેસ્ટ ફાર્મરના એવોર્ડ પણ આ કાર્યક્રમ દરમિયાન એનાયત કરવામાં આવશે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ રાજ્યકક્ષાના રવી કૃષિ મહોત્સવમાં દાંતીવાડા ખાતે ૧૨ જેટલા પ્રગતિશીલ ખેડૂતોને સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કારથી સન્માનિત કરશે. ઉપરાંત શ્રેષ્ઠ પશુપાલક એવોર્ડ અને વિવિધ લાભ સહાયનું વિતરણ પણ થવાનું છે.

રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪માં કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા પ્રાકૃતિક અને સસ્ટેનેબલ ફાર્મિંગ, ખેતી અને બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન, બાગાયતી પાકો સાથે મિક્સ ફાર્મિંગ, પ્રાકૃતિક ખેતી, પ્રિસિઝન ફાર્મિંગ, કૃષિ અને બાગાયતી પાકોમાં આધુનિક તાંત્રિકતા વિશે માર્ગદર્શન, મિલેટ પાકોમાં મૂલ્યવર્ધન, સફળ પશુપાલન જેવા વિવિધ વિષયો ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે. આ દ્વિદિવસીય રવી કૃષિ મહોત્સવના રાજ્યવ્યાપી આયોજનનો લાભ અંદાજે ૨.૫૦ લાખ ધરતીપુત્રો મહોત્સવમાં સહભાગી થઈને લેશે. ■

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કૉલેજોએ માન્યતાપ્રાપ્ત અધ્યાપકોની ફરજિયાત નિમણૂક કરવી પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોએ હવે આગામી તા.૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં માન્યતાપ્રાપ્ત અધ્યાપકોની નિમણૂક કરવી ફરજિયાત છે જે કૉલેજોમાં માન્યતાપ્રાપ્ત અધ્યાપકો નહીં હોય તેવી કૉલેજોને વર્ષ ૨૦૨૫-૨૬ના શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થી પ્રવેશની મંજૂરી આપવામાં આવશે નહીં. સૌરાષ્ટ્ર યુનિ. ખાતે ગઈકાલે એકેડેમીક કાઉન્સીલની કાર્યકારી કુલપતિ ડૉ. ડોડિયાના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવેલ હતો.

એકેડેમીક કાઉન્સીલની બેઠકમાં સૌરાષ્ટ્ર યુનિ. કૉલેજોને માન્યતાપ્રાપ્ત અધ્યાપકોની યાદી યુનિ.ના જોડાણ વિભાગમાં તા. ૩૧ માર્ચ સુધીમાં રજૂ કરવાની તાકીદ કરવામાં આવી હતી. આ ઉપરાંત યુનિ. સંલગ્ન દરેક કૉલેજોએ તા. ૩૧ માર્ચ સુધીમાં ફાયર એન.ઓ.સી. બી.યુ.પી. સર્ટિફિકેટ તેમ જ સ્ટેચ્યુટની જોગવાઈ મુજબ નેક એક્રેડિટેશન ફરજિયાત મેળવી લેવાનું રહેશે.

યુનિવર્સિટીમાં લાંબા સમયગાળા બાદ મળેલી એકેડેમીક કાઉન્સીલની આ બેઠકમાં કૉલેજમાં નવા જોડાણ તથા નવી કૉલેજોને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ માટે કુલપતિ દ્વારા બહાલીની અપેક્ષાએ ભલામણ કરવામાં આવી હતી તેવી કૉલેજોને પણ મંજૂરી આપવામાં આવી હતી. કૉલેજોના ચાલુ વધારાના જોડાણને પણ બહાલી આપવામાં આવી હતી. ■

# માંડવીના બાડા ગામના દરિયાકિનારે સોડાએશ પ્લાન્ટ સ્થાપતી કંપની સામે ૨૦ ગામના લોકોનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છના માંડવીના બાડા ગામના દરિયાકિનારે ગુજરાત હેવી કેમિકલ લિમિટેડ કંપની પોતાનો સોડાએશ પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે. જેથી સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ વિસ્તારની આસપાસનાં ૨૦ જેટલાં ગામના લોકોએ કંપની સામે વિરોધ શરૂ કર્યો હતો. માંડવીના બાડા ગામ નજીક ગુજરાત સરકારે ૧૩૪૦ એકર જમીન કંપનીને ફાળવી છે. આ કંપનીના કારણે હજારો લોકોની ખેતી અને પશુપાલનની રોજગારીને અસર થતી હોવાનું લોકોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાત હેવી કેમિકલ લિમિટેડ કંપની પોતાનો સોડાએશ પ્લાન્ટ સ્થાપશે તો કચ્છના માંડવી તાલુકાના બાડા ગામ આસપાસના ૨૦ ગામમાં પર્યાવરણ, દરિયાઈ જીવ-સૃષ્ટિ, ખેતી અને પશુપાલન ખતમ થઈ જશે તેવા આક્ષેપ સાથે ૨૦ ગામના લોકોએ કંપનીનો વિરોધ કર્યો હતો.

કંપનીએ ૭૦ ટકાથી વધુ જમીન સંપાદિત કરી લીધી છે. રૂા. ૩૫૦૦ કરોડના મૂડીરોકાણ સાથે કંપની કેમિકલ પ્લાન્ટ નાખી રહી છે.

જેમાં વાર્ષિક ૧૧ લાખ ટન સોડા એશ, વાર્ષિક ૫ લાખ ટન ડેન્સ સોડા એશ અને વાર્ષિક ૨ લાખ ટન બેકિંગ સોડાનું ઉત્પાદન કરશે.

માંડવી ગામમાં સમૃદ્ધ, બાગાયતી પ્રાકૃતિક ખેતી અને પશુપાલન થાય છે. પ્લાન્ટના કારણે પ્રદૂષણ વધશે જેના કારણે ખેતી અને પશુપાલન અને માછીમારોને મોટું નુકસાન થશે તેવી ભીતિ સેવવામાં આવી હતી. ■

# અમરેલીના જાફરાબાદમાં વનચક્કીના ટાવર ઉપર ચડેલા કર્ણાટકના બે મજૂરો નીચે પટકાયાઃ બંનેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીના જાફરાબાદના લોઠપુર ગામ નજીક વાડી વિસ્તારમાં પવનચક્કી નાખવા માટે પવનની ગતિ જોવા માટે ટાવર ઊભો કરવામાં આવ્યો હતો. આ ટાવર ઉપર ચડેલા કર્ણાટકના બે મજૂરો કોઈ કારણોસર નીચે પડતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં બન્ને મજૂરોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જાફરાબાદના લોઠપુરમાં પવનચક્કીના ટાવર ઉપર ચડેલા બે મજૂરો નીચે પટકાતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. સ્થાનિક ખેડૂતો અને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તેમને સારવાર માટે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. તેઓને સારવાર મળે તે પહેલાં જ ઘટનાસ્થળે બંને મજૂરોનાં મોત થયાં હતાં. કર્ણાટકના કલાપા માલગુડા પાટીલ અને શિવગુડા બસા ગુડા પાટીલ નામના બંને મજૂરોનાં મોત થયાં હતાં. ઘટનાની જાણ થતાં જાફરાબાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ટાવરમાં કેટલા માણસો કામ કરતા હતા. બેદરકારી હતી કે કેમ? સહિતની દિશામાં પોલીસે તપાસ હાથ ધરી હતી. તેમ જ બંનેના મૃતદેહને જાફરાબાદ હૉસ્પિટલમાં પી.એમ.માટે ખસેડવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ■

# ક્ષત્રિય સમાજના આગેવાન પી.ટી. જાડેજાએ ધરપકડથી બચવા આગોતરા જામીન માટે અરજી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ક્ષત્રિય સમાજના આગેવાન પી.ટી. જાડેજા સામે વ્યાજખોરીના આક્ષેપો થયા બાદ મની લોન્ડરિંગની ફરિયાદ થઈ હતી. જે અંતર્ગત તેમણે ધરપકડથી બચવા આગોતરા જામીન માટે અરજી કરી હતી. પોલીસે કોર્ટમાં સોગંદનામું કરીને આગોતરા જામીન નહીં આપવા માટે દલીલ કરી હતી.

ફરિયાદી સુરેશભાઈ અમરસિંહભાઈ પરમારે માલવિયાનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં જણાવ્યું હતું કે, ફેબ્રુઆરી ૨૦૨૪માં મારે ધંધાના કામે ૬૦ લાખની જરૂર પડતાં વ્યાજે પૈસા લીધા હતા. આ પૈસા વ્યાજ સાથે ચૂકવી દીધા હોવા છતાં પી.ટી. જાડેજાએ વધુ પૈસાની માગ કરીને મકાનના અસલ કાગળો આપવાની ના પાડી દીધી હતી.

આ મુદ્દે ફરિયાદ નોંધાતાં પી. ટી. જાડેજાએ કોર્ટમાં પોતાના વકીલ મારફત આગોતરા જામીન અરજી કરી હતી. જેમાં પોલીસે સોગંદનામું કરીને આગોતરા જામીન નહીં આપવા દલીલ કરી હતી.

ફરિયાદી સુરેશભાઈ અમરસિંહભાઈ પરમારે પી.ટી.જાડેજા પાસેથી ધંધા માટે રૂા.૬૦ લાખ ૩ ટકા વ્યાજે લીધા હતા.

જેની સિક્યોરિટી પેટે ફરિયાદીએ રૂા.૫-૫ લાખના સાત ચેક તથા મકાનના દસ્તાવેજની અસલ ફાઇલ તથા પાવરનામું તથા સાટાખત લખાવી લીધેલ બાદમાં ફરિયાદીએ રૂા.૨૯,૬૦,૦૦૦ રોકડા તથા રૂા.૩૦ લાખ આરટીજીએસ તથા વ્યાજના રૂા.૧૦,૮૦,૦૦૦ સહિત કુલ રૂા.૭૦,૮૦,૦૦૦ ચૂકવી દીધેલ હોય તેમ છતાં આરોપી ફરિયાદીના મકાનની દસ્તાવેજની અસલ ફાઈલ પરત આપતા ન હોઈ અને ફરિયાદી પાસે વધુ વ્યાજના પૈસાની ઉઘરાણી કરી બેફામ અપશબ્દો આપી જિંદગી બગાડી નાખી રાજકોટ છોડાવી દેવાની ધમકી આપી ગુનો આચર્યો હતો.

પોલીસે કોર્ટમાં સોગંદનામું કરીને દલીલ કરી હતી કે, આરોપી ગુનો દાખલ થયેલ ત્યારથી નાસતા ફરે છે. આ આરોપીને આગોતરા જામીન આપવામાં આવશે તો તપાસમાં સહકાર આપશે નહી અને ફરિયાદીને ફરિયાદ પાછી ખેંચવા લોભ-લાલચ-ધમકી આપશે તેવી પૂરી શક્યતા છે. જેથી આરોપીને આગોતરા જામીન ન આપવા પોલીસે અભિપ્રાય આપ્યો હતો. ■

# દુષ્કર્મ કેસમાં ભુજના આરટીઆઈ એક્ટિવિસ્ટ હેનરી ચાકોને જામીન પર છોડવા કોર્ટનો હુકમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ લગ્નના બહાને એક મહિલા પર વારંવાર દુષ્કર્મ ગુજારી તેના પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગુનામાં કેદ, વ્યવસાયે વકીલ અને આરટીઆઈ એક્ટિવિસ્ટ હેનરી જેમ્સ ચાકોને ભુજની અધિક સેશન્સ કોર્ટે નિયમિત જામીન પર છોડવા હુકમ કર્યો હતો.હેનરી વિરુદ્ધ ગત બીજી માર્ચના રોજ દુષ્કર્મ અને માર મારવા સહિતની કલમો તળે પરિણીતાએ ભુજના બી-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યાર બાદ ફરાર થઈ ગયેલા ચાકોની સ્થાનિક ગુનાશોધક શાખા દ્વારા ૩૦-૦૯-૨૦૨૪ના રોજ ધરપકડ થઈ હતી. ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીએ દાખલ કરેલી અરજીને મંજૂર કરવા બચાવ પક્ષે ધારાશાસ્ત્રી આર.એસ.ગઢવીએ કોર્ટ સમક્ષ કેટલાંક મહત્ત્વના મુદ્દે રજૂઆત કરતાં દલીલ કરી હતી કે ગુનાનો ભોગ બનનારે પતિ સાથે છૂટાછેડા ના લીધા હોવા છતાં આરોપી જોડે લગ્ન કરવાની આશા રાખી સ્વેચ્છાએ સંમતિપૂર્વક શારીરિક સંબંધો બાંધ્યા હતા. બનાવ બન્યો તે સમયે ફરિયાદી આરોપીના મકાનમાં રહેતી હતી અને અહીં અવારનવાર તેના પરિવારજનો તેને મળવા આવતા હતા. બનાવના દિવસે ફરિયાદીએ આરોપીએ સ્ટીલના ચીપિયાથી માર માર્યો હોવાનું હૉસ્પિટલમાં લખાવેલું, પરંતુ પાછળથી દુષ્કર્મની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. હૉસ્પિટલમાં આપેલા પ્રાથમિક નિવેદનના આધારે જે પોલીસ કર્મચારીએ તેનું નિવેદન લીધું હતું તેને કોર્ટના રેકર્ડ પર રજૂ કરાયું નથી. કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ ચાકોને જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, હેનરી જેમ્સ ચાકો વ્યવસાયે ધારાશાત્રી અને આરટીઆઈ એક્ટિવિસ્ટ તથા અખિલ ભારતીય અપરાધ એવમ ભ્રષ્ટાચાર નિવારણ પરિષદના કચ્છ વિભાગનો સેક્રેટરી છે અને કચ્છના માજી કલેક્ટર પ્રદીપ શર્મા સામે જથ્થાબંધ બજાર જમીન કૌભાંડના બહુચર્ચિત કેસમાં ફરિયાદી પણ છે. ■



**રાજકોટમાં રેલનગરમાં ચાલુ બસે ડ્રાઈવરને હાર્ટએટેક આવ્યો**
રાજકોટમાં રેલનગરમાં ચાલુ બસે ડ્રાઈવરને હાર્ટ એટેક આવતાં અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. ડ્રાઈવરને એટેક આવતાં બસ પરથી કાબૂ ગુમાવી દેતાં બસની અડફેટે આવેલા રિક્ષા અને એક્ટિવા સહિતનાં વાહનોને નુકસાન પહોંચ્યું હતું. અકસ્માત થતાં જ લોકોનાં ટોળે ટોળાં ઊમટી પડ્યાં હતાં. (તસવીર પ્રવીણ સેદાણી રાજકોટ)

# નખત્રાણા તાલુકાના મંજલમાં ઘરના આંગણામાં ગાંજાનું વાવેતર કરનારો શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં માદક પદાર્થોનું સેવન અને વેચાણ છેલ્લા એક દાયકામાં ચિંતાજનક રીતે વધ્યું છે. ત્યારે નખત્રાણાના મંજલ ગામે પોતાના ઘરના આંગણામાં માદક પદાર્થ ગાંજાનું વાવેતર કરતા શખ્સને પશ્ચિમ કચ્છના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે રૂા.૭,૮૮૦ની કિંમતનો ૭૮૮ ગ્રામ ગાંજો અને તેના બે છોડ સાથે પકડી લઈ નખત્રાણા પોલીસ મથકે ગુનો નોંધાવી કાયદેસર કાર્યવાહી કરી હતી.



એસઓજીના એ.એસ.આઈ. નરેન્દ્રસિંહ ઝાલાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, સંયુક્ત રીતે મળેલી બાતમીના આધારે મંજલમાં સાંકડી શેરીમાં અબ્દુલ કરીમ ઉર્ફે અકરમ જુસબ ખલિફાના રહેણાક મકાનમાં દરોડો પાડી વાવણી કરેલા ગાંજાના બે છોડ, ૩ સુકાયેલા છોડ અને થડ સહિત કુલ રૂા.૭,૮૮૦ની કિંમતના ૭૮૮ ગ્રામ ગાંજા સાથે આરોપી અબ્દુલકરીમ ઉર્ફે અકરમની અટક કરી મોબાઈલ અને રોકડા સહિત કુલ રૂા. ૮,૬૭૦નો મુદ્દામાલ જપ્ત કરી નખત્રાણા પોલીસમથકે ગુનો નોંધાવી કાયદેસર કાર્યવાહી કરી હતી.

પકડાયેલા આરોપીને કોર્ટમાં રજૂ કરતાં તેના ૬-૧૨ સુધીના રિમાન્ડ મંજૂર થયા હોવાનું એસઓજીના પોલીસ ઇન્સ્પેક્ટર વી.વી. ભોલાએ જણાવ્યું હતું. ■

# ભાવનગર જિલ્લા જેલના કાચા કામના કેદીએ ગુપ્ત ભાગે સંતાડેલો મોબાઈલ ફોન ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લા જેલમાંથી એક કેદીએ પોતાના ગુપ્ત ભાગે સંતાડેલ મોબાઈલ ફોન મળી આવતાં ચકચાર મચી જવા પામી હતી. જેલમાં ચેકિંગ દરમિયાન ચાર્જિંગ મળી આવ્યા બાદ એક કેદીનું મૅડિકલ ચેકઅપ કરાતા એક્સરેમાં ગુદાના ભાગે મોબાઈલ હોવાનું જણાતાં કેદીને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ અંગે પોલીસે કેદી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જેલમાં મોબાઇલમાં વાત કરવા માટે એક કેદીએ વિચિત્ર અને અનોખી તરકીબથી મોબાઈલ ફોન પોતાના ગુપ્ત ભાગે સંતાડી દીધો હતો, પરંતુ જેલના સ્ટાફે પૂરી શંકા જતાં મોબાઈલ ઝડપી લીધો હતો.

ભાવનગર જિલ્લા જેલમાં જેલના ઇન્ચાર્જ જેલર વિષ્ણુજી વાઘેલા તથા ચેકિંગ ટીમે તપાસ કરતાં બેરેક નંબર ૫ પાસે મોબાઇલનું ચાર્જર મળી આવતાં ચેકિંગ ટીમે જેલના કેદીઓની તપાસ કરી હતી, પરંતુ મોબાઇલ મળી આવ્યો ન હતો.

જેલમાં મોબાઇલ હોવાની ચોક્કસ શંકા જતાં જેલમાં મેડિકલ ઑફિસરને બોલાવી શંકાસ્પદ જણાતા કાચા કામના કેદી તરીકે બેરેક નંબર પાંચમાં સજા ભોગવતા રવિ નટુભાઈ બારૈયા નામના કેદીનું મૅડિકલ ચેકઅપ કરાવાતાં તેના એક્સરે ફોટામાં ગુદાના ભાગે મોબાઈલનો ફોટો સામે આવતા તેને હૉસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો અને કેદી પાસેથી મોબાઇલ કબજે કરવામાં આવ્યો હતો. હાલ કાચા કામના કેદીને હૉસ્પિટલના પ્રિઝનલ વૉર્ડમાં દાખલ કરવામાં આવ્યો છે.

આ બનાવ અંગે ભાવનગર જિલ્લા જેલના ઇન્ચાર્જ જેલર વિષ્ણુજી વાઘેલાએ કેદી રવિ બારૈયા વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■

# ભાવનગરમાં ડિવાઈડર સાથે બાઈક અથડાતાં યુવાનનું ઘટનાસ્થળે મોત નીપજ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગરના નારી પાસે એક બાઈક ડિવાઈડર સાથે અથડાતાં બાઈકચાલક યુવાનનું ગંભીર ઈજા થતાં ઘટનાસ્થળે મોત થયું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર ભાવનગરના નારી પાસે દસનાળા નજીક વહેલી સવારે નિલેષ ઘનશ્યામભાઈ હરિયાણી પોતાનું બાઈક લઈને ધોળકાથી લગ્નપ્રસંગ પતાવી ભાવનગર આવી રહ્યા હતા. તે વેળાએ બાઈક ધડાકાભેર રોડ સાઈડના ડિવાઈડર સાથે અથડાતાં ગંભીર ઈજા પહોંચતાં તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. જ્યારે તેની પાછળ બેઠેલા તેના મિત્ર વિવેકને ઈજા પહોંચી હતી. આ બનાવની જાણ વરતેજ પોલીસને થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. ■

# ભાવનગર જિલ્લા પંચાયતની સાધારણ સભામાં વિપક્ષના સભ્યોએ સવાલોથી શાસક પક્ષને ઘેર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)


(તસવીર વિપુલ હિરાણી, ભાવનગર)

ભાવનગરઃ ભાવનગર જિલ્લા પંચાયતની સાધારણ સભા ગુરુવારે પ્રમુખ રૈયાબેન મિયાણીના અધ્યક્ષસ્થાને ભાવનગર ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી ડી.એમ.સોલંકીની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં ભાજપ અને કૉંગ્રેસના ચૂંટાયેલા ૪૦ સદસ્યો પૈકી ફક્ત ૨૫ સદસ્યો સભામાં હાજર રહ્યા હતા. જ્યારે ૧૫ જેટલા સદસ્યો ગેરહાજર રહેતાં સભ્યોની પાંખી હાજરી જોવા મળી હતી. આ સભામાં રજૂ થયેલ એજન્ડા મુજબ આ અગાઉ મળેલી સામાન્ય સભાની બેઠકોને બહાલી આપવા બાબત તેમ જ આ સભામાં પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન સત્તાધારી ભાજપ અને વિપક્ષ કૉંગ્રેસના સદસ્યો વચ્ચે ભારે તુતુ મેમે અને દેકારા પડકારા જોવા મળ્યા હતા. વિપક્ષના સભ્યોએ પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો. વિપક્ષના સભ્યોએ એવી પણ રજૂઆત કરી હતી કે અમોએ પૂછેલા પ્રશ્નોના જવાબ સભા શરૂ થયાની પાંચ મિનિટ પહેલા આપવામાં આવે છે જે વાજબી નથી જેથી જવાબનો અમે અભ્યાસ કરી શક્તા નથી. હવે પછી ૪૮ કલાક પૂર્વે પ્રશ્નનો જવાબ આપવા કૉંગ્રેસના સભ્યોએ માગણી કરી હતી.

કૉંગ્રેસના સભ્યોએ રોષપૂર્વક એવી પણ રજૂઆતો કરી હતી કે આ સભા શોભાના ગાંઠિયાની જેમ નહીં ચાલે. અમારા સવાલોના જવાબો આપવા જ પડશે. આ સભામાં સભ્યોએ એવો પ્રશ્ન કર્યો કે આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા છેલ્લા ૬ મહિનામાં જેમ પોર્ટલ પર કેટલા બીડ કરવામાં આવ્યા છે? તેમ જ છેલ્લા જેમ પોર્ટલ પર કરેલ બીડના ટર્મ અને કન્ડિશન શું છે? સભ્ય પથુભાઇ ચૌહાણે ભાવનગર જિલ્લામાં કેટલાં પી.એચ.સી. અને સી.એસ.સી. સેન્ટરો આવેલાં છે? તેમ જ કેટલાં પી.એચ.સી. અને સી.એચ.સી. સેન્ટરોમાં મૅડિકલ ઑફિસરોની જગ્યા ખાલી છે. તે બાબતે સંબંધિત વિભાગના અધિકારીઓએ સભ્યને જવાબો આપ્યા હતા. તેમ જ સભ્ય મનુભાઈ કામળિયાએ ભાવનગર તાલુકાના બુધેલ-તગડી રોડ છેલ્લે ક્યારે બનાવવામાં આવ્યો હતો? તે બાબતે પ્રશ્ન કર્યો હતો. જ્યારે પેટા પ્રશ્નમાં સભ્યોએ સત્તાધારી ભાજપ પક્ષના સભ્યોને આડેહાથ લેતાં જણાવ્યું હતું કે, તૈયાર થયેલા રોડ લાંબો સમય સુધી ટકતા નથી અને તેમાં મોટે પાયે ભ્રષ્ટાચારો થાય છે. ઘણા કોન્ટ્રાક્ટરો દાદાગીરીપૂર્વક રોડનાં કામો લઈ લે છે તો આવી દાદાગીરીઓ પણ ચલાવી ન લેવાય તેમ સભ્યોએ જણાવ્યું હતું. જ્યારે સદસ્ય જનકભાઈ શિયાળે ૧૫મા નાણાપંચના વિકાસનાં કામો માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે અને કેટલી ગ્રાન્ટ વપરાયાં વગરની છે તે બાબતે સત્તાધારી પક્ષ અને વિપક્ષના સભ્ય વચ્ચે ભારે તુતુ મેમે થવા પામી હતી. છેલ્લે વિકાસનાં કામો માટે રેતી કંકરની ગ્રાન્ટનું આયોજન ક્યારે કરવામાં આવ્યું હતું તેનો સંબંધિત વિભાગના અધિકારીએ સભ્યોને જવાબ આપ્યા હતા. ■